# પ્રારંભિક શિક્ષણમાં ડિપ્લોમા
# (ડી.એલ.એડ.)

## અભ્યાસ- ૫૦૮
## પ્રાથમિક સ્તરે કળા, આરોગ્ય અને શારીરિક શિક્ષણ

### વિભાગ- ૩
### કાર્યશિક્ષણ

**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન**
એ- ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, સેક્ટર- ૬૨, નોઈડા
ગૌતમબુદ્ધ નગર, યુપી- ૨૦૧૩૦૯
વેબસાઈટ: www.nios.ac.in

# વિભાગ- ૩
# કાર્યશિક્ષણ

**વિભાગના એકમ**

**એકમ-૧૨ : કાર્યશિક્ષણની સંકલ્પના**

**એકમ-૧૩ : કાર્યશિક્ષણનો અમલ (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ)**

**એકમ-૧૪ : કાર્યશિક્ષણમાં કૌશલ્યનો વિકાસ (પ્રાયોગિક)**

**એકમ-૧૫ : કાર્યશિક્ષણ અને સમાજની ભૂમિકા**

**એકમ- ૧૬ : કાર્યશિક્ષણમાં મૂલ્યાંકન પ્રક્રિયા**

# વિષયવસ્તુ


| ક્રમ | યુનિટ | પેજ નં. |
|---|---|---|
| એકમ-૧૨ | : કાર્યશિક્ષણની સંકલ્પના | ૧ થી ૧૨ |
| એકમ-૧૩ | : કાર્યશિક્ષણનો અમલ(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ) | ૧૩ થી ૩૮ |
| એકમ-૧૪ | : કાર્યશિક્ષણમાં કૌશલ્યનો વિકાસ (પ્રાયોગિક) | ૩૯ થી ૪૯ |
| એકમ-૧૫ | : કાર્યશિક્ષણ અને સમાજની ભૂમિકા | ૫૦ થી ૫૮ |
| એકમ- ૧૬ | : કાર્યશિક્ષણમાં મૂલ્યાંકન પ્રક્રિયા | ૫૯ થી ૭૪ |

# પ્રકરણ-૧૨ કાર્યશિક્ષણની સંકલ્પના

**સંરચના**

૧૨.૦. પ્રસ્તાવના

૧૨.૧. અધ્યયન હેતુઓ

૧૨.૨. 'કાર્ય' નો અર્થ

  ૧૨.૨.૧ 'કાર્ય' અને શ્રમનું મહત્વ

  ૧૨.૨.૨ કાર્ય અને આજીવિકા

  ૧૨.૨.૩ કાર્ય, સુખ અને સંતોષ

૧૨.૩. શિક્ષણમાં કાર્ય

  ૧૨.૩.૧ કાર્ય-શિક્ષણની સંકલ્પના અને અર્થ

  ૧૨.૩.૨ કાર્ય-શિક્ષણનું મહત્વ

૧૨.૪. ઉપસંહાર

૧૨.૫. સંદર્ભસૂચિ

૧૨.૬. સ્વાધ્યાય

## ૧૨.૦ પ્રસ્તાવના

"લેખન-વાંચન જેવા શિક્ષણની ઉપાસનાની વાત મને ગમી નથી, મારા અનુભવે એ સારી રીતે સાબિત કરી દીધું છે કે લેખન-વાંચન કોઈ વ્યક્તિના વ્યક્તિત્વને તલભાર પણ વધારી શકતું નથી. કામ સાથે શિક્ષણને જોડવું ખૂબ જ મહત્વનું છે. મારો તો મત છે કે બાળકોને શ્રમના ગૌરવ વિશે શીખવવું જોઈએ... હું માનું છું કે મનનું સાચું શિક્ષણ તો હાથ, પગ, આંખ, કાન અને નાક જેવાં શરીરનાં વિવિધ અંગોનો યોગ્ય ઉપયોગ જ શક્ય બનાવે છે. બીજા શબ્દોમાં ઈન્દ્રિયોનો બૌદ્ધિક ઉપયોગ દ્વારા બાળકના બુદ્ધિ વિકાસ માટે શ્રેષ્ઠ અને ટૂંકો માર્ગ મળે છે."

- મહાત્મા ગાંધી.

સંભવતઃ તમે એ ઉક્તિ સાંભળી હશે કે "સૂર્યોદય થતાં જ આખું જગત સક્રિય બની જાય છે." જો કે આપણે ઉપરોક્ત કહેવતને આજે એવી રીતે કહીએ છીએ કે- "દિવસ હોય કે રાત, વિશ્વ આખું હંમેશાં સક્રિય રહે છે."

તમે આ 'સક્રિય' સંબંધી બંને ઉક્તિઓ દ્વારા શું સમજી શક્યા? નિઃશંકપણે તમારો અર્થ કેટલીક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવાનો હશે. એટલે કે કાર્ય કરવાનો હશે. જીવંત માણસો હોય કે પછી પ્રાણીઓ, ખાસ કરીને શારીરિક શ્રમ કે જે એક આવશ્યક અને મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિ છે તે કરે છે. રોજિંદા જીવનમાં તમે તમારા પર્યાવરણમાં અવલોકન કરો જ છો કે લોકો તેમની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે અને તેઓ વિવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત પણ રહેતા હોય છે.તો પછી 'કાર્ય' નો અર્થ શું છે? 'કાર્ય' જીવનનું એક અગત્યનું પાસું શા માટે છે? આવો, આપણે પ્રસ્તુત પ્રકરણમાંથી આ પ્રશ્નોના જવાબો જાણવાનો પ્રયત્ન કરીએ.

આ પ્રકરણમાં આપણે માનવજીવનના સંદર્ભમાં કામના અર્થ વિશે જાણીશું.શૈક્ષણિક સંકલ્પનાઓ સમજાવવા માટે નિત્યકાર્ય સંબંધિત પ્રવૃત્તિઓ કેવી રીતે મદદ કરે છે. આ પ્રકરણ કાર્ય અને શિક્ષણ વચ્ચેના સંબંધને દર્શાવે છે કે કેવી રીતે કાર્ય શિક્ષણને વ્યાખ્યાયિત કરી શકે છે. આ પ્રકરણ કાર્ય-શિક્ષણનાં ઉદ્દેશો, મહત્ત્વ અને વિવિધ ક્ષેત્રોને સ્પષ્ટ કરે છે,

## ૧૨.૧. અધ્યયન હેતુઓ

આ પ્રકરણ દ્વારા તમે નીચેની બાબતોમાં સક્ષમ બનશો-

- શૈક્ષણિક સંદર્ભમાં કાર્યની સંકલ્પના વિશે સમજણ વિકસાવવા બાબતે.
- શ્રમના સન્માન સાથે પરિચિત થવું.
- કામ અને આજીવિકા, સુખ અને સંતોષ વચ્ચેના પરસ્પર સંબંધને વ્યાખ્યાયીત કરવા બાબતે.
- કાર્ય-શિક્ષણની જરૂરિયાત, અર્થ અને મહત્ત્વની ઓળખ કરવામાં.
- કાર્ય-શિક્ષણના તાત્વિક, સામાજિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ વિશેની સમજણનો વિકાસ.
- કાર્ય શિક્ષણનો વર્તમાન સ્વરૂપ અને તે સાથે જોડાયેલી માન્યતાઓ પ્રત્યે આલોચનાત્મક દૃષ્ટિકોણ વિકસિત કરવામાં.

## ૧૨.૨. 'કાર્ય' નો અર્થ

તમે સવારથી સાંજ સુધી અને ક્યારેક ક્યારેક તો રાત્રે પણ વિવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતા હશો.

કેટલીક પ્રવૃત્તિઓમાં તમને એ જોવા મળશે કે તમારું મગજ વિવિધ ઈન્દ્રિયો દ્વારા સક્રિય હોય છે અને ક્યારેક તમારા અંગો પણ વધુ સક્રિય હોય છે.

જ્યારે તમારું મગજ વધુ સક્રિય હશે, ત્યારે તમે તેને માનસિક કાર્ય તરીકે અને જ્યારે તમારા અંગો વધુ સક્રિય હશે ત્યારે તમે તેને શારીરિક કાર્ય તરીકે ગણો છો. આ બંને પ્રકારનાં કાર્યો તમારા જીવનનો એક અભિન્ન ભાગ છે. કારણ કે જીવનની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે શારીરિક



નોંધ

અને માનસિક-આરોગ્ય બંને માટે કાર્ય કરવું જરૂરી છે. કદાચ તમે પ્રશ્ન કરી શકો છો, કે શું મન અને શરીરનાં અંગો અલગથી કામ કરે છે? તમે જાતે વિશ્લેષણ કરો કે જ્યારે તમે બહાર બગીચામાં નીંદણ કરો છો ત્યારે માત્ર તમારા અંગો જ સક્રિય હોય છે કે સાથે-સાથે તમારું મન પણ સક્રિય હોય છે? તમારો જવાબ એ હશે કે તમારું મગજ સૂચવે છે તેમ બન્ને સક્રિય હોય છે, જોકે હાથ વધુ સક્રિય હોય છે. નિઃશંકપણે તમને જવાબ મળ્યો કે શારીરિક અને માનસિક કાર્ય અલગથી જોઈ શકાય છે. શારીરિક કાર્યમાં, અંગનું કામ વધુ હોય છે જ્યારે મનનો શ્રમ માનસિક કાર્યમાં હોય છે. આમ, સમાજિક મૂલ્યો બંને સાથે સંકળાયેલા હોય છે.

સામાન્ય રીતે, કાર્ય એ એવી પ્રવૃત્તિ માનવામાં આવે છે, કે જેમાં વધુ શારીરિક શ્રમની જરૂર હોય છે. પોતાના માટે અથવા સમાજ માટે કોઈ પણ પ્રકારના ઉત્પાદનની દિશામાં કરવામાં આવતો શારીરિક શ્રમ 'કાર્ય' તરીકે ગણવામાં આવે છે. શ્રમ સંબંધિત આપણી કેટલીક પ્રવૃત્તિઓ આપણી જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા સાથે સંબંધિત છે, જ્યારે અન્ય, આપણાં શારીરિક અને માનસિક આરોગ્ય સાથે સંબંધિત છે, કેટલીક પ્રવૃત્તિઓ આપણાં સામાજિક અને આર્થિક જીવન માટે હોય છે કાં તો વહીવટ અને સંસ્થા સાથે સંબંધિત હોય છે અને છેલ્લે એવું કહી શકાય કે બધાનો સંબંધ આખરે તો માનવ કલ્યાણ સાથેનો જ હોય છે. આમ, કામનો અર્થ એ છે કે તે સ્વ, સમાજ અને અન્ય લોકો પ્રત્યેની આપણી જવાબદારીઓને શારીરિક શ્રમ અને જે તે સંબંધિત પ્રવૃત્તિઓ દ્વારા પૂર્ણ કરે છે.

## ૧૨.૨.૧ 'કાર્ય' અને શ્રમનું મહત્ત્વ

શું તમે જાણો છો કે તમામ મોટી શોધો કેવી રીતે થઈ હશે? કદાચ તમારામાંના કેટલાક એવું કહેશે કે તમામ મોટી શોધો, માનસિક ચિંતનનું પરિણામ છે. જો તમે ધ્યાનથી જોશો તો માનસિક ચિંતન કરતાં તે શોધના વિકાસની પ્રક્રિયા શારીરિક શ્રમ સંબંધિત વધુ જોવા મળશે. કોસ/ડુલ્લેના (Dulley) સિદ્ધાંતની શોધ કરનાર વ્યક્તિએ ચોક્કસ કૂવામાંથી પાણી ખેંચ્યું હશે અથવા વજન ઉઠાવ્યું હશે. એ જ રીતે, ઉચ્ચાલનના સિદ્ધાંતો પણ શારીરિક શ્રમના જ પરિણામો હોવા જોઈએ, કે જેમાં તેણે ભારેખમ વજન ઉપડવામાં અથવા અન્ય કોઈ પણ પ્રશિક્ષણમાં પોતાના જીવનનો ઘણો સમય પસાર કર્યો હોય. હેન્ડ પમ્પની શોધ પણ અનુભવી શ્રમનું જ ઉત્પાદન છે. શારીરિક શ્રમના મહત્ત્વને પ્રોત્સાહન આપવા માટેનો આ એક દૃષ્ટિકોણ છે. શ્રમના બીજા દૃષ્ટિકોણને સમજવા માટે,તમે તમારી દિનચર્યાની સમીક્ષા કરો અને તમારી જાતને કેટલાક પ્રશ્નો પૂછો, જેવા કે-

- તમે જે ઘરમાં રહો છો તેના બાંધકામમાં કોનો શ્રમ સામેલ છે? તે ઘરમાં વપરાયેલી ઈંટ બનાવવા, સિમેન્ટ અને તેના ભારને ખેંચવામાં, દીવાલ બનાવવામાં,છત બનાવવા અને ચૂનો કરવા માટે કોણે કાર્ય કર્યું હશે?
- શાકભાજી/અનાજ ઉગાડીને આપણા સુધી પહોંચાડવા, આપણા ખોરાકની જરૂરિયાત પૂરી પાડવા માટે કોનો શ્રમ સામેલ છે?
- ઘર આંગણથી લઈને જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા માટે કોણ કાર્ય કરે છે?

વ્યક્તિનું પારિવારિક, સામાજિક કે પછી વ્યાવહારિક જીવનનાં તમામ પાસાઓ શારીરિક શ્રમની શ્રેણીમાંથી બાકાત નથી રહેતાં. તમે જાતે જ જોતા હશો કે આપણા રોજિંદા જીવનની ઘણી પળો એવી હોય છે કે,આપણે તેને શારીરિક શ્રમથી અલગ નથી કરી શકતા. આમ, માણસનું જીવન

શારીરિક શ્રમ પર આધારિત છે. જે લોકો શારીરિક શ્રમ સાથે સીધા જોડાયેલા નથી તેઓ પોતાનું જીવન પણ શારીરિક શ્રમ વિના તો નથી જીવી શકતા. તેમનો નિવાસ, તેમના ખોરાકની ગોઠવણ, તેમનાં કપડાં, જે વસ્તુઓ તેઓ વાપરે છે તે, તે જે રસ્તાઓ ઉપર ચાલે છે તે વગેરે પણ કોઈના શારીરિક શ્રમનું જ પરિણામ છે. તેનો અર્થ એ છે કે કામ અને માનવ જીવનને બે અલગ અલગ વસ્તુ તરીકે જોવામાં નથી આવતી. માનવ જીવન માટે શારીરિક શ્રમ ખૂબજ મહત્ત્વપૂર્ણ છે. કેટલાક લોકો માટે તે એક આજીવિકાનું સાધન છે તો અન્ય લોકો માટે તે શારીરિક અને માનસિક આરોગ્યનું માધ્યમ છે.

## ૧૨.૨.૨ કાર્ય અને આજીવિકા

કાર્ય અને આજીવિકાનો નિકટનો સંબંધ છે. આ સંબંધ સમજ્યા પહેલાં 'આજીવિકા' ને વ્યાખ્યાયિત કરવી જરૂરી છે. તમે આજીવિકાને કેવી રીતે વ્યાખ્યાયિત કરો છો? એક લુહાર દિવસભરની સખત મહેનત પછી પાવડા બનાવે છે અને પૈસા મેળવવા માટે તેને વેચે છે (પરંપરાગત રીતે, તે પૈસાને બદલે અનાજ અને અન્ય ઉપયોગી ચીજો મેળવતો હતો) એક ખેડૂત અથાગ પ્રયાસ કરી અનાજ ઉગાડે છે અને તેમાંથી કેટલોક ભાગ તેના પરિવાર માટે રાખી બાકીના ભાગને વેચી દે છે. કલા કારીગરી કરનાર વાંસમાંથી સુંદર અને ઉપયોગી વસ્તુઓ બનાવે છે અને તેમની જરૂરિયાતોની પૂર્તિ માટે તેને વેચે છે. રીક્ષાચાલક પ્રવાસી મુસાફરોને ઉનાળો, શિયાળો કે વરસાદની ઋતુમાં પણ તેમનાં જે તે સ્થળો પર લઈ જાય છે અને તેના બદલામાં પૈસા મેળવે છે. જેથી તે પોતાની જરૂરિયાતો અને ભોજનની વ્યવસ્થા કરી શકે છે. આ બધાં ઉદાહરણો શું સૂચવે છે? હા, તમને તે યોગ્ય લાગ્યું હશે. કમાવવાના ઉદ્દેશથી શ્રમકાર્યમાં જોડાવું તે આજીવિકાનો સમાનાર્થી છે.

ભારતમાં મોટાભાગની વસતી કારીગરોની છે, જેમણે પોતાની જરૂરિયાત માટે શારીરિક શ્રમને અપનાવ્યો છે. ધનની અપેક્ષા સાથે કરવામાં આવતો શ્રમ આજીવિકા સાથે સંકળાયેલો છે. આ શ્રમ માત્ર નાણાકીય મૂલ્ય જ નહીં પરંતુ સામાજિક મૂલ્ય પણ ધરાવે છે. આ હકીકત સમજાવવા માટે શું તમે કોઈ ઉદાહરણ આપી શકશો? ધારો કે તમે એક સુથારી કામ કરો છો. એક બાજુ આ મજૂરી દ્વારા તમારી નાણાકીય જરૂરિયાતોને પૂરી કરવા માટે તમને પૈસા મળે છે, જે શ્રમનું નાણાકીય મૂલ્ય છે, બીજી બાજુ તમારા શ્રમ દ્વારા સમાજના અન્ય લોકોની જરૂરિયાતો પણ પૂર્ણ થાય છે. દાત.- દરવાજા, ફર્નિચર, લાકડાનો સામાન, વેલણ, વાસણો વગેરે. આ તમારા શ્રમનું સામાજિક મૂલ્ય છે. આનું તાત્પર્ય એ છે કે તમે માત્ર તમારી પોતાની જવાબદારીઓ જ પૂરી નથી કરી રહ્યા, પરંતુ તમે તમારી સમાજ પ્રત્યેની જવાબદારી પણ નિભાવો છો અને સામાજિક જીવનમાં પણ ફાળો આપો છો. શ્રમ દ્વારા સમાજ માટે કરવામાં આવતું ઉત્પાદન માનવજીવનને સમૃદ્ધ બનાવે છે. અહીં એક બાબત મહત્ત્વપૂર્ણ છે કે ગૃહકાર્યો જેવાં કે રસોઈ બનાવવી, સ્વચ્છતા રાખવી, વાસણો માંજવાં, કપડાં ધોવાં વગેરેમાં પણ શ્રમ થાય છે. આ બધા માટે સીધી રીતે તો કોઇ મૂલ્ય નહીં મળે, પરંતુ તે પરિવારના સભ્યોને સુવિધાઓ પૂરી પાડે છે અને તેમાંથી તેઓ તેમની આજીવિકા કમાવવા માટેની ઊર્જા મેળવે છે.

નોંધ

## ૧૨.૨.૩ કાર્ય, સુખ અને સંતોષ

તમે આપણા દેશની સામાજિક તેમજ આર્થિક સ્થિતિને સારી રીતે ઓળખો છો. દેશના મોટા ભાગના લોકો તેમની આજીવિકા કમાવવા માટે શ્રમ સાથે જોડાયેલા છે. શું તેઓ માત્ર પૈસા માટે જ કાર્ય કરે છે કે તેમાંથી તેમને કોઈ પ્રકારની સુખની અનુભૂતિ થાય છે. કુંભાર માટીનાં વાસણો બનાવે છે. તે તેના પર વિવિધ પ્રકારની ડિઝાઈન બનાવે છે. શું તે માત્ર પૈસા મેળવવાની ગણતરીએ જ કાર્ય કરે છે. બની શકે કે તે તેમાંથી આનંદ પણ મેળવતો હોય. પોતાના ખેતરમાં લહેરાતા પાકને જોઈ ખેડૂત તેના પાકની સારી કિંમત મેળવશે તેથી ખુશ છે કે પછી તે તેના શ્રમના પરિણામ પર ગર્વ અનુભવે છે અથવા તેના પાકની સંભાવનાથી ખુશ છે, કારણ કે તે અસંખ્ય લોકોની ભૂખ સંતોષે છે અને તે જ તેના શ્રમનું પરિણામ છે. આનો મતલબ એ થાય છે કે શારીરિક શ્રમ આનંદ અને સંતોષ સાથે સંબંધ ધરાવે છે. શારીરિક શ્રમ, રાજીપો, સંતોષ અને આનંદનાં નવાં-નવાં પરિદૃશ્યો ખોલે છે અને આ સંતોષ બધાં જીવજંતુ અને તમામ ઉંમરના લોકો સાથે સંકળાયેલ છે.

સૂર્યોદયની સાથે જ પક્ષીઓનું ખોરાક માટેનું ઉડ્ડયન, તેમના કોઈ પણ અનિચ્છનીય સ્થિતિમાં કૂતરાઓનું સાવધાનીપૂર્વક ભસીને ચેતવણી આપવી, કેટલાક પ્રાણીઓનું તેમના શિકાર માટે નીકળી જવું, વગેરે.. આ બધું તેમના સંતોષ માટે કરે છે. નાનાં બાળકો કે જેમના નાના-મોટા સ્નાયુઓ હજુ યોગ્ય રીતે વિકસિત પણ થયા નથી તેઓ નાની-મોટી વસ્તુઓ આમતેમ ફેંકીને આનંદ મેળવે છે.

તે જ રીતે શારીરિક નબળાઈ હોવા છતાં વૃદ્ધ લોકો ઘરમાં આવતા-જતા લોકો ઉપર નજર રાખે છે. બેઠાં-બેઠાં શાકભાજી વગેરે કાપી લે છે, શું તેઓ આ બધું જવાબદારીઓ નિભાવવા માટે જ કરે છે કે તેમાંથી કોઈ આનંદ મેળવે છે? આવા ઘણા બધા પ્રશ્નો તમારા મનમાં ઉદભવતા જ હશે. આ બધા પ્રશ્નોના ઉત્તરમાં તમને માત્ર એક જ જવાબ મળતો હશે કે શારીરિક શ્રમ ફક્ત રોજગારી મેળવવા કે જવાબદારીઓને પરિપૂર્ણ કરવા માટે જ નથી કરવામાં આવતો, પરંતુ તે આંતરિક સુખ અને સંતોષ માટે પણ કરવામાં આવે છે. તમે શ્રમ દાન જેવા અભિયાન વિશે પણ કદાચ સાંભળ્યું હશે. કેટલીકવાર તમે પણ કોઈપણ વ્યક્તિગત લાભો વિના કાર્ય કર્યું હશે. આ બધું એટલા માટે કરવામાં આવે છે, કે શારીરિક અને માનસિક આરોગ્ય માટે તે જરૂરી છે જે વળતરમાં આનંદ અને સંતોષ આપે છે. શ્રમ અને સંતોષ વિશે તમારી સમજણ વધારવા માટે, તમને ખાનગી સંસ્થા દ્વારા સંચાલિત શાળાનું ઉદાહરણ આપવામાં આવે છે.

> રાષ્ટ્રીય પાટનગર દિલ્હી ક્ષેત્ર (એનસીઆર) માં એક શાળા છે જે ખાનગી સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે, જેને લોકો જાહેર શાળા (public school) તરીકે ઓળખે છે. અહીં આવતાં મોટા ભાગનાં બાળકો સમૃદ્ધ પરિવારનાં હોય છે, જેમને તેમના દિવસ દરમિયાન શારીરિક શ્રમની તક જ મળતી નથી. આ શાળામાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓએ મજૂરની જેમ શાળા બહાર ઈંટો ઊંચકી-ઊંચકીને ઈંટોના એક ઢગલાને સાફ કર્યો. તેમના માતાપિતાઓને મનમાં ઘણી શંકાઓ જાગી કે અમારાં બાળકો પાસે આટલી બધી મજૂરી કરાવી છે તો ક્યાંક તેમનાં બાળકો બીમાર પડી જશે અથવા ચેપ લાગી જશે તો? પરંતુ બાળકોએ કહ્યું કે તેઓએ કરેલા ઈંટોના ભારને વહન કરવાના શ્રમથી શારીરિક અને માનસિક રીતે હળવાશ અનુભવે છે. તેઓ અન્ય દિવસોની તુલનામાં વધુ થાકેલા તો છે, પરંતુ તેઓએ એક પ્રકારનો સંતોષ પણ મેળવ્યો છે.



નોંધ



તમારો સમજણયુક્ત જવાબ હશે કે કામ, સુખ અને સંતોષ ખૂબ નજીકનો સંબંધ ધરાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. તમારા રોજિંદા જીવનમાંથી કોઈપણ પાંચ કાર્યોની એવી સૂચિ તૈયાર કરો કે જેમાં શારીરિક શ્રમ સામેલ હોય.

૨. શારીરિક શ્રમના મહત્વને સ્પષ્ટ કરવા માટે કોઈપણ બે મુદ્દા સૂચવો.

૩. સુખ અને સંતોષ સાથે કાર્ય કેવી રીતે જોડાયેલુ હોય છે? તેનું દષ્ટાંત સાથે વર્ણન કરો.

ખાલી જગ્યા પૂરો-

૧. શારીરિક શ્રમ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે .............છે.

૨. કાર્ય એટલે.........થી સંબંધિત બધી પ્રવૃત્તિઓ, કે જે વ્યક્તિગત અને સામાજિક જવાબદારીઓને પૂર્ણ કરે છે.

૩. ..........ના અનુભવો વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે.

## ૧૨.૩. શિક્ષણમાં કાર્ય (કાર્ય અને શિક્ષણ)

આપણે આપણી શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવું પડશે. દિમાંગને હાથ દ્વારા શિક્ષિત કરવું પડશે. "જો હું કવિ હોત તો પાંચેય આંગળીઓની બધી જ શક્યતાઓ પર કવિતા લખી શક્યો હોત. તમે એવું કેમ વિચારો છો કે મગજ જ બધું કરે છે અને અંગો કંઈ જ નહીં? જે લોકો તેમના હાથને તાલીમ આપતા નથી અને સામાન્ય શિક્ષણ મેળવે છે, તેમના જીવનમાં સંગીત નથી હોતું. તેમના શરીરના દરેક અંગને તાલીમ આપવામાં આવતી નથી. ફક્ત પુસ્તકિયું જ્ઞાન બાળકોની અંદર એટલી જિજ્ઞાસા નથી જગાવી શકતું કે તેમનું સંપૂર્ણ ધ્યાન તેના ઉપર કેન્દ્રિત થઈ શકે. તે જિજ્ઞાસા પણ પેદા નહીં કરી શકે કે નહીં તેના પર સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરી શકે. ફક્ત શબ્દ-શિક્ષણ દ્વારા બાળકના મગજને થાક લાગશે અને તે ભટકવા લાગશે."

**-મહાત્મા ગાંધી**

**(તાલીમાર્થી શિક્ષકો સાથે મહાત્મા ગાંધીની વાતચીત, હરિજન, ૧૮ ફેબ્રુઆરી૧૯૩૯.)**

તમે ગાંધીજીનું ઉપરોક્ત નિવેદન વાંચ્યું. તમને આશ્ચર્ય થશે કે ગાંધીજી શું સૂચન કરવાનો પ્રયાસ કરી રહયા છે? તેઓ હસ્તકાર્યને શિક્ષણના ફરજિયાત ભાગ તરીકે જોવા માંગે છે. ઘણા સામાજિક વિજ્ઞાનીઓ અને શિક્ષણવિદો દ્વારા કાર્ય આધારિત શિક્ષણની ભલામણો કરવામાં આવી છે. પશ્ચિમી દેશોમાં તો ઘણા કાર્ય આધારિત શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા. વાસ્તવમાં જીવનની જુદી જુદી સ્થિતિમાં ઉત્પાદક કાર્ય એ માણસનો સૌથી મહાન શિક્ષક છે, જે જ્ઞાનમાં વધારો તો કરે જ છે, સાથે સાથે વ્યક્તિની ક્ષમતાઓ અને મૂલ્યોનો વિકાસ પણ કરે છે. વિવિધ સંશોધન દ્વારા એ શોધી કાઢવામાં આવ્યું છે કે જે વિદ્યાર્થીઓ આધુનિક શિક્ષણ પ્રણાલીમાં કામ સાથે સંબંધ નથી રાખતા; તેમાંના મોટાભાગના વિદ્યાર્થીઓ શાળા શિક્ષણ પૂર્ણ કર્યા પછી વાસ્તવિક જીવનમાં નિષ્ફળ જાય છે. એટલું જ નહીં પણ તેઓ પુસ્તકિયું જ્ઞાન મેળવવામાં પણ અસમર્થ બની જતા હોય છે. સંશોધન બતાવે છે કે કામ સંબંધિત શૈક્ષણિક અનુભવ બાળકોના વિકાસમાં વધુ અસરકારક અને અધરો હોય છે, જેના થકી તે એક બિનસાંપ્રદાયિક અને લોકશાહી સમાજકાર્યનું સર્જન કરી

શકે છે. કાર્ય તો ભારતીય સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં વિવિધ સ્વરૂપે હાજર જ છે. શિક્ષણ સાથે જોડાઈને તેને અર્થપૂર્ણ બનાવે છે. સાથેસાથે તે સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભો ધરાવતા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરે છે. શિક્ષણની વાસ્તવિક અને આદર્શ જવાબદારી વિદ્યાર્થીઓને જીવનના પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરે છે. આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે, હસ્તકલા અને અન્ય કાર્યોથી સંબંધિત કૌશલ્યને મહત્ત્વ આપવું જોઈએ. જે જીવન સંબંધિત જરૂરી આવડત છે. શિક્ષણ દ્વારા એવી ક્ષમતાઓ વિકસાવવી જોઈએ કે જે બાળકોને જીવનની માંગ અને પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવે અને સકારાત્મક વિકાસના વ્યવહારોમાં મદદરૂપ થાય અને તે ત્યારે જ શક્ય છે કે જ્યારે વિદ્યાર્થીઓ પુસ્તકીય માહિતીની મર્યાદામાંથી બહાર નિકળી કામની દુનિયામાં પ્રવેશે.

કાર્ય સાથેનો સંબંધ બાળકોને તેમના સામાજિક અને કુદરતી વાતાવરણની નજીક લાવે છે, તેમને કુદરતી સંસાધનો સાથે પરિચય કરાવે છે અને તેમને ભાવિ વ્યાવસાયિક જીવન કાર્ય માટે તૈયાર કરે છે. કામના આધારે થયેલી સામાજિકીકરણની પ્રક્રિયા બાળકોને સામાજિક સંબંધો સાથે જોડે છે. કદાચ તમે તે બાબતો તરફ ધ્યાન કેન્દ્રિત કરશો તો ખબર પડશે કે જે બાળકો સુખી અને સમૃદ્ધ સમાજ સાથે જોડાયેલાં છે તેઓ કામની દુનિયાથી અજાણ છે. તેઓ અસંખ્ય જરૂરી સૂચનાઓનો ભંડાર અને જ્ઞાતા તો છે; પરંતુ તેમનું જ્ઞાન, કૌશલ્ય તેમજ સામાજિક સમજ વિવિધ રીતે કાર્ય કરનારાં બાળકોની તુલનામાં ઘણી ઓછી છે.

કાર્યને સંપૂર્ણ શૈક્ષણિક જીવનચર્યામાં સામેલ કરીએ તો, દરેક સ્થિતિમાં શક્ય છે કે બાળકોને-

- સમુદાય સંસાધનોનોનું અર્થપૂર્ણ જ્ઞાન હોય.
- ગુણવત્તાયુક્ત જીવન જીવવા માટેનો હુન્નર શીખી તેમને સક્ષમ બનાવે.
- સ્થાનિક અર્થતંત્રમાં ઉપલબ્ધ આજીવિકા સંબંધી નિરીક્ષણ કરવાના કૌશલ્યનો વિકાસ કરી શકે.
- કાર્ય સાથે તેમને ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરવાની તક મળી શકે.
- સખત પરિશ્રમ દ્વારા કરવામાં આવેલ કામનું ગૌરવ લઈ શકે.
- શાળાકીય દિનચર્યામાં સર્જનાત્મક ફેરફારોની નોંધ જોવા મળે.

જે શૈક્ષણિક સંસ્થાઓએ શ્રમની પ્રતિષ્ઠા સ્વીકારી નથી, તેઓ એવાં બાળકો તૈયાર કરે છે, કે જેઓ પોતાને પોતાના દેશના બૌદ્ધિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાથી અલગ થયેલા માનવા લાગે છે. કામ વગરની શૈક્ષણિક સ્થિતિ બાળકોને યોગ્ય માહિતી તો પૂરી પાડી શકે છે, પરંતુ તે સર્જનાત્મક અને જવાબદાર નાગરિક બનાવી શકતી નથી.

## ૧૨.૩.૧ કાર્ય-શિક્ષણની સંકલ્પના અને તેનો અર્થ

દરેક દેશમાં શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ એવા શૈક્ષણિક વિકાસ માટેનો હોય છે, કે જે પ્રતિભા અને કુશળતા વિકસાવવા માટેની તકો પૂરી પાડે છે અને જીવન દરમિયાન તે જરૂરી પણ છે. શારીરિક શ્રમને શિક્ષણ સાથે સંકળાયેલું રાખવું જોઈએ, એટલેકે કાર્ય-શિક્ષણને શિક્ષણનું એક અવિભાજ્ય અંગ બનાવવાનું નક્કી કરવું જરૂરી છે. કાર્ય-શિક્ષણને હેતુપૂર્ણ અને અર્થપૂર્ણ શારીરિક શ્રમ ગણવામાં

નોંધ

## કાર્યશિક્ષણની સંકલ્પના

આવે છે, જેને શૈક્ષણિક પ્રક્રિયાના આંતરિક ભાગ તરીકે માનવામાં આવે છે. તેને અર્થપૂર્ણ સામગ્રીના ઉત્પાદક અને સમુદાયની સેવા તરીકે માનવામાં આવે છે, જેના વડે બાળકો સંતોષ અને આનંદનો અનુભવ કરે છે. કાર્ય-શિક્ષણ શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી કે- જ્ઞાન, સમજણ, વ્યવહાર કુશળતા વગેરે ઉપર ભાર મૂકે છે. કાર્ય શિક્ષણની સંકલ્પના નીચેના પરિબળો દ્વારા વધુ સારી રીતે સમજી શકાશે.

**કાર્ય-શિક્ષણ-**

- તે હાથ અને મગજમાં સંકલન સ્થાપિત કરે છે.
- સામાજિક રીતે ઉપયોગી થાય તેવો શારીરિક શ્રમ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સ્વાભાવિક છે.
- તે શીખવાની પ્રક્રિયાઓમાં એક જરૂરી અને મહત્ત્વપૂર્ણ પરિબળ છે.
- તે સમુદાય માટેની ઉપયોગી સેવાઓ અને ઉત્પાદક કાર્ય સ્વરૂપે દેખાય છે.
- બહુસ્તરીય શિક્ષણ પ્રણાલીમાં તે શિક્ષણનાં તમામ પાસાંઓ સાથે આવશ્યક પરિબળ તરીકે સંકળાયેલ હોય છે.
- તે 'કરતાં-કરતાં શીખો'ના સિદ્ધાંત પર આધારિત છે.

**કાર્ય-શિક્ષણ અંતર્ગત પ્રવૃત્તિઓ-**

- સમસ્યાનું નિરાકરણ, નિર્ણાયક વિચાર અને નિર્ણય લેવા જેવી કુશળતાઓ વિકસિત કરે છે.
- બધા વિષયો શીખવતા શિક્ષકોની ભાગીદારીને આમંત્રણ આપે છે.
- વિદ્યાર્થીઓની જરૂરિયાતો, રુચિઓ અને ક્ષમતાઓ પર આધારિત હોય છે.
- શિક્ષણના જુદા જુદા તબક્કા અનુસાર વિદ્યાર્થીઓની ક્ષમતાઓનો વિકાસ કરે છે.
- વ્યક્તિત્વ વિકાસમાં મદદ કરે છે.
- વ્યાવસાયિક તત્પરતા અને ઉત્પાદનની કાર્યક્ષમતામાં વૃદ્ધિ અને વિકાસ કરે છે.
- જુદી-જુદી યુક્તિઓ, ઉપકરણો, પદ્ધતિઓ, સામગ્રી અને પદાર્થો સાથે ક્રિયા-પ્રતિક્રિયા આપવાની તક પૂરી પાડે છે.
- સમુદાયનીસેવાઓ સંબંધિત જે તે પરિસ્થિતિઓનો અનુભવ કરવા તકો પૂરી પાડે છે.
- કામની દુનિયાથી પરિચય કરાવે છે.

**કાર્ય-શિક્ષણની સફળતા માટે જરૂરી પરિબળો-**

- મુક્ત વિચારસરણી.
- શ્રમ અને સકારાત્મક વલણનું સન્માન.
- સમુદાય અને શાળા વચ્ચે હકારાત્મક સંબંધ.
- સહકારની લાગણીઓ.
- કલ્પનાશીલ અને સર્જનાત્મક યોગ્યતા.

**રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં-**

*"સંસ્કૃતિની પુનઃજાગૃતિ માટે શિક્ષણને શારીરિક શ્રમથી અલગ કરી શકાતું નથી. દરેક વિદ્યાર્થીએ પોતાના ચોક્કસ સમુદાયના ક્ષેત્રમાંથી બહાર આવીને માનવજાતની સેવાના કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ. કાર્યને શિક્ષણના માધ્યમ તરીકે લેવું જોઈએ, કારણ કે અનુભવો આપણા મગજની બારીઓ હોય છે."*

ઉપરોક્ત વર્ણનના આધારે તમે કદાચ કાર્ય-શિક્ષણની સંકલ્પના અને અર્થ જાણી શક્યા હશો. ટૂંકમાં કહીએ તો કાર્ય-શિક્ષણ એ હેતુપૂર્ણ, શારીરિક શ્રમ સાથેની અર્થપૂર્ણ પ્રવૃત્તિ છે. શાળા અભ્યાસક્રમના બધા તબક્કાઓમાં સંગઠિત અને વ્યવસ્થિત રીતે સામેલ હોય છે અને તે ઉત્પાદન અથવા સામાજિક સેવાના સ્વરૂપે જોઈ શકાય છે.

## ૧૨.૩.૨ કાર્ય-શિક્ષણનું મહત્ત્વ-

બ્રિટિશ શાસનથી મુક્તિ મેળવ્યા પહેલાંની વાત છે. ઈ.સ. ૧૯૦૬માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે દેશનાં બાળકો માટે રાષ્ટ્રીય શિક્ષણની જરૂરિયાતની સમસ્યા બતાવી. આ સમસ્યાનો ઉકેલ રાષ્ટ્રીય કલ્યાણને રક્ષણ આપી રાષ્ટ્રીય ઉદ્દેશોને પ્રાપ્ત કરવાની શિક્ષણ નીતિમાં હતો; જેને અનુસરી સમાજની જરૂરિયાતોને સંપૂર્ણ રીતે વિચાર્યા પછી પૂર્ણ કરવા માટે તૈયાર હોય. સાથેસાથે જેના દ્વારા સાહિત્ય, વિજ્ઞાન, કલા અને ટેકનિક દ્વારા વિકાસની શક્યતાઓ હોય. એવી શૈક્ષણિક પદ્ધતિની પૂર્વધારણા કરવામાં આવી હતી, જેના દ્વારા વિખરાયેલા સમાજને જોડી શકાય. વિખરાયેલા સામાજિક મૂલ્યોને વિકાસની માળામાં ફરીથી પરોવી શકાય અને જે કાર્ય અને શિક્ષણ વચ્ચેના તફાવતને ભરી શકે છે.

આ હેતુને પરિપૂર્ણ કરવા માટે કાર્ય-શિક્ષણને એક મોટી જરૂરિયાત તરીકે જોવામાં આવ્યું. કાર્ય-શિક્ષણના મહત્વને નીચેના પરિપ્રેક્ષ્યમાં સમજી શકાય છે.

૧. તે શરીરનીમૂળભૂત જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા નિયમિત ટેવો અને હકારાત્મક વલણ વિકસાવે છે.

૨. પોતાની આસપાસના પર્યાવરણમાં જાગૃતિ લાવવા અને સંવેદનશીલતા વધારવા તથા માનવતા અને પર્યાવરણના આંતરિક સંબંધની સમજણ વિકસાવે છે.

૩. શારીરિક કાર્ય અને શ્રમના મહત્ત્વના સંદર્ભમાં ગૌરવની સમજણ અને લાગણીનો વિકાસ કરે છે.

૪. તે સામાજિક ઇચ્છનીય મૂલ્યો વિકસાવવામાં મદદ કરે છે.

   નિયમિતતા, સમયપાલન, સ્વચ્છતા, સ્વ-નિયંત્રણ, સખતાઈ, કૃતજ્ઞતા, સેવાની લાગણીઓ, જવાબદારીની લાગણીઓ, શ્રમ, સમાન સંવેદનશીલતા, ભાઈચારાની ભાવના- આ બધા ગુણોનો વિકાસ માત્ર પુસ્તકો વાંચીને કે ઉપદેશો સાંભળીને નથી થતો પણ તે તો સમય-સમયે વિદ્યાર્થીઓ એકબીજા સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, ત્યારે એની મેળે તેમનામાં સામાજિક અને ઇચ્છનીય મૂલ્યો/ ગુણો ખીલે છે.

નોંધ

૫. કાર્ય-શિક્ષણ દ્વારા પોષણ, ખોરાક, ચેપી રોગો અને સ્વચ્છતા સંબંધિત નિયમો વિશે માહિતી પૂરી પાડે છે. કાર્ય-શિક્ષણ દ્વારા સામુદાયિક સ્વચ્છતા ટકાવી રાખવા તેઓ સજાગ રહે છે અને જાળવણીમાં જાગૃત બને છે.

૬. આત્મ-અભિવ્યક્તિ અને સર્જનાત્મકતાના ગુણોનું પાલન કરવું. દરેક બાળક પાસે કુદરતી નિશાની તરીકે સર્જનાત્મકતા અને કલાત્મક અભિવ્યક્તિની શક્યતા હોય છે. કાર્ય-શિક્ષણ વ્યક્તિગત ધોરણે સ્વ અભિવ્યક્તિ માટેની અને ત્યારબાદ કલાત્મક પ્રવૃત્તિઓના આયોજનની તક પૂરી પાડે છે.

૭. સાંસ્કૃતિક વારસો સ્થાનિક અને રાષ્ટ્રીય પ્રશંસા કરવાની ક્ષમતાનું તથા સંરક્ષણની ભાવનાનું પાલન કરે છે.

૮. તે નેતૃત્વ અને નેતૃત્વ કૌશલ્યની ભાવનાઓને જાગૃત કરવામાં મદદ કરે છે. કેટલાંક બાળકો કુદરતી રીતે અંતર્મુખી હોય છે અને પહેલ કરવામાં અચકાય છે. કાર્ય-શિક્ષણ એવા અનુભવો પૂરા પાડે છે જેનાથી સરળ પ્રવૃત્તિઓ દ્વારા તેમનામાં નેતૃત્વ કૌશલ્ય વિકસાવી શકાય અને પોષી શકાય.

૯. જરૂરી જીવન કૌશલ્યોનો વિકાસ- શિક્ષણની વાસ્તવિક અને આદર્શ જવાબદારીએ છે, કે તે જીવનના પડકારોનો સામનો કરવા બાળકોને તૈયાર કરે. કાર્ય- શિક્ષણ બાળકોમાં જરૂરી જીવન કૌશલ્યો વિકસાવવામાં મદદ કરે છે. જેમકે- સમસ્યાનું નિરાકરણ કરવું, નિર્ણય લેવા, સર્જનાત્મક અને નિર્ણાયક વિચારસરણી વિકસાવવી, સહાનુભૂતિ દાખવતાં શીખવું, અસરકારક પ્રત્યાયન કરતાં શીખવું તેમજ રોજિંદી જીવનશૈલીની માંગ અને પડકારોનો સામનો કરવો.

૧૦. કાર્ય જગત સાથે શિક્ષણની સ્થાપના કરવી- કાર્ય-શિક્ષણ વિવિધ કામની પરિસ્થિતિઓને જાણવાની અને તેમાં ભાગ લેવાની તક પૂરી પાડે છે. તે કામદારોના રોજિંદા કામને જાણવાની પ્રેરણા પૂરી પાડે છે.

૧૧. શાળા અને સમુદાય વચ્ચેનો સંબંધ - સંપૂર્ણ શાળા કાર્યક્રમમાં કાર્ય-શિક્ષણ કદાચ એક એવો વિષય છે જે શાળાને અસરકારક રીતે સમાજની નજીક લાવે છે. કાર્ય-શિક્ષણ સમુદાયની સાંસ્કૃતિક અને સામાજિક પૃષ્ઠભૂમિનું દરેક સ્થિતિમાં ધ્યાન રાખે છે.તે તેમની પ્રતિભા અને કલાને પ્રદર્શિત કરવા માટે કારીગરોને આમંત્રિત કરે છે.

## ૧૨.૪. ઉપસંહાર

જે બાળકો કોઈપણ પ્રકારની સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતાં હોય, તેમનાં શિક્ષણમાં કામનું શિક્ષણશાસ્ત્રીય મહત્ત્વ હોય છે. જે શિક્ષણ વ્યવસ્થામાં કાર્ય અને જ્ઞાન અલગ-અલગ માર્ગ અપનાવવાનો પ્રયાસ કરે છે, તે શિક્ષણ વ્યવસ્થાનું સમાજ સાથે ક્યારેય જોડાણ ના થઈ શકે અને ઉપરથી તે સમાજ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે મોટી ખાઈ બનતી જાય છે. સંભવતઃ આજ એક મુખ્ય પરિબળ છે કે જે કાર્ય અને શિક્ષણ વચ્ચેના જોડાણના અભાવને કારણે બાળકોમાં જીવનની મહત્ત્વના કૌશલ્યોથી વંચિત કરી દે છે. શાળા અભ્યાસક્રમમાં શારીરિક શ્રમ અને ઉત્પાદક કામને મહત્ત્વ આપવાનો અર્થ છે શિક્ષણને અર્થપૂર્ણ, તાર્કિક અને જીવન માટે ઉપયોગી બનાવવું. શૈક્ષણિક મહત્ત્વ ફક્ત વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓ સાથે જોડાયેલા ઉત્પાદન સંબંધિત કાર્યોમાં તેમજ વિદ્યાર્થીઓને શીખવાની પ્રક્રિયામાં વ્યસ્ત રાખવાનું જ નથી, પણ સાથેસાથે જ્ઞાન પ્રાપ્તિ અને જીવન કૌશલ્યોનું કુદરતી રીતે વિકાસ કરવાનું પણ છે. શિક્ષણ અને કાર્યના જોડાણની સાથેસાથે કાર્ય-શિક્ષણમાં જ્ઞાન, જીવનકૌશલ્ય અને મૂલ્યોના લક્ષ્ય વિશે પણ તમે જાણ્યું. કાર્ય-શિક્ષણને મનોવૈજ્ઞાનિક અને સામાજિક આધાર હોય છે. તે વિદ્યાર્થીઓને આનંદ આપે છે. માત્ર પુસ્તકિયું જ્ઞાન બાળકોને શિક્ષણ પ્રત્યે નિરુત્સાહી બનાવે છે, જ્યારે 'કરતાં-કરતાં શીખો' વાળું શિક્ષણ બાળકોને વધારે ગમે છે, તે તેમનામાં ઉત્સાહ, ઉમંગ અને જીવન્તતા જન્માવે છે.

કાર્ય-શિક્ષણના ઉદ્દેશો બાળકોને પોતાની, તેમના કુટુંબ અને સમાજની જરૂરિયાતો જાણવા ઉત્સાહિત કરે છે. શિક્ષણનો એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે, વિદ્યાર્થીઓમાં શ્રમ પ્રત્યે સન્માનની ભાવનાઓ વિકાસ કરવો.

## ૧૨.૫. સંદર્ભસૂચિ

1. Gandhi M.K. (1953) Towards New Education, Navjeevan Publishing House, Ahmedabad.
2. Indian Government (1986) National Policy on Education (1986) and programmes for taking steps 1986, Ministry of Human Resource Development, New Delhi.
3. Gujrat New Education Association (2000-2002), New Education Association, Gujrat Vidyapeeth, Ahmedabad.
4. National Council of Educational Research and Technology, New Delhi (1979) National Curriculum Frame Work for Ten years, New Delhi.

## ૧૨.૬. સ્વાધ્યાય

નીચેના પ્રશ્નોના જવાબ આપો:

૧. બાળકોમાં સામાજિક રીતે ઈચ્છનીય ગુણોના વિકાસ માટે શિક્ષણના પ્રાથમિક તબક્કે તમે કયા વિષયોની ભલામણ કરશો? કારણ આપો.

૨. કાર્ય-શિક્ષણ સંદર્ભે શ્રમનો અર્થ શું છે? કાર્ય સંબંધી અને હસ્તકલા સાથે સંબંધિત પ્રવૃત્તિઓની શિક્ષણમાં શી ઉપયોગિતા છે?

૩. રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા-૨૦૦૫ કાર્ય-શિક્ષણને કેવી રીતે રજૂ કરે છે? શાળા શિક્ષણ માટે તે કેમ મહત્ત્વપૂર્ણ ગણાય છે?

૪. જ્ઞાન,સમજ અને કૌશલ્યના વિકાસ બાબતે કાર્ય શિક્ષણના હેતુઓ સમજાવો.

૫. કાર્ય-શિક્ષણને શાળા શિક્ષણના રસ અને જરૂરી પરિબળ તરીકે સ્વીકારવા બાબતે તેનાં સામાજિક અને મનોવૈજ્ઞાનિક ધોરણોની ઉદાહરણ સાથે સમજૂતી આપો.

૬. વર્તમાન શિક્ષણ પ્રણાલી અપેક્ષિત સ્થળ અને સમય પૂરો પાડવામાં અસમર્થ કેમ છે?

૭. કાર્ય-શિક્ષણ સંબંધિત માતા-પિતા અને વિદ્યાર્થીઓમાં કયા પ્રકારની ખોટી માન્યતાઓ છે? તેને નાબૂદ કરવા માટે તમે કયા પ્રયત્નો કરશો?



નોંધ

# પ્રકરણ-૧૩ કાર્યશિક્ષણનો અમલ (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ)

**સંરચના**


૧૩.૦ પ્રસ્તાવના

૧૩.૧ અધ્યયન હેતુઓ

૧૩.૨ કાર્ય-શિક્ષણનો અભ્યાસક્રમ

૧૩.૨.૧ સામગ્રી, સાધનો અને તકનીકોનો ઉપયોગ

૧૩.૨.૨ કાર્ય અભ્યાસ -Practice

૧૩.૩ વિદ્યાર્થીઓનું જૂથ બનાવવાં

૧૩.૩.૧ સમયની ફાળવણી

૧૩.૩.૨ સ્થળની ફાળવણી

૧૩.૪. વિવિધ વર્ગો માટેનાં કાર્ય-શિક્ષણનાં સત્રોનું આયોજન.

૧૩.૪.૧ મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ કરવા માટેની સંબંધિત પ્રવૃત્તિઓ.

૧૩.૪.૨ પર્યાવરણના સુશોભનને લગતી પ્રવૃત્તિઓ

૧૩.૪.૩ સામાજિક સેવા સંબંધિત પ્રવૃત્તિઓ

૧૩.૪.૪ સાંસ્કૃતિક વારસો, અને રાષ્ટ્રીય એકતા સંબંધિત પ્રવૃત્તિઓ

૧૩.૪.૫ પર્યાવરણ જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ

૧૩.૫ પ્રાથમિક વર્ગોના કાર્ય-શિક્ષણ માટે સામગ્રીની પસંદગી અને સંકલન

૧૩.૬ સામગ્રી અને સાધનોનો સંગ્રહ અને સંચાલન.

૧૩.૭ અભ્યાસક્રમના વિવિધ વિષયોનું સંકલન અને અનુભવ મેળવવા માટેની પદ્ધતિઓ

૧૩.૭.૧ ભાષા

૧૩.૭.૨ ગણિત

૧૩.૭.૩ પર્યાવરણ શિક્ષણ, સામાજિક વિજ્ઞાન અને ઈતિહાસ

નોંધ


૧૩.૮ કાર્ય-શિક્ષણ સંબંધિત અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિઓની પદ્ધતિઓ

૧૩.૮.૧ અવલોકન/ નિરીક્ષણ પદ્ધતિ

૧૩.૮.૨ પ્રદર્શન પદ્ધતિ

૧૩.૮.૩ પ્રાયોગિક પદ્ધતિ

૧૩.૮.૪ યોજના/પ્રોજેક્ટ પદ્ધતિ

૧૩.૮.૫ પ્રવાસ પદ્ધતિ

૧૩.૯ ઉપસંહાર

૧૩.૧૦ સંદર્ભસૂચિ

૧૩.૧૧ સ્વાધ્યાય


## ૧૩.૦ પ્રસ્તાવના

અગાઉના પાઠમાં કાર્યશિક્ષણની સંકલ્પના અને તેની પ્રકૃતિ વિશે તેમજ 'કાર્ય' નો અર્થ એવી પ્રવૃત્તિ સાથે છે કે જેમાં શ્રમનો સમાવેશ થાય છે તે વિશે તમે જાણ્યું. શિક્ષણમાં શારીરિક શ્રમ ખૂબ જ મહત્વનો છે, એવું ઔપચારિક શિક્ષણ/શાળા શરૂ થયા પહેલાંનું સ્થાપિત કરવામાં આવ્યું છે. પ્રાચીન ભારતમાં જ્યારે વિદ્યાર્થીઓ તેમના ગુરુઓ સાથે આશ્રમમાં રહેતા હતા, ત્યારે તેઓ જીવન જીવવા માટે અને શીખવા માટે શ્રમથી ભરપૂર તમામ પ્રકારનાં કામ કરતા હતા. કાર્ય અને શિક્ષણમાં કોઈ જ પ્રકારનો વિરોધાભાસ નહોતો. ઔપચારિક શાળા શિક્ષણની શરૂઆત, પ્રવૃત્તિ આધારિત શિક્ષણથી થઈ હતી, આ શિક્ષણ ધીરે-ધીરે પુસ્તકિયા જ્ઞાન તરફ આગળ વધતું ગયું. ૧૮૫૪માં વુડ ડિસ્પેચ/Wood Dispatch પણ તેની ગેરહાજરી તરફ નિર્દેશ કરે છે. ૧૯૩૭માં વુડ અને ડાબોટે/ Wood and Dabot વ્યક્તિત્વના સુમેળભર્યા વિકાસ માટે શારીરિક શ્રમ પર ભાર મૂક્યો હતો.

પાછળના પાઠમાં તમે શિક્ષણમાં કામનું શિક્ષણશાસ્ત્રીય મહત્ત્વ તેમજ વર્તમાનમાં કાર્ય-શિક્ષણનો અભ્યાસક્રમ શું છે? એ હકીકતો વિશે પણ જાણ્યું. આ પાઠમાં આપણે કાર્ય-શિક્ષણના અમલ કરનારા તત્ત્વોની જાણકારી મેળવીશું. કાર્ય-શિક્ષણનો અભ્યાસક્રમ કેવો હશે, તેને ભણાવવા માટે કેવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવશે, વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓ માટે કેવી રીતે જૂથબદ્ધ થશે એ બધા મુદ્દાઓ હવે પછીના પાઠમાં સ્પષ્ટ કરવામાં આવશે.

## ૧૩.૧ અધ્યયન હેતુઓ

આ પાઠના ઉદ્દેશો નીચે મુજબ છે.

૧. કાર્ય-શિક્ષણના અભ્યાસક્રમને અને તે કેવી રીતે અન્ય વિષયો સાથે સહ-સંબંધિત હોઈ શકે છે તે સમજવા.

૨. કાર્ય-શિક્ષણ માટે સંસ્થા/ શાળા માટે જરૂરી સાધનો અને સામગ્રીના મહત્ત્વ સાથે પરિચિત કરવા.

૩. કાર્ય-શિક્ષણના અભ્યાસ/પ્રાયોગિક માટે વિદ્યાર્થીઓના જૂથની પ્રક્રિયા રજૂ કરવા.

૪. વિવિધ ક્ષેત્રો સંબંધિત પ્રવૃત્તિઓ પસંદ કરવા માટેની ક્ષમતા વિકસાવવા.

૫. કાર્ય-શિક્ષણ દરમિયાન તૈયાર કરેલી સામગ્રીના ભંડારની જાળવણીની જરૂરિયાત અને પદ્ધતિઓ વિશે સમજણ વિકસાવવા.

૬. અન્ય વિષયો સાથેના સંકલન અને સમજણ મેળવવા માટેની સ્પર્ધા કરવા.

## ૧૩.૨ કાર્ય-શિક્ષણનો અભ્યાસક્રમ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬એ સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્ય (SUPW) નોખ્યાલ સ્વીકારી તેને હેતુપૂર્ણ, અર્થપૂર્ણ અને શારીરિક કાર્ય તરીકે ગણ્યો. જેને શિક્ષણના દરેક સ્તરે મહત્ત્વપૂર્ણ પરિબળ માની સુગ્રથિત અને વ્યવસ્થિત કાર્યક્રમ બનાવી આપવો જોઈએ. આ માટે મુખ્યત્વે છ ક્ષેત્રો સૂચવવામાં આવ્યાં હતાં, જેમાં ઉત્પાદક શારીરિક શ્રમ અપનાવવો જોઈએ: આરોગ્ય અને આરોગ્ય વિજ્ઞાન; ખોરાક અને પોષણ; રહેઠાણ;કપડાં; સાંસ્કૃતિક અને મનોરંજન અને સામાજિક કાર્ય અને સમાજ સેવાઓ.

કાર્ય-શિક્ષણના અભ્યાસક્રમ વિશે વિચાર કરતાં પહેલાં કાર્ય-શિક્ષણના ઉદ્દેશ્યો ધ્યાનમાં લેવા જોઈએ. તે સ્પષ્ટ છે કે કાર્ય-શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જરૂરી જીવન કુશળતા વિકસાવવામાં આવી છે, તેથી, કાર્ય-શિક્ષણ માટેના અભ્યાસક્રમનો આધાર દૈનિક જીવન સાથે સંકળાયલો હોવો જોઈએ. વિષય દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ મુખ્યત્વે છ ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવે છે.

આરોગ્ય અને આરોગ્ય વિજ્ઞાન; ખોરાક અને પોષણ; રહેઠાણ; પહેરવેશ; સંસ્કૃતિ અને મનોરંજન, તથા સામાજિક કાર્ય અને સામાજિક સેવા. આ છ ક્ષેત્ર જ વ્યક્તિગત જીવનનાં જરૂરી પરિબળો છે, તેથી કાર્ય-શિક્ષણનો અભ્યાસક્રમ પણ જે તે પર્યાવરણથી અલગ હોઈ શકે જ નહી.

પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક સ્તરે અભ્યાસક્રમનાં મુખ્ય ત્રણ પરિબળો હશે: પર્યાવરણ અભ્યાસ અને તેનો ઉપયોગ; સામગ્રી, સાધનો અને પદ્ધતિઓ દ્વારા પ્રયોગો તથા ત્રીજું ઘટક એ અભ્યાસ છે અને આ ત્રણેય પરિબળો બાળકો અને તેમના પરિવારોની દૈનિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કરવામાં આવેલી આસપાસની ક્રિયાઓમાંથી જ પસંદ કરવામાં આવશે. ઉત્પાદક કામ અને આસપાસની સ્થિતિ સાથે સંબંધિત હોય તે સેવાઓ માટે કાર્ય-શિક્ષણનો અભ્યાસક્રમ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. માત્ર એક વખત કરી લેવાથી એ નક્કી ન કરી શકીએ કે બાળકોએ તેને સંપૂર્ણ રીતે સમજી લીધું છે અથવા તેઓ તેમાં નિપૂણ થઈ ગયાં છે. કાર્ય અનુભવની પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ્સની વાસ્તવિક પસંદગી ચોક્કસ સમાજમાંથી ઉપલબ્ધ જે તે સમાજની કુદરતી, ભૌતિક, માનવ સંસાધનો તથા સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિ આધારિત હોવી જોઈએ. પ્રવૃત્તિઓ અને યોજનાઓની પસંદગીમાં વિવિધતા હોવી જોઈએ. પર્યાવરણ સંબંધિત પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે:

નોંધ

## કાર્યશિક્ષણનો અમલ (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ)

૧. તમારા ઘરેથી શાળાએ આવતાં-જતાં રસ્તામાં આવતાં ઘર, વૃક્ષો, થાંભલાઓ, દુકાનો, વાહનો વગેરે જેવી તમામ વસ્તુઓનું અવલોકન કરવું. આ બધાં આપણને સંવેદનશીલ અને સહજ પણ બનાવે છે.

૨. પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે વડીલોને નીચેના કામોમાં મદદ કરવી, જેવી કે; પાસ-પડોશ વિસ્તારમાંથી પ્લાસ્ટિકની થેલીઓ અથવા અન્ય કચરો ઉઠાવવામાં, સ્થિર પાણીનો યોગ્ય નિકાલ કરવામાં/ગટર કામમાં, વધારાનું ઘાસ કાઢવામાં, રખડતાં રઝળતાં પ્રાણીઓ સંબંધિત જે તે સંસ્થાને જાણ કરવામાં વગેરે.

૩. ઘર તથા આસપાસના વિસ્તારમાં કામ અને ઉત્પાદક પ્રવૃત્તિઓનું અવલોકન કરવું. જેમ કે-

રસોઈ બનાવવામાં આવે ત્યારે, (તેમાં માતાને મદદ કરવી) દરજીની દુકાન, કુંભાર માટીમાંથી વાસણો બનાવે છે ત્યારે, કલર કામ, પેઈન્ટિંગ, સામાનની હેરફેરનું કામ અને હજામનું કામ વગેરે.

૪. પોતાનાં પગરખાંને પૉલિશ કરવી, રિબિન, મોજાં, રૂમાલ અને અંતરવસ્ત્રોને ધોવાં, પોતાના દફતરની સફાઈ અને બટનો ટાંકવાં વગેરે.

૫. શાળામાં અથવા ઘરે નિયમિતપણે છોડવાઓને પાણી પાવું, નીંદણ કરવું અને અન્ય જરૂરી પ્રવૃત્તિઓ કરવી.

૬. ખેતરો, બગીચાઓ અને વાવેતરોનું અવલોકન કરવું, કામનું નિરીક્ષણ કરવું અને પ્રશ્નો પૂછીને પોતાની જિજ્ઞાસા સંતોષવી.

૭. પાસ-પડોશમાં ઊગતાં વૃક્ષોનાં નામો અને તેની ઉપયોગિતા જાણવી અને તેની કાળજી લેવા માટે હંમેશાં તૈયાર રહેવું.

૮. પોસ્ટ ઑફિસ, બસ સ્ટેશન, હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પશુ દવાખાના વગેરેમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનું અવલોકન કરવું.

૯. સાંસ્કૃતિક અને ધાર્મિક તહેવારો, ઘટનાઓ અને કાર્યક્રમોનું અવલોકન કરવું અને (જો જરૂરી હોય તો) તેમાં સહભાગી બનવું.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. કાર્ય-શિક્ષણની પ્રવૃત્તિઓ પસંદ કરતી વખતે તમે કયાં છ ક્ષેત્રોને આધારભૂત ગણશો?

.....................................................................

.....................................................................

.....................................................................

૨. નીચેના સાચાં વિધાનો હોય તેની સામે ખરાનું ( ) ચિહ્ન મૂકો:

- આસપાસના દૃશ્યોનું હેતુપૂર્વકનું નિરીક્ષણ સંવેદનશીલતા વધારે છે. ( )
- શાળા શિક્ષણના પ્રાથમિક સ્તરે બાળકોને બાગકામ સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ થવું ન જોઈએ. ( )

- સાંસ્કૃતિક અને ધાર્મિક તહેવારોના પ્રસંગોમાં બાળકોની ભાગીદારી કાર્ય-શિક્ષણની દષ્ટિએ જરૂરી છે.( )
- તમારાં પોતાનાં પગરખાંને પૉલીસ કરવી અને તમારી સ્કૂલની બેગ સાફ કરવી વગેરે કાર્ય-શિક્ષણમાં સમાવવા જોઈએ નહીં. ( )

## ૧૩.૨.૧ સામગ્રી, સાધનો અને ટેકનિકનો ઉપયોગ

માણસના રોજિંદા જીવનમાં અથવા ખૂબ જ મોટા ઉદ્યોગોમાં સાધન-સામગ્રી, સાધનો અને ટેકનિકો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કાર્ય-શિક્ષણનો અભ્યાસક્રમ બાળકોને રોજિંદા જીવનનાં કાર્યો પૂર્ણ કરવા માટે કામમાં આવતી સાધન-સામગ્રી, સાધનો અને ટેકનિકોથી પરિચિત કરાવે છે અને તેમને અનુભવ કરવાની તક પૂરી પાડે છે, જેથી બાળકોમાં ઓછામાં ઓછી પ્રાથમિક સ્તરે કુશળતા વિકસિત થઈ શકે. નીચે કેટલીક આવી પ્રવૃત્તિઓની યાદી આપેલી છે-

૧. રમત-ગમતની વિવિધ સામગ્રી સાથે પરિચય.

૨. માટી, જૂના કાગળો, જૂનાં સમાચારપત્રો, વાંસ, પાંદડાં, કંપાસ, જૂનાં કપડાંના ટૂકડા અને તેની સાથે રમવું અને તેમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવવી.

૩. રસોડામાં અને ઘરગથ્થું કામમાં આવતી સામગ્રીના વપરાશને જાણવો અને તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો.

૪. કપડાં સાફ કરવા અને ધોવા માટે વપરાતી સામગ્રીનો પરિચય-જેવી કે બ્રશ, મશીન, બાલદી, સાબુ અને ડિટરજન્ટ પાવડર વગેરેનો ક્ષમતા પ્રમાણે ઉપયોગ કરતા શીખવું.

૫. ફૂલોનું સુશોભન કરવું, ફૂલોની માળા બનાવવી અને પુષ્પગુચ્છ બનાવવાં.

૬. કલાત્મક વસ્તુઓ (આર્ટિફેક્ટ્સ) ઓળખવી અને ચિત્ર સંબંધિત વસ્તુઓ અને સાધનોનો ઉપયોગ કરવા સમર્થ બનવું.

## ૧૩.૨.૨ કાર્ય અભ્યાસ- Practice

કામનો અનુભવ એટલે જાતે કામ કરીને અનુભવ મેળવવો અને શીખવું. આવા સંજોગોમાં બાળકને માત્ર વિગતવાર માહિતી મેળવવાની તક જ નહીં, પણ જ્યાં તે ઘણું શીખી શકે છે; ત્યાં તે કામ કરી શીખવાની મજા માણશે, તેની શંકાઓનો ઉકેલ મેળવી શકશે, તેની જિજ્ઞાસાને સંતોષી શકશે અને ઘર, કુટુંબીજનો, શાળા અને સમુદાયના કામની વિવિધ પરિસ્થિતિઓ વિશે માહિતી મેળવી શકશે.

કામના અનુભવ માટે આપવામાં આવેલી પ્રવૃત્તિઓ એવી હોવી જોઈએ કે તેઓ બાળકોમાં આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા જેવા ગુણો વિકસાવી શકે, તેમને સમાજના રચનાત્મક કાર્યક્રમોમાં આનંદપૂર્વક ભાગ લેવાની ઈચ્છા થાય તથા તેમને સ્વચ્છ પર્યાવરણ અને સુશોભન કાર્યક્રમો સાથે જોડવોનો મોકો મળવો જોઈએ. તેઓ કામ અને કામદારો પ્રત્યે પ્રતિષ્ઠિત અભિગમ અપનાવવા સક્ષમ બની શકે.

નોંધ

## કાર્યશિક્ષણનો અમલ (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ)

કામની પરિસ્થિતિઓ વિશેની માહિતી તેમના આસપાસના પર્યાવરણના અને ઉત્પાદક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાના અનુભવો; બાળકોમાં ઘટનાઓ તથા આસપાસના માહોલને જાણવા માટેની જિજ્ઞાસા વધારે છે.

**પ્રવૃત્તિ -૧**

કાગળ ઉપર વિવિધ નમૂનાઓ બનાવો-શાહી અને રંગો વડે ડિઝાઇન, દોરાની ડિઝાઇન તથા આરસ પેપર તૈયાર કરો.

- આમંત્રણ પત્રિકા, બુક માર્કર, વિવિધ દેશોના રાષ્ટ્રીય ધ્વજ, ઝંડાઓ, માળા, પરબીડિયાં બનાવવાં, કાગળની હોડી જેવા વિવિધ આકાર, દિવસ અને રાત વગેરે.
- માટીનાં રમકડાં બનાવવાં.
- પાંદડાં, શંખ, છીપલાં, ફૂલોનાં બીજ અને પીંછાં વગેરે ભેગાં કરો.
- ચા, કૉફી, લીંબુ-પાણી વગેરે જેવાં પીણાં બનાવવાં.
- પોતાનાં પુસ્તકોને પૂંઠાં ચઢાવવાં.
- રોજિંદા જીવનની ઘર વપરાશની વસ્તુઓ ખરીદવી.
- માતાપિતાને; પોતાના નાના ભાઈ-બહેનોની સંભાળ રાખવામાં અને તેમને અભ્યાસ કરાવવામાં મદદ કરવી.
- છોડની સંભાળ રાખવી.
- શાળામાં સ્વચ્છતા રાખવાનું કામ કરવું.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. કામના અનુભવ હેઠળ કરવામાં આવેલી પ્રવૃત્તિઓ માટે કોઈપણ બે આધાર લખો.

.................................................................

.................................................................

.................................................................

૨. પાંચમા ધોરણના વિદ્યાર્થીઓ માટે એવી કોઈપણ પાંચ પ્રવૃત્તિઓ સૂચવો કે જે તેમના દૈનિક જીવનમાં ઉપયોગી થઈ શકે.

.................................................................

.................................................................

.................................................................

નોંધ

## ૧૩.૩ વિદ્યાર્થીઓનું જૂથ બનાવવાં

તમે કદાચ જોયું હશે; કે વિદ્યાર્થીઓ જ્યારે તેમના વિચારો અને કલ્પનાને કોઈ આકાર આપે છે ત્યારે તેઓ આનંદ અનુભવે છે અને જ્યારે તેઓ સમૂહમાં કામ કરે છે ત્યારે-

- શિક્ષણ પ્રક્રિયા દ્વારા આનંદની લાગણીઓમાં સકારાત્મક ઉન્નતિ થાય છે.
- તેઓ સમૂહ-ભાવના વિક્સાવે છે.
- તેઓ એકબીજાને અધ્યયન-અધ્યાપનની કુશળતા બતાવે છે.
- સહકાર અને નેતૃત્વ જેવા ગુણો સ્વયંભૂ રીતે વિકાસ પામે છે.

કાર્ય-શિક્ષણમાં મોટાભાગની પ્રવૃત્તિઓના પ્રકાર એવા છે; કે જો તે જૂથમાં કરવામાં આવે તો સારાં પરિણામો આપે છે.

દૃષ્ટિકોણના નિર્માણથી સંબંધિત ગુણો, મૂલ્યો અને કુશળતા અને અન્ય સામાજિક મૂલ્યો: જેમ કે એકબીજા અને પર્યાવરણ તરફ સંવેદનશીલતા, પરસ્પરાવલંબનને સમજવું, કુદરત પ્રત્યેનો પ્રેમ, સહકાર, સૌંદર્ય માટેની પ્રશંસા, મજૂરની પ્રતિષ્ઠા, નિયમિતતા વગેરે કામ જૂથોમાં કરવાથી વધુ સારી રીતે વિકાસ પામે છે. જૂથોમાં કામ કરવાથી સામાન્ય સંસ્કૃતિનું વાતાવરણ પણ વિકાસ પામે છે. જો તમે વિદ્યાર્થીઓનાં વ્યવસ્થિત જૂથ બનાવશો તો ઉપર જણાવેલ સકારાત્મક પાસાંઓને ઉન્નત કરી કરી શકશો. વિદ્યાર્થીઓનાં જૂથ બનાવતી વખતે તમારે નીચેના મુદ્દાઓ તરફ ધ્યાન આપવું જોઈએ.

- શું તમે સમાન વર્ગનાં જુદાં-જુદાં જૂથો બનાવો છો કે બે કે ત્રણ વર્ગોને એકીકૃત કરીને જૂથો બનાવી રહ્યા છો?

કોઈ ચોક્કસ કાર્યક્રમના હેતુઓને ધ્યાનમાં રાખશો તો તમારે બે પરિસ્થિતિઓનો સામનો કરવો પડશે. કેટલીક પ્રવૃત્તિઓ માટે તમે વર્ગદીઠ જૂથો બનાવશો અને કેટલીક પ્રવૃત્તિઓ માટે મિશ્ર જૂથ બનાવશો. દા.ત. સવારે પ્રાર્થનાના સમૂહમાં તમામ વિદ્યાર્થીઓની ભાગીદારી હશે, બાળસભા.

બંને પરિસ્થિતિનું ધ્યાન રાખો.

- સહ-શિક્ષણમાં મિશ્ર જૂથ બનાવો.
- શારિરીક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ માટે અલગ જૂથ બનાવશો નહીં, પણ તેમને અન્ય બાળકો સાથે જોડો અને ખાતરી કરો કે તેમને ત્યાં કેટલી અર્થપૂર્ણ ભૂમિકા અને જવાબદારી સોપવામાં આવે છે?

એક જૂથમાં બધા બુદ્ધિશાળી અને ઝડપી શીખનારાઓને રાખશો નહીં. એટલે કે ધીમી ગતિથી શીખનારાઓ અને તેજસ્વી બાળકોના મિશ્ર જૂથ બનાવો. આવા જૂથો બનાવતી વખતે શરૂઆતમાં તમારી જવાબદારીઓમાં વધારો થઈ શકે છે. તમારે એ અવલોકન કરવું પડશે કે સતત તેજસ્વી/મોટાં બાળકો અને ઝડપી શીખનારાં બાળકો અન્ય બાળકોને દબાવે નહીં, સમાન સહભાગિતાની ખાતરી કરો, તેમને પણ નિર્ણયો લેવાની તક આપો, એમની વાત સાંભળો અને તેમનાં સૂચનો અને જરૂરિયાતો મુજબ તેનો અમલ કરાવવો. એનો અર્થ એ કે તે જૂથોમાં લોકશાહી પર્યાવરણ હોવું જોઈએ. આ માટે તેઓને શરૂઆતમાં વધુ સમય આપી શકાય છે.

નોંધ

- જૂથ રચનાની પ્રક્રિયાને કેટલાંક અન્ય પરિબળો પણ અસર કરશે.
  - જગ્યાની ઉપલબ્ધતા
  - સ્રોતો, સામગ્રી, સાધનો વગેરેની સગવડ
  - સમયની ઉપલબ્ધતા
  - દેખરેખ અને મૂલ્યાંકનની ગોઠવણ
  - વિદ્યાર્થીઓની સંખ્યા
  - પ્રવૃત્તિનું સ્વરૂપ અને તેના હેતુઓ
  - ઘણી વખત બાળકોનો રસ, પૂર્વ જ્ઞાન અને શીખનારાઓની શરૂઆતની પ્રવેશ વખતની વર્તણૂક ના આધારે પણ જૂથો રચાય છે.

શરૂઆતની પ્રવેશ વખતની વર્તણૂકનો આપણો અર્થ એ છે કે- કામ કરતાં પહેલાં તેમનું કામની પ્રકૃતિ સાથે જોડાયેલું અગાઉનું જ્ઞાન અને સમજ. ઘણાં બાળકો ઘરમાંજ એવું વાતાવરણ મેળવે છે જ્યાં તેઓ રસથી અથવા ફરજિયાત રીતે ઘણી ઉત્પાદક પ્રક્રિયાઓ સાથે સંકળાયેલા હોય છે અથવા તેઓને નિયમિત પ્રવૃત્તિઓમાં ચોક્કસ ભૂમિકા નિભાવવી પડતી હોય છે. તમારા વર્ગમાં કેટલાક વિદ્યાર્થીઓ એવા પણ હશે કે જેમને કદાચ ઘરગથ્થુ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની કોઈ તક ના મળતી હોય અને તેમના પોતાનાં વ્યક્તિગત કાર્યો તેમનાં માતા-પિતાની મદદથી જ કરવામાં આવતાં હોય. એકને આપેલા કાર્ય સાથે જોડાયેલું જ્ઞાન ટેકનિકલ સામગ્રીની આંશિક કે સંપૂર્ણ સમજણ હોઈ શકે છે અન બીજાને કોઈ અનુભવ હોતો નથી. આવા બંને પ્રકારનાં બાળકોના પ્રારંભિક વર્તનોમાં તફાવતો હશે. આવી સ્થિતિમાં તમારી જૂથ રચનાની પ્રક્રિયાનો આધાર શું હશે? શું તમે મિશ્રિત જૂથ બનાવશો કે અલગ જૂથની રચના કરશો? અલગ જૂથ રચના કરવાથી શું નુકસાન થઈ શકે? હળતાં-મળતાં/બહુવિધ શ્રેણી અને મિશ્ર ક્ષમતાઓવાળાં બાળકોનાં જૂથ બનાવવાથી તમારી જવાબદારી કયા સ્તર ઉપર કેટલી વધી જશે? એવું માનવામાં આવે છે કે તમે વિવિધ પાસાંઓ પર વિચારીને જ ચોક્કસ જૂથ બનાવશો. કોઈ ચોક્કસ પ્રવૃત્તિ માટે અથવા સત્રની શરૂઆતમાં રચાયેલાં જૂથ કાયમી રહે તે જરૂરી નથી. તમે જૂથ રચનામાં ફેરફારો લાવી શકો છો. આ ફેરફારો કરવા તમારી પાસે કેટલાક આધાર હોવા જોઈએ.દા.ત.-

- અગાઉના જૂથની પદ્ધતિ
- નવા સંજોગો
- પ્રવૃત્તિઓના સ્વરૂપમાં પરિવર્તન
- નવીનતા માટેનો પ્રયાસ

એમાં કોઈ શંકાને સ્થાન નથી કે તમે અગાઉથી રચાયેલા જૂથોમાં ફેરફારો લાવીને તમારી જવાબદારી વધારી રહ્યા છો પરંતુ તમે તમારી જાગરૂકતા અને પ્રામાણિકતાને પણ પ્રદર્શિત કરી રહ્યા છો.

નોંધ

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. કાર્ય-શિક્ષણ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે જૂથો બનાવવાં કેમ જરૂરી છે?

..........................................................................

..........................................................................

..........................................................................

૨. જૂથો બનાવતી વખતે કયાં મહત્ત્વનાં પરિબળોને ધ્યાનમાં રાખીને જૂથો બનાવવાં જોઈએ?

..........................................................................

..........................................................................

..........................................................................

૩. સમાન અનુભવો ધરાવતાં બાળકોનું એક જૂથ બનાવવું યોગ્ય છે કે નહીં? કારણ આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૧૩.૩.૧ સમયની ફાળવણી

પ્રકૃતિ, તેના હેતુઓ અને અપેક્ષિત પરિણામોના આધારે દરેક પ્રવૃત્તિ માટે સમય ફાળવવામાં છે. દરેક પ્રવૃત્તિના તમામ તબક્કાઓ શાળામાંજ કરવામાં આવે તે જરૂરી નથી. કેટલીક એવી પ્રવૃત્તિઓ પણ હોઈ શકે છે કે જેનો પ્રારંભ શિક્ષક દ્વારા નિદર્શનથી અને પછી બાળકોની અનુકૂળતા પ્રમાણે તેમના ઘરે અથવા સમુદાયમાં કરી શકે છે.

સમય સાથેના મહત્વના મુદ્દા એ છે કે- કઈ પ્રવૃત્તિ વર્ષ દરમિયાન કે સત્ર દરમિયાન કરવી તે છે. આ મુદ્દાઓ પ્રવૃત્તિની પ્રકૃતિ, શાળા અને સમુદાયની જરૂરિયાત પર આધાર રાખે છે.

કાર્ય-શિક્ષણના શિક્ષક હોવાને નાતે તમે પ્રોજેક્ટ/યોજના બનાવી શકો છો, જેમકે; આ મહિનો એટલે કે પ્રવેશ પ્રક્રિયા; તે દરમિયાન શાળામાં કઈ વધારાની પ્રવૃત્તિઓ છે? અને તેમાંથી કઈ પ્રવૃત્તિઓ કાર્ય-શિક્ષણ કાર્યક્રમોનો ભાગ બની શકે-

૧. નુક્કડ (ચોરા) બેઠકમાં માતા-પિતાને વ્યક્તિગત રીતે મળીને અથવા આમંત્રિત કરીને; પ્રવેશના નિયમો વિશેની માહિતી સહાય-યોગ્ય વસાહતોને આપી શકે છે.

૨. પ્રવેશ સમયે કેટલીક ખાસ ગોઠવણો કરવામાં આવે છેઃ દા.ત. શાળાના મુખ્ય દરવાજા પર જે તે કામની સૂચનાઓ આપવાની, વાલીઓને બેસવાની વ્યવસ્થા, પ્રવેશ ફોર્મ ભરવામાં નિરક્ષર વાલીઓને મદદ, બધા માટે પીવાના પાણીની વ્યવસ્થા વગેરે. આ પણ કાર્ય-શિક્ષણ કાર્યક્રમના ભાગની જ વાત છે તેવું સમજી શકાય.

૩. એપ્રિલ પછી, મે અને જૂન મહિનામાં ઉનાળુ વેકેશન હોય છે, તમે વિદ્યાર્થીઓ માટે ઋતુ પ્રમાણેનાં કાર્યો સોંપવા માટેની યોજના બનાવી શકો છો. ઋતુ પ્રમાણે વિદ્યાર્થીઓને ઘરેથી કરીને લાવવાની સંખ્યાબંધ પ્રવૃત્તિઓ આપી શકાય, જેમ કે બીજનો સંગ્રહ, વૃક્ષનાં પાંદડાંનો સંગ્રહ, કેરીના ગોટલામાંથી પીપૂડી બનાવવી, કેરીમાંથી પીણું બનાવવું, કેરીની વિવિધ જાતો જાણવી, કોઈપણ દસ દિવસ રોજનીશી લખવી, તૂટી-ફૂટી વસ્તુઓ ભેગી કરવી, વગેરે.

૪. ઉનાળાના વેકેશન પછી જુલાઈ મહિનામાં શાળા ફરીથી ખૂલશે. હવે તમારી પાસે જુલાઈની ઋતુ અનુસાર શાળા પ્રવૃત્તિઓ અને ઘણા કાર્યક્રમો હશે. તમે વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતા અનુસાર કોઈપણ કાર્યક્રમ પસંદ કરી શકો છો; જેવાં કે- નવા પ્રવેશકર્તાઓ માટે સ્વાગત કાર્યક્રમનું આયોજન (નવા આવનાર વિદ્યાર્થીઓ માટે અનૌપચારિક આવકાર)

૫. જુલાઈ મહિનામાં ખાસ કરીને વરસાદ પડે છે. તમે જગ્યાની અનુકૂળતાને આધારે કૃષિ સંબંધિત કાર્યો પણ કરાવી શકો છો. તમે વરસાદી ભેજથી બચાવવાના ઉપાયો વિશેની પ્રવૃત્તિઓ,કઠોળ, કપડાંની સલામતી વગેરે વિશે પણ વિચારી શકો છો.

આ મહિનાની ૧૧ જુલાઈએ 'વિશ્વ વસતી દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસના હેતુઓને ધ્યાનમાં રાખીને ઘણી પ્રવૃત્તિઓ ગોઠવી શકાય છે. ઉદાહરણ તરીકે-

૧. જાગરૂકતા રેલી, નાટક તેમજ મિટિંગનું આયોજન

૨. વસ્તી વિશેનાં સૂત્રો લખવાં

૬. ઓગસ્ટ મહિનો સ્થાનિક અને રાષ્ટ્રીય તહેવારોનો હોય છે. તહેવારો અનુસાર રાખડી, ધ્વજ બનાવવા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન વગેરે કરવામાં આવે છે.

## ૧૩.૩.૨ સ્થળની ફાળવણી

કાર્ય-શિક્ષણ સંબંધિત કાર્યક્રમોના સફળ સંચાલન માટે સ્થળની યોગ્યતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પ્રાથમિક સ્તરે બાળકો માટે શિક્ષણની પ્રવૃત્તિઓ સરળ અને સુખદ હોય છે. તે પર્યાવરણ શિક્ષણના સ્વરૂપમાં કામની પરિસ્થિતિઓ અને કાર્યની પ્રાથમિક પ્રવૃત્તિઓનું અવલોકન કાર્ય હોય છે. જો તમે આ હકીકત સમજતા હો તો સ્થાનની ફાળવણીમાં કોઈ મુશ્કેલી નહીં પડે. જો આપણે પર્યાવરણ શિક્ષણની પ્રવૃત્તિઓના અવલોકનને જ આપણા કાર્યક્રમમાં સામેલ કરીએ તો નિઃશંકપણે આપણું સ્થાન ફક્ત વર્ગખંડમાં ન રહેતાં, સ્થાનિક વિસ્તારનો ભાગ બની જશે. ઉદાહરણ તરીકે-

- સાર્વજનિક પાણીના નળ
- કુંભારની કામ કરવાની જગ્યા
- મોચીની કામ કરવાની જગ્યા
- શાકભાજી વિક્રેતાઓની દુકાન, ફેરિયા
- દરજીની દુકાન
- પોસ્ટ ઓફિસ, બેંક, કરિયાણાની દુકાન



નોંધ

- ખાદ્ય સુરક્ષા કેન્દ્ર
- સમુદાય કેન્દ્ર
- સ્થાનિક વિકાસ કેન્દ્ર
- પુખ્ત અને અનૌપચારિક શિક્ષણ કેન્દ્ર
- પાર્ક, ખેતર, બાગ-બગીચાઓ અને ક્યારાઓ.
- વંચિત જૂથો માટે વિશિષ્ટ સુવિધા કેન્દ્ર; જેમ કે અંધશાળા, વૃદ્ધાશ્રમો, બાલગૃહો.
- બજાર, સુપર માર્કેટ વગેરે
- કુટીર ઉદ્યોગ
- સાપ્તાહિક બજાર
- સમય-સમય પર યોજાતા મેળાઓ

**સ્થળના સંદર્ભમાં કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.**

૧. શાળાથી કાર્યસ્થળનું અંતર- જો કાર્યસ્થળથી શાળા દૂર હશે તો સમય અને શક્તિ વેડફાઈ જશે. તેથી નજીકનાં કાર્યસ્થળ જ પસંદ કરો.

૨. ભૌગોલિક અને સામાજિક સ્થિતિ- ભૌગોલિકનો અર્થ હવામાનની સ્થિતિ સાથે છે. અત્યંત ઠંડી, ગરમી અથવા વરસાદી હવામાનમાં બાળકોને બહાર લઈ જવાથી સાવચેત રહો. બાળકોનાં આરોગ્ય અને સલામતી પણ તમારા માટે ચિંતાનો વિષય છે. સામાજિક પરિસ્થિતિઓનો અર્થ બહાર અથવા આસપાસની ખાસ ઘટના (દુ:ખદ અથવા સુખદ) થાય છે. રાજકીય રેલીઓ, લગ્નો, ધાર્મિક ઉજવણી, હુલ્લડ વગેરે છે. આ પ્રવાસ માટે યોગ્ય સમય નથી.

૩. વિદ્યાર્થીઓની સંખ્યા- તમારી યોજનામાં વિદ્યાર્થીઓની સંખ્યા અવગણવી ના જોઈએ. પ્રવાસ માટે કેટલા વિદ્યાર્થીઓને સાથે લઈ જઈ શકાય તે નક્કી કરવું પણ મહત્ત્વપૂર્ણ છે. શું તમે એકલાં બાળકોને જ લઈ જઈ રહ્યા છો?

**તમારી પ્રગતિ તપાસો -૫**

૧. કાર્ય-શિક્ષણની પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે સમય ફાળવણી અંગે તમે શું સમજો છો?

..........................................................................

..........................................................................

..........................................................................

૨. ધોરણ આઠ માટે શિયાળાના વેકેશનમાં કરી શકાય તેવી કોઈપણ ત્રણ પ્રવૃત્તિઓ લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

૩. કાર્ય-શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ ગોઠવવા માટે તમે કઈ-કઈ બાબતોને ધ્યાનમાં રાખશો? કોઈપણ ચાર પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

## ૧૩.૪. વિવિધ વર્ગો માટેના કાર્ય-શિક્ષણનાં સત્રોનું આયોજન.

કાર્ય-શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ માટે આયોજન કરતી વખતે નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વનું છે-

- બાળકોને સ્વ-અભિવ્યક્તિ માટે તક પૂરી પાડવી.
- રસ જાગૃત કરવા અને તેમના પર્યાવરણનું અવલોકન કરવાની તક પૂરી પાડવી.
- તેમને તેમની નિયમિત પ્રવૃત્તિઓને યોગ્ય રીતે કરવામાં સહાય કરો.
- પર્યાવરણની સુરક્ષા માટે જાગૃતિ લાવવી.
- વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલા અનુભવોને એકીકૃત કરવામાં મદદ કરવી.
- રોજિંદી સમસ્યાઓનું સમાધાન શોધવા માટે જરૂરી મૂળભૂત કુશળતા પ્રાપ્તિમાં બાળકોને મદદ કરવી.
- બીજાઓને મદદ કરવા અને જૂથોમાં રહેવા માટે હકારાત્મક વલણનો વિકાસ કરવો.

## ૧૩.૪.૧ મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ કરવામાટેની સંબંધિત પ્રવૃત્તિઓ.

નીચે આપેલા કાર્યક્મો આ મુદ્દામાં સમાવી શકાય છે.

**૧. આરોગ્ય અને સ્વચ્છતા-**

- વ્યક્તિગત સ્વચ્છતા, ઉપયોગી વસ્તુઓની સ્વચ્છતા અને વસ્તુઓની જાળવણી વિશેની જાગરૂકતા દૈનિક જીવનમાં ખૂબજ જરૂરી હોય છે.
- પુંઠાવાળાં પુસ્તકો અને નોટબૂક
- શાળા અને ઘરમાં સ્વચ્છતા જાળવવી.
- સમારકામ, પુસ્તકોના કબાટની જાળવણી, કાર્પેટ, પોસ્ટર, કેલેન્ડર, ચાર્ટપેપર અથવા અન્ય ચિત્રોની જાળવણી.

**૨. ભોજન અને ખેતી-**

- *વિવિધ પ્રકારના બીજોની, વન ઉત્પાદનોની, ખાતર તેમજ જમીનની ઓળખ.*
- *ખેતીના કામમાં વપરાતા સામાન્ય સાધનો, તેના ઉત્પાદનો અને ખાતરની ઓળખ.*
- *ફૂલોની ગોઠવણી કરવી, ખાતર માટેના ખાડાઓ તૈયાર કરવા, ખેતરો તૈયાર કરવાં ગુણવત્તાવાળાં બીજની પસંદગી, વાવણી, વગેરે.*
- *છોડની સંભાળ અને જાળવવી.*
- *ખોરાક અને ફળોની સુરક્ષા*
- *ચા, કૉફી અને જલજીરાનાં શરબત, વગેરે બનાવવાં.*
- *શરબત અને અથાણાં તૈયાર કરવાં.*
- *ઘડા, માટીની કોઠીઓ અને ફૂલદાનીઓની મદદથી કૂલરો તૈયાર કરવાં.*
- *પ્લાસ્ટિક, શણ અને દોરીની મદદથી હીંચકા તૈયાર કરવા.*

**૩. રહેઠાણ-**

- *ઘાસ, નારિયેળનાં છોતરાં, શણ, તુરિયાની છાલ, પાતળા વાયર, જાળી, બિન ઉપયોગી ઘાસ, મોજામાંથી બોટલ સાફ કરવાનો અને વાસણો સાફ કરવાનું બ્રશ બનાવવું.*
- *કબાટ, ટેબલ, ખુરશી, સ્ટૂલ, ખાટલો અને નળ વગેરેનું સમારકામ કરવું.*

**૪. કપડાં-**

- *ટી.વી. અને બોક્સ વગેરે માટે કવર તૈયાર કરવાં.*
- *ઢીંગલી અને કઠપૂતળીઓ બનાવતાં શીખવું.*
- *ઊનના નાના ટુકડાઓ, ગાભા અને શણ વગેરેની મદદથી આસનો, પગ લુંછણિયાં વગેરે તૈયાર કરવાં.*

## ૧૩.૪.૨ પર્યાવરણના સુશોભનને લગતી પ્રવૃત્તિઓ

**૧. ઉપયોગી વસ્તુઓ બનાવવી**

- *પેન/ પેન્સિલ બોક્સ, પિન-બોક્સ, પત્ર-બોક્સ અથવા હાથ-પંખા બનાવવા.*
- *માસ્ક/મુખવટા બનાવવાં*
- *શાળામાં પ્રદર્શન બોર્ડ માટે સામગ્રી તૈયાર કરવી.*
- *તૂટેલી બંગડીઓ અથવા અન્ય કોઈ સામગ્રીની મદદથી માટીનાં વાસણો સુશોભિત કરવાં.*
- *માટીનાં રમકડાં બનાવવાં.*

નોંધ

**૨. સુશોભન માટેની સામગ્રી તૈયાર કરવી-**

- *કપડાંની પટ્ટીઓ, પાતળા રંગબેરંગી કાગળો, વાયર, મોતી અથવા દોરાઓ, વગેરે દ્વારા ફૂલો બનાવવાં.*
- *માટીનાં વાસણોનું સુશોભન*
- *માટીમાંથી પક્ષીઓ અને પ્રાણીઓ જેવાં વિવિધ રમકડાં બનાવવાં.*
- *સૂતળી, દોરડાં, પ્લાસ્ટિકના તાર વગેરે દ્વારા હાથ-બનાવટની સુશોભિત ચીજવસ્તુઓ બનાવવી.*
- *જૂનાં ઊનની સાદડીઓ બનાવવી.*
- *વાંસની ફૂલદાની બનાવવી.*

## ૧૩.૪.૩ સામાજિક સેવા સંબંધિત પ્રવૃત્તિઓ

- *આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવો.*
- *તહેવારો અને ઉત્સવો વખતના સુશોભનમાં ભાગ લેવો.*
- *વૃદ્ધજનોની શક્ય તેટલી અને જરૂરિયાત મુજબ મદદ કરવી.*
- *શાળાનાં મકાનોને સાફ કરવામાં શક્ય તેટલો ભાગ લેવો.*
- *શારિરીક રીતે કમજોર લોકોની તેમનાં રોજિંદાં કામમાં સહાય કરવી.*

## ૧૩.૪.૪ સાંસ્કૃતિક વારસો અને રાષ્ટ્રીય એકતા સંબંધિત પ્રવૃત્તિઓ

- *વિવિધ રાજ્યોના લોકોની ખાણી-પીણીની આદતો અને જીવનશૈલી વિશે જાણકારી મેળવવી.*
- *વિવિધ સ્થળોની હસ્તકલા વિશેની માહિતી મેળવવી.*
- *વિવિધ સંગીતનાં સાધનો તેમજ નૃત્યોનાં ચિત્રો એકઠાં કરવાં.*
- *સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસ જેવા રાષ્ટ્રીય તહેવારો વગેરે વિશેની જાણકારી મેળવી તેની ઉજવણી કરવી.*
- *રાષ્ટ્રીય ધ્વજ જેવાં રાષ્ટ્રીય પ્રતીકો વગેરેનાં ચિત્રો બનાવવાં.*

## ૧૩.૪.૫ પર્યાવરણ જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ

- *પર્યાવરણીય પ્રદૂષણ સંબંધિત સમાચારો અને ચિત્રો ભેગાં કરવાં.*
- *પર્યાવરણીય પ્રદૂષણનાં પરિબળો સંબંધિત ચિત્રો વડે બુલેટિન બોર્ડ તૈયાર કરવાં.*
- *પર્યાવરણીય પ્રદૂષણ અને તેને પ્રદર્શિત કરતાં સૂત્રો બનાવવાં.*
- *પર્યાવરણીય પ્રદૂષણની હાનિકારક અસરો સાથે જોડાયેલા ચાર્ટ્સ તૈયાર કરવા.*
- *વન મહોત્સવ અને વૃક્ષારોપણ જેવા કાર્યક્રમોમાં ભાગ લેવો.*

**તમારી પ્રગતિ ચકાસો-૫**

૧. પર્યાવરણ સુશોભનને લગતી કોઈપણ ત્રણ પ્રવૃત્તિઓ લખો.

..................................................................

..................................................................

..................................................................

૨. સમુદાય-સેવા સંબંધિત પ્રવૃત્તિઓની સૂચિ તૈયાર કરો (ધોરણ-૬ અને ૭ માટે ઓછામાં ઓછી ૩ પ્રવૃત્તિઓ)

..................................................................

..................................................................

..................................................................

## ૧૩.૫ પ્રાથમિક વર્ગોના કાર્ય-શિક્ષણ માટે સામગ્રીની પસંદગી અને સંકલન

કાર્ય-શિક્ષણ વિશેની તમારી સમજ; અર્થપૂર્ણ અને હેતુપૂર્ણ કાર્ય આધારિત પ્રવૃત્તિ હોઈ શકે છે, તેનું પરિણામ ઉત્પાદનના રૂપમાં અથવા કોઈપણ સેવા સ્વરૂપે જોવા મળી શકે છે. સેવા સંબંધિત પરિણામો માટે સામાજિક પરિસ્થિતિઓ અને પર્યાવરણ હંમેશાં ઉપલબ્ધ હોય છે; પરંતુ જ્યારે પણ કંઈક વસ્તુ બનાવવાની વાત આવે છે, ત્યાં શિક્ષકો કાં તો વિદ્યાર્થીઓને તેમના ઘરેથી તેની જરૂરી સાધન-સામગ્રી લાવવા કહે છે અથવા શાળામાંથી ખરીદવા ભંડોળ માંગે છે.

તમારા વર્ગના કેટલાક વિદ્યાર્થીઓ કદાચ એવા પણ હશે કે જે વસ્તુઓ ન પણ ખરીદી શકે. તેઓ શાળામાં જવા માટેની અનિચ્છા પણ દર્શાવી શકે છે. તમે તમારી જાતને પૂછો કે કાર્ય-શિક્ષણ માટેની વસ્તુઓ તૈયાર કરવા માટે બજારમાંથી વસ્તુઓ ખરીદવી જરૂરી છે કે નહીં? જ્યાં સુધી સાધનોની વાત છે, જેમકે ચોક કે મીણબત્તીઓ બનાવવા માટેનાં બીબાં અથવા બાંધણી વગેરે માટેનાં વાસણો શાળા દ્વારા ખરીદી શકાય છે. જો શાળા તે સામાન ખરીદવામાં અસમર્થ છે તો આ સામાન સમાજનો સહકાર મેળવી ઉપલબ્ધ કરી શકાય છે અને જો એ પણ શક્ય નથી તો જરૂરી નથી કે આપણે હાથ ધરેલી પ્રવૃત્તિ વિશે વિચાવાનું જ બંધ કરી દઈએ.

તમે સારી રીતે જાણો છો કે કાર્ય-શિક્ષણ સંબધી કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ સૂચક અને પ્રસ્તાવિત હોય છે, નિર્ધારિત નહીં. તો તમે તમારી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી એવી પ્રવૃત્તિઓ પસંદ કરો કે જે માટેની સાધન-સામગ્રી સરળતાથી ઉપલબ્ધ હોય.

શું તમે ક્યારેય વિચાર્યું છે કે, તમારી આસપાસ વિવિધ વસ્તુઓ ઉપલબ્ધ હોય છે. શું તમે તે સામગ્રીનો ઉપયોગ થઈ શકે એવી યોજના બનાવી શકો છો? તમારી આસપાસ ઉપલબ્ધ વસ્તુઓની એક સૂચિ તૈયાર કરો. દૂરના વિસ્તારમાં રહેતા અન્ય મિત્રોની સૂચિ સાથે આ સૂચિની તુલના કરો. દરેક સૂચિમાં કંઈક ને કંઈક નવું હોય છે તેવું તમને લાગશે. આ રીતે એકત્રિત કરવામાં આવેલી સામગ્રી ત્રણ એકમોમાં વિભાજિત કરી શકાશે.

નોંધ



૧. કુદરતી રીતે સરળતાથી ઉપલબ્ધ થતી સામગ્રી.

૨. નકામી સામગ્રી.

૩. સસ્તી સામગ્રી

| કુદરતી રીતે સરળતાથી ઉપલબ્ધ થતી સામગ્રી | નકામી સામગ્રી | સસ્તી સામગ્રી |
|---|---|---|
| છોડ, વાંસ, પાંદડાં, બીજ, ફળો, વૃક્ષો, વૃક્ષોની ડાળીઓ, છાલ, શણ, નારિયેળની કાચલી, નારિયેળનાં છોતરાં, રેતી, માટી, કાંકરા/પથ્થરો, પાણી, ગુંદર, લીમડો, લાખ, વગેરે. | ખાલી ડબ્બા, પીંછાં, લાકડા તથા પૂંઠાંના ડબ્બા, ઉપયોગ થઈ ગયેલી રબરગાદી/સ્પોન્જ, ચપ્પલ ખોખાં, ખાલી માચીસ બોક્સ, ચીંથરાં, જૂના ધાબળા, જૂની શેતરંજી, જૂનાં છાપાં, જૂનાં મેગેઝીન, વપરાયેલી પ્લાસ્ટિકની બેગો, ઠંડાં પીણાંની બોટલોનાં ઢાંકણ, વાપરેલા પ્લાસ્ટિકના કપ, પાતળા તાર, જાડા તાર, ટૂથપેસ્ટનાં ઢાંકણ, ઉપયોગ થઈ ગયેલી કલમો, જૂની બ્લેડો, જૂનાં પોસ્ટકાર્ડ, ગ્રીટિંગ કાર્ડ, જૂની ટપાલ ટિકિટ, જૂનાં કવર, દોરા, બૂચ, બટન, ચેઈન, સાયકલની ટ્યૂબ, આઈસ્ક્રીમની ચમચીઓ, ઈંડાનાં ફોતરાં, જૂની સાવરણી, જૂનાં તગારાં, ઉપયોગ થઈ ગયેલાં બટન. | સામાન્ય પણ મહત્ત્વનાં સાધનો- કાતર, ચપ્પુ, માપપટ્ટી, ટેપ, ગુંદર, મીણબત્તી, કપડાં માપવાની માપપટ્ટી, વૉશર, ખીલા, સ્ક્રૂ, દોરા, લાકડાના ટૂકડા, બ્રશ, રંગ, ગળી, જુદા-જુદા કાગળ, રેક્ઝીન, વાયર, રબર. |

મહેરબાની કરી આ સૂચિનું કાળજીપૂર્વક અવલોકન કરો. તમને થશે કે આ બધી સામગ્રી આપણી આસપાસ જ ઉપલબ્ધ છે. આ સામગ્રી માટે આપણે ક્યાંય જવાની જરૂર નથી. તમારી સૂચિ તો અગાઉ જણાવ્યા કરતાં પણ મોટી હોઈ શકે છે. જો તમે વિદ્યાર્થીઓને આ પ્રકારની સામગ્રી એકત્રિત કરીને શાળામાં લાવવા માટે કહેશો તો તેઓ ખૂબ ઉત્સાહપૂર્વક આ કાર્ય કરશે. આ બધાની એક સૂચિ તૈયાર કરો અને તેમાં સામગ્રી વિશેની વિગતો લખો. જેમ કે-તે વસ્તુ ક્યારે અને કોના દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. જ્યારે પણ બાળક કોઈ દુર્લભ વસ્તુ લાવે છે ત્યારે પ્રાર્થનામાં તે બાળકનું સન્માન કરો. 'અઠવાડિયાની અદ્ભુત સામગ્રી' જેવાં આકર્ષક સૂત્રો શાળામાં લગાવી બાળકોને અન્ય વિવિધ સામગ્રી એકત્રિત કરવા માટે પ્રોત્સાહિત કરી શકો છો. આવું કરવાથી બાળકોમાં હકારાત્મક વલણનો વિકાસ થશે.

૧. વૈજ્ઞાનિક

૨. વસ્તુઓને સારી રીતે રાખવી

૩. આસપાસના પર્યાવરણનું અવલોકન કરવાની ક્ષમતા વિકસાવવી.

હવે એ વાતનો વિચાર કરવાની આવશ્યક્તા છે કે એકઠી કરેલી આ સામગ્રીનો કેવી રીતે કરવામાં આવે.

નોંધ

પુષ્પ વિચારણાના અંતે નક્કી કરવામાં આવેલી પ્રવૃત્તિઓ બાળકોને શીખવા માટે ઘણી આકર્ષક તકો પૂરી પાડે છે. પોતે નક્કી કરતાં પહેલાં વિદ્યાર્થીઓને પૂછો કે સંગ્રહિત સામગ્રીમાંથી કઈ વસ્તુ બનાવવી જોઈએ. સામગ્રીના સ્રોત અને ઉપયોગ વિશે ચર્ચા કરો. આ ચર્ચા દ્વારા પર્યાવરણ અભ્યાસ અને વિજ્ઞાન વિશે વાત કરી શકો છો. તે જ સમયે, તે સામગ્રીના અન્ય ઉપયોગો વિશે પણ ચર્ચા કરી શકાય.

તમે જાણો જ છો કે આ પ્રકારની સાધન સામગ્રી દ્વારા ઘણી વસ્તુઓ બનાવી શકાય છે. વિવિધ શાળાઓમાંથી એકત્રિત કરેલી સૂચિ નીચે આપેલી છે, જે સમાન સામગ્રીમાંથી બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓનો નિર્દેશ કરે છે.

## ૧૩.૬ સામગ્રી અને સાધનોનો સંગ્રહ અને સંચાલન

તમે અનુભવ કર્યો જ હશે કે ખાસ કરીને સરકારી શાળાઓની પ્રયોગશાળામાં વિવિધ કિંમતી અને ઉપયોગી સાધનો હોય છે. ત્યાં ઉપયોગમાં લેવાતી સામગ્રીની કોઈ જ અછત હોતી નથી તેમ છતાં પણ બાળકો નીચેની બાબતોને કારણે પ્રાયોગિક કાર્ય કરી શકતાં નથી.

- સાધનો યોગ્ય રીતે કાર્ય કરતાં નથી.
- સામગ્રી હલકી ગુણવત્તાવાળી હોય છે.

શું તમે ક્યારેય તેનાં કારણો વિશે વિચાર્યું છે?

તમે યોગ્ય દિશામાં વિચારી રહ્યા છો. આનું એકમાત્ર કારણ એ છે કે ન તો સાધનો યોગ્ય રીતે જાળવવામાં આવે છે અને ન તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ સાધન-સામગ્રી અમારી જ છે, એવું વિચારવાની જરૂર છે. જે રીતે આપણા ઘરનું સંચાલન કરીએ છીએ તેજ રીતની કુશળતા અને લાગણીઓ સાથે તેની પણ સંભાળ, સંચાલન અને સંગ્રહ કરવો જોઈએ.

સૌથી મહત્ત્વની બાબત એ છે; કે કાર્ય-શિક્ષણ માટે ખરીદેલ સાધનોની સૂચિ તૈયાર કરી કૉલમ મુજબ સ્ટોક રજિસ્ટરમાં તેની નોંધ કરો. ફક્ત આટલુંજ પૂરતું નથી પણ તેના યોગ્ય સંચાલન માટે નીચેના મુદ્દાઓ પણ ધ્યાનમાં રાખવા જોઈએ.

૧. જરૂરિયાત મુજબ સાધન-સામગ્રી ખરીદવાનું સરળ બનાવો. સરળ બનાવવાનો અર્થ એ છે કે તે સાધન-સામગ્રીનો ઉપયોગ કરવામાં કોઈ અચકાવું જોઈએ નહીં. ક્યાંક તૂટી ના જાય તેવું વિચારી ઘણી શાળાઓમાં ઘણી બધી સામગ્રીનો ઉપયોગ થતો નથી. આમ, મોટાભાગના સાધનો, ઉપયોગ કર્યા વિના જ નકામાં બની જતાં હોય છે. તમે આવું નહીં જ કરો તે અપેક્ષિત છે.

૨. વિદ્યાર્થીઓને જ્યારે પણ સાધનો આપવામાં આવે ત્યારે તેઓને તેના સાવચેતીપૂર્વકના ઉપયોગ અંગેની જાણ કરવી જોઈએ.

૩. ઉપયોગ કર્યા પછી તેને જૂના સુતરાઉ કાપડ વડે અથવા ગાભાથી સાફ કર્યા પછી જ જે તે જગ્યાએ મૂકવાં જોઈએ.

૪. સાધન-સામગ્રી સંગ્રહવા માટેના સ્થાનની કાળજી લેવી મહત્ત્વપૂર્ણ છે. જેમ કે- કબાટ, બોક્સ કે ટેબલ અથવા સાધનો જ્યાં મૂકવાના છે તે સ્વચ્છ છે કે નહીં અને તેના પર લાગેલી ધૂળ દૂર કરવી પણ જરૂરી છે.

૫. કેટલાંક કારણોસર જો સાધનોનો ઉપયોગ ન થતો હોય તો પણ તેને સમયસર સાફ કરવાં જરૂરી છે અને જરૂર મુજબ તેને તડકામાં પણ રાખવાં જરૂરી છે.

૬. કેટલાંક સાધનોમાં તેલનું પૂરણ/ઓઈલિંગ કરવાની પણ જરૂર પડી શકે છે. તેથી, સમયસર અને યોગ્ય પ્રમાણમાં તેલ પૂરવાની કાળજી રાખવી જોઈએ.

૭. સામાન્ય રીતે થોડાં ખરાબ થઈ ગયેલાં સાધનો વિશે તો એવું જ માની લેવામાં આવે છે કે હવે તે નિરર્થક છે. બની શકે ત્યાં સુધી આવી બાબતોથી દૂર જ રહેવું જોઈએ. આવા સાધનો બાબતે તેનો ફરીથી ઉપયોગ કરી શકશો કે કેમ એવું કોઈ જાણકાર કારીગરને પૂછીને જ નક્કી કરવું જોઈએ. ત્યાર પછી જ તેનો ફરી ઉપયોગ કરવા બાબતે કે પછી ફેંકી દેવા બાબતનો નિર્ણય લેવો.

૮. તમારી પાસેથી એવી અપેક્ષા પણ રાખવામાં આવે છે; કે તમે સામાન્ય તૂટી ગયેલાં સાધનોને વાપરવાં યોગ્ય બનાવો. તે માટેની કુશળતા પ્રાપ્ત કરો અને તમારા વિદ્યાર્થીઓમાં પણ આ કુશળતા વિકસાવો જેથી તેઓ સાધનોનું નાનું મોટું સમારકામ કરવા માટે સક્ષમ બની શકે.

**તમારી પ્રગતિ ચકાસો -૭**

કાર્ય-શિક્ષણમાં વપરાયેલી સામગ્રી સંબંધિત નીચે આપેલા નિવેદનો સામે ( ) સાચા કે ખોટાનું યોગ્ય ચિહ્ન મૂકો:

૧. કાર્ય-શિક્ષણનાં પ્રાયોગિક કામ કરવા માટે ઘણી સાધન-સામગ્રી ખરીદવી જરૂરી છે. ( )

૨. પર્યાવરણમાં ઉપલબ્ધ સામગ્રી શોધવી અને વર્ગમાં તેનો ઉપયોગ કરવો એ એક સર્જનાત્મકતાની નિશાની છે. ( )

૩. જો શાળા સાધન-સામગ્રી ખરીદતી નથી તો પ્રાયોગિક કાર્ય રદ કરવું જોઈએ. ( )

૪. યોગ્ય જાળવણી થયેલા સાધનો વિદ્યાર્થીઓના હાથમાં ન જાય તે જોવું જોઈએ. ( )

૫. સાધનોમાં થોડી પણ ટેકનિકલ ખામી દેખાય તો સંબંધિત નિષ્ણાતની સલાહ જ લેવી જોઈએ. ( )

## ૧૩.૭ અભ્યાસક્રમના વિવિધ વિષયોનું સંકલન અને અનુભવ આપવા માટેની પદ્ધતિઓ

વર્ષ-૧૯૬૪-૬૬ની સમિતિએ શૈક્ષણિક સ્વરૂપમાં મોટા ફેરફારની જરૂરિયાતને અનુભવી. ગાંધીજીએ શિક્ષણના માધ્યમ તરીકે ઉત્પાદક કાર્યને ફરજિયાતપણે શિક્ષણ પ્રક્રિયામાં સામેલ કરવાની વાત કરી. તેમના મત મુજબ ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ, ઈતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર જેવા તમામ વિષયોનું શિક્ષણ, સુથારી, ચણતર, ખેતી, છાપકામ અને અન્ય ઉત્પાદક કાર્યોના માધ્યમથી શીખવવામાં આવે. તેમણે લાંબા ગાળાના સામાજિક ફેરફારોની શૈક્ષણિક પ્રક્રિયાને પણ કામ સાથે જોડવા વિશે વાત કરી. તેનો અર્થ એ છે કે સૈદ્ધાંતિક જ્ઞાનને અલગથી શીખવવાને બદલે કામને કોઈપણ વસ્તુ/ ઘટના અથવા ઘટના વિશેષ દ્વારા સમજાવવું જોઈએ. આ હકીકતને સમજવા માટે ગાંધીજીના નીચેના નિવેદન પર ધ્યાન આપો:

*"મારો ઉદ્દેશ એ છે કે વ્યવસાય અને હસ્તકલા સાથે વ્યક્તિનો બૌદ્ધિક વિકાસ પણ થવો જોઈએ. તેથી મારુ માનવું છે કે ફક્ત વ્યાવસાયિક અને હસ્તકલા શીખવવાને બદલે પૂરું શિક્ષણ જ તેના માધ્યમથી આપવું જોઈએ. ઉદાહરણ તરીકે માત્ર કાંતવાની ત્રાંક લો, તેઓ ત્રાંક દ્વારા સુતરનો ઈતિહાસ, લૅંકશાયર અને સમગ્ર બ્રિટિશ સામ્રાજ્ય/*Lankashire and whole of British Empire *વિશે જાણી શકશે. કાંતવાની ત્રાંક કેવી રીતે કામ કરે છે? તેનો ઉપયોગ શું છે? તેમાં કઈ શક્તિ છે, વગેરે. આ રીતે, બાળકો કામ કરતાં-કરતાં ઘણી બાબતો શીખી લેશે. તેઓ થોડુંક ગણિત પણ શીખી લેશે. જ્યારે તેઓ પૂછશે કે તકલી ઉપર કેટલા દોરા વીંટેલા છે? અને તકલી કેટલી વાર ફરી છે, તો વિદ્યાર્થી ડગલે પગલે ગણિતમાં પાવરધો થઈ શકશે. આમાં સૌથી આકર્ષક બાબત એ છે કે તેમાં બાળકોને કોઈ માનસિક તાણ પણ નહીં પડે."*

**ઑક્ટો, ૧૯૩૭, વર્ધામાં શિક્ષણ પરિષદમાં ગાંધીજીના ભાષણનો એક ભાગ.**

*ગાંધીજીના નિવેદનથી તમને સ્પષ્ટ થઈ થઈ ગયું હશે કે તેમની વાત પ્રવૃત્તિઓને લગતી છે. કાર્ય-શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓને શાળાના વિષયોને(અલગથી ગોઠવવાને બદલે)અન્ય વિષયો સાથે સંલગ્ન કરી તેનું યોગ્ય આયોજન અને સંચાલન કરવું જોઈએ. વિવિધ વિષયો દ્વારા કાર્ય-શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ સાથેના આયોજન બાબતે કેટલાંક સૂચનો આ પ્રમાણે છે-*

## ૧૩.૭.૧ ભાષા

*ભાષા બાબતે નીચેના મુદ્દા વિચારણીય છે:*

- *પૂર્ણ કરેલાં કાર્ય માટે લેખિત અભિવ્યક્તિ.*
- *યોગ્ય શબ્દો અને સરળ વાક્યોનો ઉપયોગ.*
- *સંગઠિત રીતે વિચારોની પ્રસ્તુતિ.*
- *સંચાર માટે આકર્ષક અને અર્થપૂર્ણ શીર્ષક સૂચવવું.*
- *ટૂંકાં અને સરળ વાક્યોમાં અહેવાલ તૈયાર કરવો.*
- *અનુભવોને સુસંગત રીતે લખવાં.*
- *શબ્દભંડોળમાં સમૃદ્ધિ.*
- *રૂઢિપ્રયોગોનો ઉપયોગ*
- *સંદર્ભમાં વ્યાકરણનો સંદર્ભ/ વ્યાકરણ-યુક્ત સંદર્ભ.*

## ૧૩.૭.૨ ગણિત

*કાર્ય-શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ ગણિતશાસ્ત્રનું જ્ઞાન મેળવવામાં મદદરૂપ થાય છે.*

*૧. કાળા પાટિયાને રંગતી વખતે ધ્યાન આપો:*

- *વિસ્તાર, લંબાઈ અને પહોળાઈ મુજબ સામગ્રીનો ખર્ચ અંદાજ*
- *સમયનો અંદાજ*
- *માનવ શક્તિ/ મજૂરનો ખર્ચ*

નોંધ

૨. વિભિન્ન ભૌમિતિક આકારનું જ્ઞાન.

૩. વસ્તુ બનાવ્યા પછી, તેના ભાવની ગણતરી કરવી.

૪. માપવા માટેનું કૌશલ્ય.

૫. આંકડાઓનું જ્ઞાન અને તેની સમજ.

૬. માપ લેવાના સાધનોને ઓળખવા અને તેને એકબીજામાં રૂપાંતરિત કરવા સક્ષમ બનવું.

૭. વ્યાજ, મુદ્દલની રકમ વગેરેના ખ્યાલની સમજ.

## ૧૩.૭.૩ પર્યાવરણ શિક્ષણ, સમાજિક વિજ્ઞાન અને ઈતિહાસ

દરેક કાર્ય અને પદ્ધતિનો ભવ્ય ઈતિહાસ હોય છે. કામ કરતાં-કરતાં તે કાર્યની ઐતિહાસિક જાણકારી પ્રાપ્ત કરવી એ નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત જ્ઞાન કરતાં વધુ મહત્ત્વપૂર્ણ અને અર્થપૂર્ણ હોય છે. કાર્ય-શિક્ષણ હેઠળ કરવામાં આવતી પ્રવૃત્તિઓ સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિષયો પ્રત્યેની સૂક્ષ્મ અને ઊંડી સમજ વિકસાવે છે. દા.ત.

- કૃષિ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત લોકોની જીવનશૈલી.
- જરૂરિયાત અને પુરવઠા વચ્ચેનો સંબંધ.
- માણસ અને પ્રાણીના જીવન વચ્ચેનો સંબંધ.
- ઉદ્યોગ અને પર્યાવરણ.
- વસ્તુઓની બનાવટમાં શ્રમનું મહત્ત્વ.
- કિંમતનું નિર્ધારણ કરવું.
- જાતિ અને ધર્મ

કામ કરતી વખતે વૈજ્ઞાનિક સિદ્ધાંતો પણ સમજી શકાય છે. ઉદાહરણ તરીકે ગરગડી કેવી રીતે કામ કરે છે? ઉચ્ચાલન અને તેના ટેકાના સિદ્ધાંતો શું છે? કઠોળને પલાળીને રાંધવાના શું ફાયદા છે? સંતુલિત ખોરાક વગેરે વિશે પહેલેથી જ ચાલ્યાં આવતાં મૂલ્યોનો અર્થ શું છે? વગેરે.

અહીં, માત્ર થોડી જ વાતો કરવામાં આવી છે. જૂથમાં તમે એવા ઘણા વિષયોની સૂચિ તૈયાર કરી શકો છો કે જેના સિદ્ધાંતોને કાર્ય-શિક્ષણ દ્વારા જ સમજી શકાશે.

**તમારી પ્રગતિ ચકાસો-૮**

૧. અભ્યાસક્રમમાં કાંતવાની પ્રવૃત્તિ દ્વારા કયા-કયા મુદ્દાઓ સમજાવવામાં આવ્યા છે?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

નોંધ

૨. ભાષા સંબંધિત ચાર કૌશલ્યો સૂચવો કે જે કાર્ય-શિક્ષણની કોઈપણ પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૧૩.૮ કાર્ય-શિક્ષણ સંબંધિત અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિઓ શીખવવાની પદ્ધતિઓ

કાર્ય-શિક્ષણની પ્રવૃત્તિઓના આયોજન માટે ક્યા પ્રકારની પદ્ધતિઓ છે? અથવા કેવા પ્રકારની પદ્ધતિઓ હોવી જોઈએ? તો તે ઘણાં બધાં નિર્ધારિત કરેલાં પરિબળોના આધારે હોવી જોઈએ.

નિર્ધારણ પરિબળોમાં સામેલ મુદ્દાઓ આ પ્રમાણે છે:

- કાર્ય અનુભવનાં સ્વરૂપ અને હેતુઓ વિશેની આપણી કલ્પનાઓ શું છે?
- આપના અભિપ્રાય મુજબ બાળકો કેવી રીતે વર્તે છે તેઓ કેવી રીતે શીખે છે અને વર્તનના યોગ્ય માર્ગોનો વિકાસ કરે છે.
- દરેક બાળકને પોતાના મહત્તમ આત્મ-સાધન માટેનો યોગ્ય અનુભવ કરવા અથવા કાર્ય પરિપૂર્ણ કરવાની તકો પૂરી પાડવા બાબતે આપની શું માન્યતાઓ છે?

ઉપરોક્ત પ્રશ્નોના જવાબો તમને કાર્ય-શિક્ષણની પદ્ધતિઓનું સ્વરૂપ નક્કી કરવામાં મદદરૂપ થાય છે. તમે તે સારી રીતે જાણો છો કે કાર્ય-શિક્ષણ હેઠળ બાળકોને હાથથી કામ કરવાની અને શીખવાની તક આપવામાં આવે છે. જ્યાં સુધી તેઓ પોતાના હાથે કોઈ કાર્ય નહીં કરે ત્યાં સુધી તે કામ સાથે જોડાયેલ અનુભવ નહીં મેળવી શકે. તેથી, કામની પદ્ધતિઓ આધારિત અનુભવમાં વિદ્યાર્થીઓની સક્રિય સહભાગિતા હોય છે. કામના કેટલાક અનુભવ નીચે મુજબ છે:

### ૧૩.૮.૧ અવલોકન/નિરીક્ષણ પદ્ધતિ

આપણે બધા જાણીએ છીએ કે દરેક બાળકમાં શોધખોળ માટેની વૃત્તિ અવશ્ય હોય છે. તેઓ સ્વભાવથી જિજ્ઞાસુ હોય છે. પોતાની આસપાસની ઘટનાઓની જાણકારી મેળવવા માટે તેમની આંખોમાં હંમેશા કુતૂહલ જોવા મળે છે. તેઓને લાગે છે કે તેઓએ બધું જ જાણવું જોઈએ. કામના અનુભવની અવલોકન પદ્ધતિ આ જિજ્ઞાસુ વલણ પર જ આધારિત છે. આપણે આ પદ્ધતિનો ઉપયોગ બે રીતે કરી શકીએ છીએ:

- વિદ્યાર્થીઓને કોઈપણ ઘટના, પદાર્થ અથવા સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓનું નિરીક્ષણ કરવા માટે કહેવું અને તેના આધારે તેમનું જ્ઞાન અને સમજણ વિકસાવવાં.
- સામાજિક પર્યાવરણમાં કરવાની આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા અને કાર્ય સ્થળોનું અવલોકન કરીને તેઓ અનુભવ મેળવી શકે છે.

જ્યાં સુધી સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓનો સંબંધ છે ત્યાં સુધી બાળકોને કોઈ સૂચનો આપવામાં આવતાં નથી, પરંતુ વર્ગમાં એ રીતે સત્રો ગોઠવવામાં આવે છે કે જેમાં બાળકો પોતે અવલોકન કરેલી ઘટનાઓનું અને પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે અને તેના ઉપર બધાં બાળકો પોતપોતાના વિચારો રજૂ કરે છે. કેવી યોગ્ય પ્રકારની પ્રવૃત્તિઓનાં અવલોકનને કાર્ય-શિક્ષણમાં સ્થાન આપી શકાય? હકીકતમાં આ પ્રશ્ન અયોગ્ય સમજણનો નિર્દેશ કરે છે. કારણ કે જીવન સંબંધિત દરેક ઘટના; કાર્ય-શિક્ષણ માટેનો જ વિષય ગણી શકાય.

## ૧૩.૮.૨ પ્રદર્શન પદ્ધતિ

બાળકો વર્તન કરવાની રીતો કેવી રીતે શીખી શકે છે? આ પ્રશ્નનો સરળ જવાબ છે- કે તેઓ એ જ વસ્તુ કરવાનું શરૂ કરે છે કે જે, તેઓ પોતાની નિરીક્ષણ શક્તિથી તેમના વડીલો પાસેથી જુએ છે એને શીખે છે. માત્ર વડીલો જ નહીં, પોતાના સાથીઓ નિયમિત રૂપે જે કરે છે, તેવું તેઓ પણ દરરોજ કરવાનો પ્રયાસ કરે છે.

ઉપરોક્ત મુદ્દાઓ પર ધ્યાન આપો. "જે પણ તેઓ કરતાં જુએ છે"; તેનો અર્થ એ છે કે જે પણ પ્રદર્શિત થાય છે, તેને તેઓ શીખવાનો પ્રયાસ કરે છે.

કાર્ય-શિક્ષણની આ પદ્ધતિ સામાન્યથી વિશિષ્ટ તરફ જતી જોવા મળે છે. તેનો અર્થ છે; કોઈ ચોક્કસ પ્રવૃત્તિની પ્રક્રિયા શીખનારાઓ સમક્ષ રજૂ થાય છે. તે પ્રવૃત્તિના પ્રદર્શનની સાથે-સાથે વિશેષ ઉદાહરણો દ્વારા તે પ્રવૃત્તિથી સંબંધિત નિયમોની ખરાઈ પણ સાબિત થાય છે. આ પદ્ધતિને અનુસરવા માટે કૃપા કરીને નીચેનાં સોપાનોનું અવલોકન કરો.

- નિયમોનું કાર્યવાહી સાથેનું પ્રદર્શન—જે નિયમો વિશ્વસનીય હોય છે તેનું તાર્કિક રીતે વિશ્લેષણ કરેલું હોય છે અને વિદ્યાર્થીઓની માનસિક ક્ષમતા મુજબ તેને યોગ્ય ક્રમમાં રજૂ કરવામાં આવે છે.
- પ્રક્રિયા સાથે સંબંધિત નિયમો વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવા માટે—નિયમોની રજૂઆત પછી; તર્કયુક્ત સંબંધોની સ્થાપના કરવામાં આવે છે. આને વિશ્લેષણ પ્રક્રિયા પણ કહેવામાં આવે છે. આવું કેમ થઈ રહ્યું છે? તેના માટે નીચેના નિયમો લાગુ કરી શકાશે?
- ઉદાહરણો દ્વારા ન્યાય- તર્કયુક્ત પદ્ધતિ માટે આ સોપાન જરૂરી છે. તમે કૂંડામાં એક છોડ રોપવાની પ્રક્રિયા દર્શાવો છો. તમે જમીનને પાવડર જેવી ઝીણી કેવી રીતે બનાવવી તે દર્શાવો છો, તેવું કરવું કેમ જરૂરી છે, આ વિશે તમે પ્રશ્ન પણ પૂછો છો. તે જ સમયે તમે તેમને તમારા અનુભવોના આધારે ઉદાહરણો પણ આપો છો.

## ૧૩.૮.૩ પ્રાયોગિક પદ્ધતિ

આ પદ્ધતિમાં, વિદ્યાર્થીઓ ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરવા માટે પ્રાયોગિક કાર્ય કરે છે. આ પદ્ધતિ દ્વારા નવી પરિસ્થિતિઓમાં પોતાના પૂર્વ અનુભવોના આધારે કાર્ય કરીને શીખવાના સિદ્ધાંત ઉપર ભાર મૂક્યો છે. પ્રાયોગિક કાર્ય કરતી વખતે બધાની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સક્રિય હોય છે. વિદ્યાર્થીઓ સંશોધકો તરીકે કામ કરે છે કારણ કે પ્રાયોગિક પદ્ધતિમાં 'કરતાં-કરતાં શીખો' જ મહત્ત્વનું હોય છે. આ પદ્ધતિના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો નીચે પ્રમાણે છે:

નોંધ

- **'કરતાં-કરતાં શીખો'**- *વિદ્યાર્થીઓ જ સમગ્ર પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમને કામમાં સામેલ કરવા માટે માત્ર એવી જ માહિતી આપવામાં આવે છે કે જે તેમનામાં રસ પેદા કરી શકે અને તેમને પ્રોત્સાહિત કરી શકે. બાકીનું તેમના પોતાના પ્રયત્નો દ્વારા શોધી કાઢવામાં આવે છે.*

- **વિદ્યાર્થીઓની સતર્કતા**- *જેમ જેમ વિદ્યાર્થીઓ કઈ કરે છે તેમ તેમ તેઓ નવું શીખે છે, આમ, તેમની સક્રિયતા તેમને આગળ વધારી શકે તે સ્વાભાવિક છે; કારણ કે તેઓ જો નિષ્ક્રિય રહે તો કોઈપણને પ્રોત્સાહન આપી શકતા નથી, અને સિદ્ધાંતો તેમજ નવી શોધ કે સમસ્યાઓનું નિરાકરણ પણ લાવી શકતા નથી.*

- **મનોવૈજ્ઞાનિકતા**- *આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ તેમનાં રસ, જિજ્ઞાસા, જરૂરિયાતો, ઉત્સાહ અને સ્વાભાવિક કાર્યશૈલી મુજબ કામ કરે છે. તેઓ તેમના ભૂતકાળના અનુભવો દ્વારા ફાયદો ઉઠાવી શકે છે.*

- **વૈજ્ઞાનિકતા**- *વિદ્યાર્થીઓ દરેકને પ્રત્યેક સોપાનના પ્રશ્ન કરીને શા માટે જવાબ મેળવે છે? તેઓ વ્યવસ્થિત રીતે પોતાનું કાર્ય કરે છે. આમ, તેઓ વૈજ્ઞાનિક તત્પરતા માટેનું કૌશલ્ય વિકસાવતા હોય છે. તેઓ પોતાને શોધક તરીકે માનીને જે તે વિષય માટેની વિચારણા દ્વારા સિદ્ધાંતો, કાયદાઓ અને તેના મૂળ સુધીની તપાસ કરે છે. તેઓ નિરીક્ષણ કરવા હકીકતોને ઓળખવા માટેની નિશ્ચિત સતર્કતાનો દૃષ્ટિકોણ અપનાવે છે.*

## ૧૩.૮.૪ યોજના/પ્રોજેક્ટ પદ્ધતિ

*આ પદ્ધતિમાં કોઈ ખાસ કાર્ય કરવા માટે વિદ્યાર્થીઓ પોતાના હેતુઓ નક્કી કરે છે, યોજના બનાવે છે, જરૂરી સાધનો એકત્રિત કરે છે, ટેકનિક અને સમયનો અંદાજ કાઢે છે અને અંતે તેમનું ધ્યેય પ્રાપ્ત કરે છે. કાર્ય-શિક્ષણના વાસ્તવિક સ્વરૂપને જાણવા માટે આપણે પ્રોજેક્ટની વ્યાખ્યાની ચર્ચા કરીશું.*

*પ્રોજેક્ટ પદ્ધતિ સામાજિક વાતાવરણમાં સંપૂર્ણ સહભાગિતા સાથેની સંપાદિત કરવાની હેતુપૂર્ણ પ્રવૃત્તિ છે.'* -*કિલપ્રાટ્રિક*/Kilpatric

*'યોજના પદ્ધતિ એક એવી સમસ્યારૂપ પ્રક્રિયા છે, કે જે કુદરતી વાતાવરણમાં પૂર્ણ થાય છે.'*

-*જે. એ. સ્ટીવનસન*

*વેસ્લે*/Vesle- *શૈક્ષણિક સંદર્ભમાં અને ખાસ કરીને કામના અનુભવ બાબતે યોજના પદ્ધતિને નીચે મુજબ સમજાવે છે:*

*યોજના એવી સંકલનવાળી પ્રવૃત્તિઓ છે કે જે પ્રવૃત્તિ શીખવા માટે કુદરતી વાતાવરણમાં કેટલીક મહત્ત્વપૂર્ણ કુશળતા સાથે પૂર્ણ થાય છે.*

*બધા નિષ્ણાતોએ તેમના પોતપોતાના મંતવ્યો અનુસાર વ્યાખ્યાઓ આપી છે પરંતુ બધા તે યોજના પદ્ધતિનાં કેટલાંક સામાન્ય લક્ષણો તરફ તો સંકેત આપે જ છે. જેમકે-*



નોંધ



- દરેક પ્રોજેક્ટ પદ્ધતિ કોઈ ખાસ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવાની દૃષ્ટિથી કાર્યાન્વિત કરવામાં આવે છે.
- દરેક યોજના પદ્ધતિનો ઉપયોગ વિદ્યાર્થીઓના સામાજિક, સાંસ્કૃતિક જીવન, તેમના વ્યક્તિગત વિકાસ, સામાજિક સ્વીકૃતિ, ટેવો અને વર્તન વિકાસની માન્યતાઓ વગેરે જેવા ચોક્કસ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે થાય છે.
- ઉદ્દેશ્યોના આધારે વિવિધ પ્રવૃત્તિઓ ગોઠવાય છે.
- વિદ્યાર્થીઓ તેમના વાસ્તવિક સામાજિક વાતાવરણમાં જ જે તે પ્રવૃત્તિઓ પૂર્ણ કરે છે.
- કામ કરતી વખતે જ તેઓ સામાજ-સ્વીકૃત મૂલ્યો વિકસાવે છે.
- કાર્ય પૂર્ણ કર્યા પછી જ તેઓમાં ચોક્કસ યોગ્યતા અને કુશળતાઓનો વિકાસ થાય છે.

કાર્ય-શિક્ષણમાં શીખવાની પ્રક્રિયાના ચાર તબક્કા છેઃ

- ધ્યેયો સુયોજિત કરવા
- યોજના બનાવવી
- યોજનાને સક્રિય કરવી
- મૂલ્યાંકન

જોકે મૂલ્યાંકનને છેલ્લા તબક્કામાં લખ્યું છે, પરંતુ તે આયોજનના સમયે જ શરૂ થઈ જાય છે. લક્ષ્યો સ્થાપવાની પ્રક્રિયાનું મૂલ્યાંકન પણ કરી શકાય છે.

## ૧૩.૮.૫ પ્રવાસ પદ્ધતિ

વર્ગખંડની ચાર દીવાલોમાં આપવામાં આવતા પુસ્તકિયા જ્ઞાનથી હોશિયાર થયેલા વિદ્યાર્થીઓની સ્થિતિ કૂવામાંના દેડકા જેવી જ છે કે જે કૂવાને જ સમુદ્ર માને છે.

હકીકતમાં પ્રવાસ કરવો એ શિક્ષણની અદ્ભૂત પદ્ધતિ છે. કાર્ય-શિક્ષણની અધ્યયન-અધ્યાપન પદ્ધતિમાં પ્રવાસના ઘણા ફાયદા છે-

- વર્ગખંડમાંની સત્રપદ્ધતિ નીરસ અને કંટાળાજનક લાગે છે. પ્રવાસ પદ્ધતિ આ દિશામાં હકારાત્મક પરિવર્તન લાવી શકે છે.
- વિદ્યાર્થીઓ માટે જેની ચર્ચા વર્ગમાં થાય છે તે વિષયનું પ્રાયોગિક જ્ઞાન હોવું પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પ્રવાસન પદ્ધતિ આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- પ્રવાસ કરવાથી વિદ્યાર્થીઓની અવલોકન ક્ષમતા વિકસિત થાય છે. હકીકતમાં કાર્ય પરિપૂર્ણ થઈ રહ્યું છે કે કેમ તેવી વસ્તુઓનું તેઓ વાસ્તવિક પરિસ્થિતિમાં અવલોકન કરે છે.
- પ્રવાસ દ્વારા પ્રાપ્ત જ્ઞાન કાયમી હોય છે કારણ કે તેમાં શીખનારાઓની સક્રિય ભાગીદારી સામેલ હોય છે.
- પ્રવાસ કરતી વખતે વિદ્યાર્થીઓને જૂથોમાં કામ કરવાની તક મળે છે.
- પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓને અન્ય સ્થળોએ કેવું વર્તન કરવું અને લોકો સાથે કેવી રીતે વાતચીત કરવી તેની સમજણ વિકસે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૯**

૧. કાર્ય-શિક્ષણમાં તમે અધ્યયન-અધ્યાપન માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

૨. કાર્ય-શિક્ષણના દરેક ક્ષેત્રમાં ધોરણ-૮ માટે બે પ્રવૃત્તિઓનાં નામ લખો. તેનો અનુભવ કરાવવા માટે યોગ્ય પદ્ધતિનું નામ પણ સૂચવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## ૧૩.૯ ઉપસંહાર

કાર્ય-શિક્ષણનું કાર્યક્ષેત્ર વિશાળ છે અથવા આપણે કહી શકીએ કે સંપૂર્ણ સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક સ્થિતિ જ કાર્ય-શિક્ષણ માટેનું કાર્યક્ષેત્ર છે. આ પાઠ દ્વારા તમે જાણ્યું કે કાર્ય-શિક્ષણ કેવી રીતે સક્રિય બને છે. તમે એ પણ જાણ્યું કે પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે કયાં કાર્યક્ષેત્રોનો મુખ્ય આધાર લેવો જોઈએ, સાધન-સામગ્રી કેવી રીતે ઉપલબ્ધ બનાવવી, તેનું કેવી રીતે સંચાલન અને સંગ્રહ કરવો જોઈએ વગેરે.

જૂથો બનાવતી વખતે તમારે કયા-કયા આધાર લેવા જોઈએ તે પણ તમે જાણી લીધું. તમે જુદાં-જુદાં ધોરણો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા બાબતની સમજ પણ વિકસાવી. તમે એ પણ જાણ્યું કે અભ્યાસક્રમના વિષયો સાથે કાર્ય-શિક્ષણ કેવી રીતે સંકળાયેલું છે.

## ૧૩.૧૦ સંદર્ભસૂચિ


1. National Curriculum Frame work (2005) National Council of Educational Research & Training, New Delhi.
2. Sharda Kumari (2005) Principles of Teaching Work Education, New Delhi.
3. Richards Glin (2001) Gandhi's Educational Philosophy, New Delhi, Oxford University Press.
4. Sykes Marjorie (1998( Story of New Education. 50 years of Education in Sevagram– 1937-1987, New Education committee, Sevagram, Wardha, Maharashtra.

5. Indian Government (1993) Learning without Barriers: Report of National Councill, Ministry of Human Resource Development, New Delhi.

## ૧૩.૧૧ સ્વાધ્યાય

*આ પાઠના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો-*

૧. *કાર્ય-શિક્ષણની પ્રવૃત્તિ સૂચક છે નિર્ધારિત નથી. આ સંદર્ભમાં કોઈપણ પાંચ મુદ્દાઓ લખો.*

૨. *તમે કાર્ય-શિક્ષણના ઈનચાર્જ છો. પ્રવૃત્તિઓ કરાવવા માટે તમે સામગ્રીનું સંચાલન કેવી રીતે કરશો?*

૩. *ધોરણ-૬, ૭ અને ૮ માટે પર્યાવરણ સુરક્ષા સંબંધિત કોઈપણ બે પ્રવૃત્તિઓની સૂચિ તૈયાર કરો. આ સૂચિમાં એનો ઉલ્લેખ પણ કરો કે તમે આ પ્રવૃત્તિઓને શૈક્ષણિક સત્રના કયા મહિનામાં કરવા માંગો છો?*

૪. *પ્રવાસ અંગે તમે શું સમજો છો? પ્રવાસ માટેના યોગ્ય સ્થળોની સૂચિ તૈયાર કરો.*

૫. *વિદ્યાર્થીઓને પ્રવાસમાં લઈ જતાં પહેલાં અને તે દરમિયાન તમે કયા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને ધ્યાનમાં રાખશો. ઉદાહરણ સાથે સમજાવો.*

# એકમ- ૧૪ કાર્યશિક્ષણમાં કૌશલ્યનો વિકાસ (પ્રાયોગિક)

નોંધ

**સંરચના**


૧૪.૦પ્રસ્તાવના

૧૪.૧ અધ્યયનહેતુઓ

૧૪.૨ કાર્યશિક્ષણ અંતર્ગત કામગીરીની પસંદગીનાં ધોરણો અને પાયાગત બાબતો

૧૪.૩પ્રવૃત્તિઓનું પ્રત્યક્ષ દર્શન

- ૧૪.૩.૧ માચીસના માથાવાળી ઢીંગલી
- ૧૪.૩.૨ રબ્બરનાં રમકડાં
- ૧૪.૩.૩ માચીસની દીવાસળીની ગાડી
- ૧૪.૩.૪ કાર્ડબોર્ડમાંથી મહોરું બનાવવું

૧૪.૪ઉપસંહાર

૧૪.૫ સંદર્ભસૂચિ

૧૪.૬ સ્વાધ્યાય


## ૧૪.૦ પ્રસ્તાવના

શિક્ષણની એક બહુ મોટી વિશેષતા એ છે કે વિદ્યાર્થીઓ સામાજિક કાર્યોમાં પોતાની ભાગીદારી નોંધાવે. વિદ્યાર્થીઓને જે જ્ઞાન પીરસવામાં આવે છે અથવા તો જે બોધ આપવામાં આવે છે, તે માત્ર વ્યાખ્યાનોથી નહીં પરંતુ દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે કરવા પડતા શ્રમ સાથે જોડીને તેની સમજ આપવામાં આવે છે. આ પ્રકરણ દ્વારા તમો એ બાબતથી માહિતગાર થશો કે શિક્ષણકાર્ય અંતર્ગત હાથ ધરાનારી કામગીરીની પસંદગી માટે તમારે કઈ કઈ બાબતોનો આધાર લેવો પડશે.

અહીં એ બાબતથી પણ તમે સમજણ પ્રાપ્ત કરશો કે તમારા વિદ્યાલયનાં બાળકો દ્વારા કયા કયા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરાવવી જોઈએ. આ પ્રકરણમાં એવી પ્રવૃત્તિઓની યાદી પણ તમારી જાણકારી માટે મૂકી છે, જેનું આયોજન અને સંચાલન વિદ્યાલયમાં કરી શકાય. તમારી સુવિધા માટે કેટલીક પ્રવૃત્તિઓના આયોજન વિષયક વ્યૂહરચનાની પણ આ પ્રકરણમાં વિગતો રજૂ થયેલ છે



નોંધ

## ૧૪.૧ અધ્યયન હેતુઓ

આ પ્રકરણના અધ્યયનના માધ્યમ થકી તમે...

૧. કાર્યશિક્ષણના માધ્યમ થકી કૌશલ્યોના વિકાસ સંબંધિત સમજણ કેળવી શકશો.

૨. તમારા વિદ્યાલયમાં કાર્યશિક્ષણ અંતર્ગત હાથ ધરાનાર પ્રવૃત્તિઓની વિગતવાર યાદી તૈયાર કરી શકશો.

૩. વિવિધ પ્રવૃત્તિઓની પસંદગી માટેની આધારભૂત જરૂરિયાતો, ધોરણો અને ઔચિત્યની વ્યાખ્યા કરી શકશો.

૪. અલગ-અલગ પ્રવૃત્તિઓનાં આયોજન અને સંચાલનમાં જરૂરી માલસામાન અથવા ચીજવસ્તુઓ, પ્રક્રિયા તથા વિવિધ સ્તરોની માહિતી મેળવી શકશો.

૫. પ્રવૃત્તિઓની સાથોસાથ પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમના વિષયોના સમન્વયનું તાંત્રિક કળા પ્રાપ્ત કરી શકશો.

૬. જુદી જુદી પ્રવૃત્તિઓનાં આયોજન અને તેનું પ્રદર્શન કરી શકશો.

## ૧૪.૨ કાર્યશિક્ષણ અંતર્ગત પ્રવૃત્તિઓની પસંદગી માટેના ધોરણો અને આધાર

તમારા વિષયને લગતી પ્રવૃત્તિઓની જ્યારે તમે પસંદગી કરો છો ત્યારે તમારે કેટલાક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને અવશ્ય ધ્યાનમાં રાખવા જોઈએ કારણ કે.

- તમારા વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અનુભવો જાતજાતના અને ભાતભાતના હોય છે.
- વિદ્યાર્થીઓની રસરુચિ, ક્ષમતા અને પરિણામો એકસમાન હોતા નથી.
- વિદ્યાર્થીઓની સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિ પણ અલગ અલગ છે.
- તમારા સ્વયંના અનુભવો અને કૌશલ્ય આધારિત જ્ઞાનને પણ પોતાની એક મર્યાદા હોય છે.
- તમારા પર્યાવરણ/પરિવેશમાં ઉપલબ્ધ સંસાધનોને પણ એક સીમા હોય છે.

એવા કેટલાય મુદ્દાઓ હોય છે કે જેના આધારે તમે તમારી શાળા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની યોજના બનાવો છો. નિમ્નલિખિત કેટલાક મુદ્દા તમારા ધ્યાન પર મૂકવા જરૂરી છે.

- **કાર્યશિક્ષણના ઉદ્દેશ્યો :** સૌપ્રથમ એ બાબત ધ્યાને રાખવી જરૂરી છે કે તમે જે પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાવવાના છો તેમાં કાર્યશિક્ષણનો ઉદ્દેશ સમાયેલો હોવો જોઈએ. કાર્યશિક્ષણની પ્રત્યેક પ્રવૃત્તિ ઉદ્દેશ્યપૂર્ણ અને અર્થપૂર્ણ હોવી જોઈએ. એવું જરૂરી નથી કે પ્રત્યેક પ્રક્રિયાને અંતે બધાજ ઉદ્દશ્યો પાર પડી જાય.
- **બાળકોની પૃષ્ઠભૂમિ:** કાર્યશિક્ષણમાં પ્રવૃત્તિની પસંદગી કરતી વખતે આપણા માટે બાળકોના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પર્યાવરણની જાણકારી અને સમજની ખાસ જરૂર છે. કારણ કે તમારી પ્રવૃત્તિની સફળતા એ બાળકો પર નિર્ભર છે.

- **બાળકોનાં સ્તર, રસરુચિ અને જરૂરિયાતો :** પ્રવૃત્તિની પસંદગી અને બાળકોની શારીરિક તથા માનસિક વિકાસ એ બંનેને અરસપરસ અતૂટ અને ઊંડો સંબંધ છે. શારીરિક અને માનસિક ક્ષમતાની સાથોસાથ બાળકોની રસરુચિ અને જરૂરિયાતોને સમજવી પણ એટલી જ અનિવાર્ય છે. જો બાળકો બાગબગીચાની સંભાળની પ્રવૃત્તિમાં વિશેષ રસરુચિ દાખવતા હોય તો બાગબગીચાની સંભાળ સાથે જોડાયેલી કેટલીક એવી પ્રવૃત્તિઓમાં બાળકોને જોડવા જોઈએ, જેમાં એકથી વધુ ઉદ્દેશ પાર પાડી શકાય.

- **સમય અને સ્થળની પ્રાપ્યતા :** દરેક પ્રકારની પ્રવૃત્તિ માટે એક ચોક્કસ સમય અને સ્થળની આવશ્યકતા રહે છે. સમયની જરૂરિયાત બે રીતે જોઈ શકાય.

  પ્રથમ - કોઈ વિશેષ પ્રવૃત્તિ માટે કેટલો સમય જોઈએ તે.

  બીજું- કઈ પ્રવૃત્તિ ક્યારે હાથ ધરવી જોઈએ.

ઉપરોક્ત બંને બાબતો પર તમે સરળતાપૂર્વક વિચારણા કરી શકો છો. તમારા અનુભવોના આધારે તમે ચોક્કસપણે એ નક્કી કરી શકશો કે અમુક પ્રવૃત્તિઓ માટે કેટલો સમય જોઈશે. અહીં પ્રવૃત્તિના પ્રકારની સાથોસાથ પ્રવૃત્તિમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ એટલી જ મહત્ત્વપૂર્ણ બની રહે છે.

દા.ત. વિદ્યાલયના પ્રાંગણમાં મૂકેલાં કૂંડાંને ગેરુ રંગથી રંગવા માટે જો તમે એક કલાકની ફાળવણી કરી હોય તો તમારે એ બાબતની પણ વિચારણા કરવાની રહેશે કે પ્રાંગણમાં કેટલાં કૂંડાં છે, કેટલા વિદ્યાર્થીઓ છે અને કૂંડાં રંગવાની સામગ્રી જેવી કે કૂચડા વગેરે કેટલા છે અને ગેરુ રંગ તૈયાર કરવા માટેના સમયનો એક કલાકની સમયમર્યાદામાં સમાવેશ થયેલ છે કે કેમ? અથવા તે માટે અલાયદો સમય તો નક્કી કર્યો છે કે કેમ? શું પ્રત્યેક વિદ્યાર્થી એક એક કૂંડાં પર રંગકામ કરશે કે પછી આ સામૂહિક પ્રવૃત્તિ હશે? આ બધા જ મુદ્દાઓ પર પ્રવૃત્તિઓની સમયમર્યાદાની પસંદગી તમારો હેતુ સિદ્ધ કરવા મહત્ત્વપૂર્ણ બની રહે છે.

સ્થળ બાબતે તમે કેટલાક મુદ્દાઓ પર વિચારણા કરી શકો છો જે પ્રશ્ન સ્વરૂપે નીચે દર્શાવેલ છે.

- શું તમે પસંદ કરેલ સ્થળ બાળકોને શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુરક્ષા પ્રદાન કરવા માટે સક્ષમ છે?
- વ્યક્તિગત અથવા સામૂહિક પ્રવૃત્તિ માટે બાળકોને ઊઠવા-બેસવા તથા હરવા-ફરવા વગેરેની સુવિધા છે કે નહીં?
- બાળકો દ્વારા ઉપયોગમાં લેવાની થતી સામગ્રીને સુવિધાપૂર્ણ રીતે મૂકી શકાય તેવી વ્યવસ્થા છે કે કેમ?
- પ્રક્રિયા દરમ્યાન તમારા દ્વારા હરતા-ફરતા નિરિક્ષણ થઈ શકે છે કે કેમ અને તમારા દ્વારા થયેલ કાર્યનું પ્રદર્શન કરતી વખતે બધાં બાળકો તેને સરળતાથી જોઈ શકે છે કે નહીં?
- સંસાધનોની ઉપલબ્ધતા : શિક્ષકની એવી ઈચ્છા છે કે પોતાના વિદ્યાર્થીઓને છીપલાંની મદદથી કોઈ કલા-કૌશલ્ય કરાવે કારણ કે અગાઉ શિક્ષિકાએ પણ આ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિ અને સૌંદર્ય પ્રત્યેની અનુભૂતિ પામવા છીપલાંનો ઉપયોગ કર્યો હતો. આ જ કારણે તે

નોંધ

## કાર્યશિક્ષણમાં કૌશલ્યનો વિકાસ (પ્રાયોગિક)

વિદ્યાર્થીઓને છીપલાંમાંથી જાતજાતની અને ભાતભાતની આકૃતિ તથા આકાર બનાવી શકાય એવા છીપલાં લાવવા કહે છે. તમે પછીના દિવસના દૃશ્યનું અનુમાન કરી શકો છો જ્યારે ૪૦ બાળકોમાંથી માત્ર ૩ વિદ્યાર્થી છીપલાં લાવ્યાં હતાં અને તે પણ ગણતરીનાં!

શિક્ષિકાના ચહેરા પર નિરાશાના ભાવ વર્તાય છે. વિદ્યાર્થીઓને બે દિવસનો સમય આપ્યા પછી પણ પરિસ્થિતિ તો એની એજ છે. તેણીના મત અનુસાર-

- બાળકો આટલી સારી પ્રવૃત્તિ કરવા ઉત્સાહ કેમ દાખવતાં નથી.
- આ પ્રકારનું કૌશલ્ય દાખવે તે માટે વાલીઓ પોતાનાં બાળકને સામગ્રી અપાવવામાં કેમ સહાયરૂપ બનતા નથી.

તમે તો આવું વિચારી રહ્યા નથી ને? તમે બરાબર જ સમજ્યા છો. સંસાધનો અને સામગ્રીની પસંદગી સ્થાનિક વાતાવરણને બાજુ પર રાખીને કેવી રીતે થઈ શકે છે. નદી કે સમુદ્ર કિનારે વસવાટ કરતા કસબા તથા શહેરોનાં બાળકો પાસેથી છીપલાં એકઠાં કરવાની અપેક્ષા રાખી જ શકાય. પરંતુ દરેક વિસ્તારનાં બાળકો તો પ્રત્યેક વસ્તુ સાથે અનુસંધાન- રસરુચિ દાખવી શકે નહીં ને? હા, એ વાત બની શકે કે છીપલાં ખરીદી શકાય પરંતુ શું દરેક બાળકમાં છીપલાં ખરીદવાની શક્તિ- સામર્થ્ય હોઈ શકે ખરાં? બીજી મહત્ત્વની વાત એ છે કે ખરીદીને એકઠી કરેલી સામગ્રી થકી પ્રવૃત્તિ પાછળ છુપાયેલા ઉદ્દેશ્યો સિદ્ધ થઈ શકે ખરા?

**તમારી પ્રગતિ ચકાસો- ૧**

૧. કાર્યશિક્ષણની બાબતમાં પ્રવૃત્તિઓની પસંદગી કરતી વખતે તમે કયા કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખશો?

.................................................................

.................................................................

.................................................................

૨. પહાડી વિસ્તારમાં આવેલી સરકારી માધ્યમિક શાળાના ધોરણ- ૬, ૭ અને ૮ ની બે-બે પ્રવૃત્તિઓનું વર્ણન કરો અને તે પણ જણાવો કે આ પ્રવૃત્તિઓની પસંદગી કયા આધારે કરી છે?

.................................................................

.................................................................

.................................................................

## ૧૪.૩ પ્રવૃત્તિઓનું પ્રત્યક્ષ દર્શન

પ્રવૃત્તિઓના આયોજનનો હેતુ સિદ્ધ થાય એ માટે તમે જુદી જુદી પદ્ધતિઓ, ટેકનિક અને સામગ્રીઓને ઉપયોગમાં લેશો. જો કે કોઈ પણ પ્રવૃત્તિના સંચાલનની પદ્ધતિ, સ્થળ અને વ્યક્તિના અનુભવોના આધારને કારણે અલગ પડશે, તેમ છતાં પ્રસ્તુત એકમ માટે કેટલીક પ્રવૃત્તિઓ સૂચવવામાં આવે છે.

## ૧૪.૩.૧ માચીસના માથાવાળી ઢીંગલી

*અભ્યાસનાં અપેક્ષિત પરિણામો -*

- *જૂની વસ્તુઓનો નવી રીતે ઉપયોગ કરવાનું શીખી શકાશે.*
- *હાથ અને આંખનો સમનવ્ય સાધી શકાશે.*
- *કાગળ પર રંગની મદદથી જાતજાતના ચહેરાઓ બનાવવાનું શીખી શકાશે.*
- *વાર્તા કથનથી શ્રોતાગણને અભિભૂત કરવાનું તથા નવા નવા શબ્દ પ્રયોગ ઉપયોગમાં લેવાનું શીખી શકાશે.*
- *નાટક ભજવવાનું શીખી શકાશે.*

**સામગ્રી અને સાધનો :**

- *જૂનાં (વપરાયેલાં ) અખબારો*
- *મોટી દોરી કે સૂતળી*
- *માચીસનું ખોખું*
- *સાવરણાની સળીઓ*
- *હાર્ડબોર્ડ પર બનેલા રંગીન ચહેરાઓ*
- *ફેવિકોલ*

*કેવી રીતે બનાવીએ*

- *માચીસના ખોખાની લાંબી મધ્યરેખા પર ફેવિકોલથી સળીયો ચિપકાવવી. સળીનો ૨/૩ ભાગ માચીસના ખોખાની બહાર કાઢેલો રાખો તે પછી આ સળીઓ પર ઢીંગલીનું શરીરનો મધ્યભાગ ચિપકાવી શકાશે.*
- *કાર્ડબોર્ડના ચહેરાને માચીસ પર ચિપકાવી દો.*
- *અખબારની ૭ સે.મી. થી ૧૨ સે.મી. પહોળાઈની લાંબી લાંબી પટ્ટીઓ કાપીને તૈયાર કરો.*
- *એક પટ્ટીને પેન્સિલ ઉપર સખત રીતે વીંટાળી દો.*
- *કાગળના છેલ્લા પડને ફેવિકોલથી ચિપકાવો. પછી પેન્સિલને દબાવી બહાર કાઢી દો.*
- *અખબારના કાગળની આવી ૯ ભૂંગળીઓ બનાવો.*
- *હાથ બનાવવા માટે ૨ ભૂંગળીઓમાં દોરી પરોવો. હથેળીવાળા છેડે દોરીની ગાંઠ મારી દો.*
- *દોરીના મધ્યભાગને ગરદનની જગ્યાએ સળી સાથે બાંધી દો. બાકીની દોરીમાં બીજી ૨ ભૂંગળીઓ પરોવી બીજો હાથ બનાવો. બીજી હથેળીના છેડે પણ ગાંઠ મારી દો.*
- *આવી જ રીતે પગ પણ તૈયાર કરો. પગની દોરી શરીરવાળી ભૂંગળીમાં પરોવી ગરદનની જગ્યા પર સળી સાથે બાંધી દો. ( જો તમે દોરી વડે ચાલતી કઠપૂતળી બનાવવા ઈચ્છતા હો તો એક લાંબી અને મજબૂત દોરીનો ઉપયોગ કરો)*

નોંધ



- રંગીન કાગળ અથવા કપડાંની ચીંદરડીઓમાંથી કઠપૂતળીનો પહેરવેશ બનાવી શકાય છે.

## ૧૪.૩.૨ રબ્બરનાં રમકડાં

અભ્યાસનાં અપેક્ષિત પરિણામો

- બિન ઉપયોગી સામગ્રીમાંથી રમકડાં બનાવવાની બાળકની ઈચ્છા વિકસિત થશે.
- લંબાઈ અને પહોળાઈનું જ્ઞાન પ્રાપ્ત થશે.
- અલગ અલગ આકાર તૈયાર કરવાનું શીખશે.
- બાળકોના રસરુચિ અનુસાર નવી રમતો માટેની કલ્પનાશક્તિને વેગ મળશે.

સાધન અને સામગ્રી.

- રબ્બરનું જૂનું સ્લીપર
- કંપાસ (પરિકર)
- બોલપેનની વપરાયેલી રિફીલ
- વાંસની પાતળી સળી
- પાચળી મજબૂત દોરી
- જાડી દોરી
- માચીસની વપરાઈ ગયેલી દીવાસળીઓ
- ચપ્પુ
- જૂના અખબારની થપ્પી, જેના પર રાખીને રબ્બર કાપી શકાય.

કેવી રીતે બનાવી શકાય છે?

- જૂની (ઉપયોગમાં ન આવનારી) હવાઈ સ્લીપરમાંથી ૫ સે.મી. ની પહોળી એક પટ્ટી કાપો .
- આ પટ્ટીમાંથી V આકારના જેટલા થાય એટલા ટૂકડા કરો.
- કંપાસની અણીથી V આકારના ટૂકડાની બંને બાજુ કાણાં પાડો. આ કાણાં થોડાં ત્રાંસાં અને અંદરની બાજુએ હોવાં જોઈએ.
- બોલપેનની રિફીલના બે ટુકડા કરો અને તેને V આકારમાં બનાવેલા કાણાંમાં નાખી દો.
- મજબૂત અને પાતળા દોરાના ૧૨૫ સે.મી. લાંબા ૨ ટુકડા લો બંનેના એક એક છેડાને વાંસની દાંડી સાથે મજબૂત બાંધી દો. દાંડીની વચોવચ એક ખાંચો બનાવો એમાં મોટી દોરીથી કંકણ બાંધો.
- દોરીના બીજા છેડાને રિફીલના ટૂકડામાંથી પરોવી બહાર કાઢો. હવે તેમાં એક એક માચીસની દીવાસળી બાંધી દો.
- વચ્ચેના કાંટાને ખીંટી સાથે લટકાવી દો.

- હવે બંને સળીઓને એક એક હાથમાં પકડી ધીમેથી ખેંચો જેથી દોરી તંગ થાય. હવે દોરીને વારંવાર ડાબી જમણી તરફ ખેંચો. તમે જોઈ શકશો કે રબ્બરનો V ઉપર ચડી રહ્યો છે. દોરીને ઢીલી છોડવાથી રબ્બરનો V સરકીને નીચે આવી જાય છે. આ ક્રિયા દોહરાવો.

નોંધ- રબ્બરના V ઉપર મધમાખી અથવા પતંગિયાનું ચિત્ર ચિપકાવી શકાય. દાંડીની વચ્ચે એક ફૂલ પણ ટીંગાડી શકાય અથવા તો દેડકો અને માખી અથવા તો ગરોળી અને કીડાની જોડીનું ચિત્ર પણ ચિપકાવી શકાય. જ્યારે તેઓ ઉપર નીચે થશે તો એવું લાગશે કે તે એકબીજાનો પીછો કરી રહ્યા છે.

## ૧૪.૩.૩ માચીસની દીવાસળીની ગાડી

*અભ્યાસનાં અપેક્ષિત પરિણામો*

- બિન ઉપયોગી વસ્તુઓમાંથી રમકડાં બનાવવાનું શીખી શકશો.
- કાતરથી ભિન્ન ભિન્ન આકારની આકૃતિ કાપવાનું શીખી શકશો.
- સમૂહમાં કાર્ય કરવાનો અનેરો આનંદ મળશે.
- પરિવહનનાં સાધનો પર ચર્ચા કરી શકશો.
- કામ પૂરું થયા બાદ ચીજ વસ્તુઓને યોગ્ય જગ્યાએ વ્યવસ્થિત રીતે ગોઠવવાનું શીખી શકશો.

**સામગ્રી અને સાધનો**

- માચીસની ડબ્બીઓ
- કાતર
- રંગીન કાગળના ટૂકડા

**નાની ગાડી**

- માચીસનું એક ખાલી ખાનું અને વપરાયેલી અઢી દીવાસળીઓ.

**મોટી ગાડી**

- માચીસનાં બે ખાલી ખાનાં અને માચીસની બે ડબ્બી.

**જીપ**

- માચીસનું એક ખાલી ખાનું અને માચીસની એક ડબ્બી.

**બધા માટે**

- પૈડાં બનાવવા માટે જાડું પૂંઠું.
- બારીના કાચ બનાવવા માટે પારદર્શક પ્લાસ્ટિક.

**કેવી રીતે બનાવશો**

- માચીસનું એક ખાલી ખોખું લો. ખોખાની ઉઘાડી બાજુ પર પારદર્શક કાગળ ચોંટાડો. આ વાહનના આગળના કાચ જેવું કામ આપશે.

- ખોખાની ઉપર, નીચે અને દીવાસળી સળગાવવા માટે ચોંટાડેલા પદાર્થવાળી બાજુઓ પર રંગીન કગળ ચિપકાવી દો.
- હવે એક ખાલી માચીસ લો અને તેનું ખાલી ખાનું લગભગ $^1/_3$ જેટલું ખોલો. માચીસને હવે ઊંધું કરી પાછળની બાજુએથી ફેવિકોલ લગાવો જેથી બાકસનું ખાનું તેની જગ્યાએથી વધુ ખુલ્લે નહી.
- આની ઉપર પણ પહેલી માચીસ પર જે રંગનો કાગળ લગાવેલો છે તે જ રંગનો કાગળ ચિપકાવી દો.
- હવે ખોખાને પૂરેપૂરી માચીસ પર ચિપકાવી દો.
- પૂંઠામાંથી ગોળ ગોળ આકારનાં પૈડાં કાપો. પૈડાં તેના પર ચિપકાવી દો. કાગળની નેમપ્લેટ પણ લગાવી શકાય. લાલ રંગના બટનથી હેડલાઈટ પણ બનાવી શકાય.

ટ્રક

- બે ખોખા લો ચિત્રમાં બતાવ્યા પ્રમાણે કાપો. મસાલાવાળી સપાટી એમજ રેવા દો.
- માચીસના ખાલી ખાનાને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક કાપેલા ખોખામાં ફસાવો. આને પરિણામે ટ્રકનું એન્જિન અને તેનો ઘાટ બની જશે.
- ડ્રાઈવરની કેબીન બનાવવા માટે બીજા ખોખાને એન્જિનવાળા ભાગ પર ચિપકાવી દો. આ ખોખાની સામેવાળા ભાગમાંથી થોડો ભાગ કાપીને ડ્રાઈવર સાઈડની બારી બનાવો. હવે નીચે તરફ દેખાતી મસાલાવાળી સપાટીને કાપી નાખો.
- ટ્રકના આખાય ઢાંચા પર રંગીન કાગળની પટ્ટીઓ ચોંટાડી દો.

**જૂનાં મોજાંમાંથી કઠપૂતળી અથવા ઢીંગલી બનાવવી.**

અભ્યાસનાં અપેક્ષિત પરિણામો.

- ઢીંગલીનાં વસ્ત્રો બનાવવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા કાપડની ઓળખ કરી શકે છે.
- ઢીંગલીનું માપ લઈ શકશો.
- આકાર અને નામ પ્રમાણે કપડું કાપકૂપ કરી શકે છે.
- તૈયાર કરેલી ઢીંગલી અંગે કોઈ વાર્તાની કલ્પના કરી શકશો.

સામગ્રી અને સાધનો

- નાયલોનનાં જૂનાં મોજાં
- ઉન અથવા રૂ
- કતરણો (થોડીક મોટી, થોડીક નાની)
- સુશોભન માટે તારા, મોતી, મણકા વગેરે સામગ્રી.
- ફેવિકોલ




- સોય, દોરો, કાતર
- રબ્બર બૅન્ડ
- સ્કેચ પેન

**તમે કેવી રીતે બનાવશો**

- નાયલોનનાં મોજાંની જોડી લો.
- મોજાંનો ઉપરનો ભાગ છોડીને બાકીની જગ્યામાં રૂ ભરો.
- ઉપરના ભાગને રબ્બરના બૅન્ડથી બાંધી દો.
- મોજાંના એડીવાળા ભાગ પર રબ્બર લગાવ્યા બાદ થોડી જગ્યા છોડીને ફરી એક રબ્બર લગાવો.
- તમે મોજાંના ૩ ભાગ બનાવ્યા છે.
- હવે કપડાંની કતરણો પર જરૂર મુજબ આંખ, નાક, હોઠ વગેરે બનાવીને મોજાંના ઉપરના ભાગમાં ચોંટાડો અથવા ટાંગી દો.
- કતરણમાંથી લેંઘો-કુર્તો/સલવાર-ખમીસ/ ઓઢણી બનાવીને ઢીંગલીને પહેરાવી દો.
- ચાંદલો, જરી વગેરેથી સુશોભિત કરો.

સ્વ-મૂલ્યાંકન

- તમારી ઢીંગલી ઉત્તરપ્રદેશની હોય તેવી લાગે તો તમે ઢીંગલીને કેવાં વસ્ત્રો પહેરાવશો?
- ઢીંગલી / ઢીંગલાના માપ લેતી વખતે કયો ક્રમ અપનાવશો?
- કોઈ વાર્તા લખો.

## ૧૪.૩.૪ પૂંઠા (કાર્ડબોર્ડ) માંથી મહોરું બનાવવું

**અભ્યાસનાં અપેક્ષિત પરિણામ**

- આ પ્રક્રિયામાં વપરાતી યોગ્ય સાધન સામગ્રીની ઓળખ કરી શકશો.
- વાર્તા કવિતા તથા અન્ય પરિસ્થિતિમાં મહોરાનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે જાણી શકશો.
- આંખ, નાક વગેરેનો ત્રિ-પરિમાણીય ઉપયોગ જાણી શકશો.

**સામગ્રી અને સાધનો**

- કાર્ડબોર્ડ શીટ
- ફેવિકોલ.
- કાતર
- પોસ્ટર રંગ અને પીંછી

નોંધ

## કાર્યશિક્ષણમાં કૌશલ્યનો વિકાસ (પ્રાયોગિક)

**કેવી રીતે બનાવશો?**

- કાર્ડબોર્ડ શીટ લો. એક મોટી રકાબીની મદદથી તેના પર એક વર્તુળ દોરો. આ ગોળાકારને કાતર વડે કાપી, વર્તુળનો ભાગ અલગ કરો.
- આ વર્તુળને તમારા મનપસંદ રંગથી રંગો.
- આંખ, કાન, નાક, હોઠ બનાવવા માટે કાર્ડબોર્ડના અલગ ટૂકડાં કાપો.
- જો બિલાડીનું મહોરું બનાવવું હોય તો પૂંઠું કાનની આકૃતિ જેવું કાપીને તૈયાર કરો. નાક ત્રિકોણ આકાર જેવું કાપો. આંખ ગોળાકાર અને વાળ માટે વર્તુળ ઉપર જ નાના નાના કાપા કરો.
- તમારો મનપસમદ રંગ કરો.
- ફેવિકોલ વડે યોગ્ય જગ્યાએ આ બધા ટૂકડાઓ ચોંટાડી દો.

જોકર અથવા અન્ય મહોરાં બનાવવા માટે આંખ, કાન , નાક વગેરેના આકારમાં ફેરફારઆંણી શકાય. જેમ કે ઝીણી ઝીણી આંખો, લાંબા લાંબા કાન, નીચે લટકતા હોય તેવા મોટા મોટા હોઠ.

નોંધ-

- આંખો માટે ચાંદલાનો ઉપયોગ કરી શકાય.
- નાકની જગ્યાએ ટૂથપેસ્ટનું ઢાંકણ ચિપકાવી શકાય.
- વાળની જગ્યાએ શણનો ઉપયોગ કરી શકાય.
- હોઠ બનાવવા માટે આઈસ્ક્રિમની નાની ચમચીનો ઉફયોગ કરી શકાય.
- જો પોસ્ટર કલર પ્રાપ્ય ન હોય તો રંગીન કાગળ પણ ચોંટાડી શકાય છે.

**સ્વ-મૂલ્યાંકન**

- જો એક ચાંદલો નાનો કપાઈ જાય તો તમે શું કરશો?
- કાન, નાક, આંખ વગેરે ચોંટાડતી વખતે શું કાળજી લેશો?
- આમ મહોરાનો ઉપયોગ કરીને રાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત કરવા માટે એક કવિતા કે વાર્તા બનાવો

**તમારી પ્રગતિ ચકાસો- ૨**

૧. સુતરની સાદડી બનાવવા માટે પ્રાપ્ય સામગ્રીનો ઉપયોગ કરવાની પ્રક્રિયાનાં સોપાન દર્શાવો.

........................................................................

........................................................................

........................................................................

૨. પ્રવૃત્તિઓનું પ્રદર્શન કરતી વખતે કયા કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખશો? કોઈ પણ પાંચ મુદ્દા આલેખો.

..................................................................................

..................................................................................

..................................................................................

## ૧૪.૪ ઉપસંહાર

આ પ્રકરણના માધ્યમ દ્વારા તમે એ બાબતથી વાકેફ થયા કે શાળાની જરૂરિયાતો જોતાં, કેવી રીતે કાર્યશિક્ષણ કાર્યક્રમની અસરકારક યોજના બનાવી શકાય છે. તમે એ મુદ્દાઓ પ્રત્યે ધ્યાન આપ્યું હશે કે કોઈ પણ પ્રવૃત્તિની પસંદગીનો મુખ્ય આધાર મુદ્દા ઉપર રહેલો છે, જેમ કે વિદ્યાર્થીઓની રસરુચિ, શારીરિક -માનસિક ક્ષમતાઓ, સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ, સંસાધનોની પ્રાપ્યત, સહયોગીઓનો દષ્ટિકોણ, દર્શકોનો દષ્ટિકોણ તથા સૌથી મહત્ત્વપૂર્ણ છે તમારો પોતાનો દષ્ટિકોણ.

આ પ્રકારે તમે જાણકારી મેળવી કે કાર્યશિક્ષણની પ્રવૃત્તિઓ સૂચનાત્મક હોય છે. નવા નવા સૂચનો/સૂઝાવો આપી શકાય છે. પરંતુ કોઈ ખાસ શાળા માટે અન્ય સંસ્થાનો આશરો લઈ શકાય નહીં.

તમે એ પણ જોયું હશે કે કોઈ નમૂનાનું નિર્માણ કરવા માટે કયા કયા પ્રકારની સાધન-સામગ્રીની જરૂરિયાત પડે છે અને નિર્માણ પ્રક્રિયાની કઈ કઈ પદ્ધતિઓ હોય છે.

## ૧૪.૫ સંદર્ભસૂચિ


- J.C. Aggarwal, “Health and Physical Education” Doaba Publication: Delhi (2009)
- Dhananjoy Shaw, seema Kaushik, “Lesson Planing – Teaching Methods and Management in Physical Education” Khel Sahitya Kendra (2001)
- Kamlesh, M.L. and Sangral, M.S., “Methods in Physical Education” Parkeash Brothers, Ludhiana.
- Read more: http:// www.livestrong.com/article/ 168412- dodgeball- games/ #ixzz1Yy4fnekc
- http://www.indiaparenting.com/alternative-healing/12_765/yoga-forchildren. html
- Read more: http://www. livestrong.com/ article/168412-dodgeball- games/ #ixzz1Yy4ZUUM9


## ૧૪.૬ સ્વાધ્યાય

૧. જૂનાં કપડાં, મોજાં, રૂ વગેરે સામગ્રીની મદદથી કઠપૂતળી બનાવવાની પ્રક્રિયા દર્શાવો.

નોંધ

# એકમ- ૧૫ કાર્યશિક્ષણ અને સમાજની ભૂમિકા

**સંરચના**

૧૫.૦પ્રસ્તાવના

૧૫.૧ અધ્યયન હેતુઓ

૧૫.૨ કાર્યશિક્ષણના સંબંધમાં સમાજની ભૂમિકા

૧૫.૩ કાર્યશિક્ષણના અમલીકરણ માટે સામાજિક સંસાધનોની ઓળખ અને ઉપયોગિતા.

૧૫.૩.૧ અધ્યયન -અધ્યાપનની પ્રક્રિયામાં સમાજનો સહયોગ

૧૫.૩.૨વિદ્યાર્થીઓ અને શાળાના મૂલ્યાંકનની પ્રક્રિયામાં સમાજનો સહયોગ

૧૫.૪કાર્યશિક્ષણની અગત્યના સંદર્ભમાં વાલીઓ તથા સમુદાય માટે વિશિષ્ટ માર્ગદર્શક કાર્યક્રમોનું આયોજન

૧૫.૫ ઉપસંહાર

૧૫.૬ સંદર્ભસૂચિ

૧૫.૭સ્વાધ્યાય

## ૧૫.૦ પ્રસ્તાવના

તમે ક્યારેય આ કથન "અસરકારક શિક્ષણ માત્ર ને માત્ર વિદ્યાલય, પરિવાર અને સમાજની ત્રેવડી જવાબદારી પર જ નિર્ભર છે." પર ઊંડાણથી વિચાર્યું છે. આ કથનના એવા મહત્ત્વના તથ્ય તરફ ઈશારો કરે છે કે બાળકોનું શિક્ષણ સમગ્રપણે માત્ર વિદ્યાલયની જવાબદારી પર નિર્ભર નથી પરંતુ લોકભાગીદારી પણ અત્યંત આવશ્યક છે. આ પ્રકરણના માધ્યમથી તમે એ બાબતથી જ્ઞાત થશો કે સમાજ વિશે આપણા સૌનો અભિપ્રાય શો હોઈ શકે.

સાધનોની ભરમાર અને ટાંચા સાધનો- આ બંને પરિસ્થિતિમાં વિદ્યાલય કેવી રીતે સમાજના સહયોગની અપેક્ષા રાખે છે અને ખાસ કરીને સમાજનો સહયોગ શા માટે અને કઈ રીતે કાર્યશિક્ષણને દીપાવવામાં ઉપકારક બની રહે છે. તમે એ પણ જાણી શકશો કે વાલીઓએ કાર્યશિક્ષણના મહત્ત્વને કયા મુદ્દાથી ચકાસવું જોઈએ. તમે એ બાબતથી પણ પરિચિત થશો કે વાલીઓને કાર્યશિક્ષણનું મહત્ત્વ કઈ પદ્ધતિથી સમજાવવું જોઈશે અને શાળાની શિક્ષણ વ્યવસ્થામાં કાર્યશિક્ષણે સંદર્ભે વાલીઓ પાસેથી કેવી કેવી અપેક્ષાઓ છે.

## ૧૫.૧ અધ્યયન હેતુઓ

આ એકમના હેતુઓ નીચે પ્રમાણે છે.

- સમાજના અભિગમથી તેમને વાકેફ કરવા.
- સામાજિક સહયોગની મહત્તાનો વર્ણન કરવું.
- સમાજમાં પ્રાપ્ય સંસાધનોની ઓળખ કરવી.
- સામાજિક સંસાધનોને આમંત્રિત કરવાની પદ્ધતિઓનો ઉલ્લેખ કરવો.
- વાલીઓને કાર્યશિક્ષણના મહત્ત્વથી વાકેફ કરવાના ઉપાયોનો પરિચય કરાવવો.

## ૧૫.૨ કાર્યશિક્ષણના સંદર્ભમાં સમાજની ભૂમિકા

શાળાની શિક્ષણ પદ્ધતિમાં કાર્યશિક્ષણ માટે સામાજિક સહયોગ પ્રાપ્ત કરતા પહેલાં સમાજની પરિકલ્પનાનો વિચાર કરવો જોઈએ.

સમાજ એક નિશ્ચિત વિસ્તાર પર વસવાટ કરતા એવા લોકોનો સમૂહ છે, જે પોતાની રોજબરોજની જરૂરિયાતો પૂર્ણ કરવા સારુ ઉપલબ્ધ સાધન સગવડોનો સમાન રીતે ઉપભોગ કરતો હોય છે અને સાથોસાથ એક બીજા પર આધારિત હોય છે.

સમાજનું વર્ણન ઘણા લોકોના એક સમૂહથી લઈને આખા વિશ્વના લોકો સુધીનું કોઈ પણ હોઈ શકે છે. સમાજની પરિકલ્પના પ્રત્યેક દૃષ્ટાંતની સાથે પરિવર્તન પામતી રહે છે. તેમ છતાં આપણે એ સમજી શકીએ છીએ કે સમાજની પરિકલ્પનામાં નીચેની શરતો આવશ્યક છે.

- સમાજ અલગ અલગ વ્યક્તિઓના ભેગા મળવાથી બને છે, જેમ કે શરીર અલગ અલગ કોષોના મિલનથી બને છે.
- જાણ્યે -અજાણ્યે બધા લોકો એક સામૂહિક લક્ષ માટે એકબીજા સાથે જોડાયેલા હોય છે.
- સમાજના સભ્યો વચ્ચે સંબંધ અને શરીર વચ્ચે કોશિકાઓના સંબંધની જેમ એક પ્રકારનું બંધન હોય છે અને તેમાં આપલેનો સંબંધ હોય છે.
- એક નિશ્ચિત લક્ષ પામવા માટે બધી વ્યક્તિ સાથે મળીને પ્રયાસ કરે છે અને પોતાના અનુભવો વહેંચે છે.

મહાત્મા ગાંધીએ શાળા અને સમાજને એકબીજાની નજીક આવવાની બાબતે ભાર મૂકતા કહેલું, “જો શિક્ષણ દ્વારા નવી સામાજિક વ્યવસ્થા ઊભી કરવી હશે તો શિક્ષણ અને સમાજ અલગ અલગ નહીં રાખી શકાય.”

આપણે બધા જાણીએ છીએ કે અધ્યાપકો અને વાલીઓ વચ્ચેનું સામાજિક અંતર ઘટે તોજ શિક્ષણ પ્રક્રિયા સમૃદ્ધ થાય છે. બાળકોની જરૂરિયાતોના સંદર્ભમાં સમાજે એક વિદ્યાલય ચિંતા કરે તેટલી જ ચિંતા કરવાની જરૂર છે. એવી સ્થિતિનું નિર્માણ ન થવું જોઈએ કે સમાજ બાળકના વિકાસ અને શૈક્ષણિક સફળતા માટે માત્રને માત્ર વિદ્યાલયની જ સઘળી જવાબદારી ન માની લે. વિદ્યાલય સમાજ પાસેથી એવી અપેક્ષા રાખે છે કે....



નોંધ

## કાર્યશિક્ષણ અને સમાજની ભૂમિકા

- બાળકોને નિયમિતપણે શાળાએ મોકલવા જોઈએ.
- વિદ્યાલયના સમયપાલન પરત્વે સમાજ દ્વારા ધ્યાન રાખવામાં આવે.
- વિદ્યાલયની શૈક્ષણિક પ્રક્રિયાના નિરીક્ષણમાં ભાગીદારી વધારે.
- કાર્યશિક્ષણ સંબંધી પ્રવૃત્તિઓની પસંદગીમાં સમાજ પોતાનો મત રજૂ કરે.
- શાળાના સમયપત્રકમાં કાર્યશિક્ષણ માટે જરૂરી સમય નક્કી કરવા બાબતે સમાજ પોતાનો અભિપ્રાય રજૂ કરે.
- કાર્યશિક્ષણની પ્રયોગશાળા ઊભી કરવામાં સમાજ પોતાનો સક્રિય સહયોગ આપે ઉદાહરણ તરીકે- જરૂરી સાધન-સામગ્રીના ખરીદ વેચાણમાં ભાગીદારી, તેની મરામત અને જાળવણીની જાણકારીનું જ્ઞાન વગેરે.
- કાયશિક્ષણ અંતર્ગત પ્રવાસ આયોજનમાં સહયોગ આપે.
- પ્રવૃત્તિઓના પ્રદર્શનમાં સહયોગ કરે.
- વિદ્યાર્થીઓના અભ્યાસકીય મૂલ્યાંકન અને આકલનમાં સમાજની સક્રિય ભાગીદારી.

ઉપર્યુક્ત મુદ્દાઓ ઉપરાંત જ્યાં સમાજની ભાગીદારીથી કાર્યશિક્ષણના અમલીકરણને અસરકારક બનાવી શકાય તેવા ક્ષેત્રના સંભવિતતાઓ પર વિચારણા કરી શકાય. અહીં એક વધારાનો મુદ્દો મહત્ત્વનો બની રહે છે તે એ છે કે વિદ્યાલય સમાજ પાસેથી અપેક્ષાઓ રાખવી જોઈએ નહી. પરંતુ સમાજોત્થાન માટે વિદ્યાલય પોતાની સેવાઓ સમાજ તરફ વાળવી જોઈએ. એનો અર્થ એટલે થઈ શકે કે પારસ્પરિક સેવાઓના આદાન-પ્રદાનથી એકબીજાને પૂરક બની શકાય. અધ્યાપકો અને વાલીઓ વચ્ચેનું સામાજિક અંતર દિનપ્રતિદિન ઘટતું જાય એ દિશાના પ્રયત્નોને કારણે શિક્ષણ પ્રક્રિયા સરળ અને વ્યાપકપણે સમૃદ્ધ થઈ શકે છે. વિદ્યાલય એક અલગ સંસ્થા તરીકે પોતાની ઓળખ સ્થાપિત ન કરે પરંતુ સમાજનો એક અભિન્ન હિસ્સો બને તે માટે વિદ્યાલયે સમાજ માટે પોતાનાં દ્વાર હંમેશ માટે ખુલ્લાં રાખવા જોઈએ.

વિદ્યાલય પણ સમાજ માટે ઘણી બધી પ્રવૃત્તિઓનું સુપેરે આયોજન કરી શકે છે. જેમ કે...

- કાર્યશિક્ષણ અંતર્ગત એવી પ્રવૃત્તિઓ પર પસંદગી ઉતારે જેના માધ્યમથી સમાજમાં સાર્વજનિક પરબોની સફાઈ, રસ્તા પર પડેલા ખાડા પૂરવા, સાર્વજનિક બગીચામાં માળીકામ, દેશી ખાતરની વ્યવસ્થા વગેરે જેવા કાર્યક્રમો અમલમાં મૂકે.
- શિલ્પીઓ સાથે રૂબરૂ મુલાકાત તથા વિચાર-વિમર્શનો કાર્યક્રમ આયોજિત કરવો જોઈએ તથા તેઓની શિલ્પકળાથી લોકો પરિચિત થાય અને નવી ઓળખ સાથે શિલ્પીઓનો આત્મવિશ્વાસ પણ વધે.
- વિદ્યાર્થીઓ દ્વારા શાળાએ નહી જઈ શકતાં બાળકો તથા પ્રૌઢ નિરક્ષરોની સંખ્યાનો તાગ મેળવી શકાય તે માટે મોજણી કરવી જોઈએ. ફક્ત મોજણીથી કામ પતે તેવું નહી માની લેતાં, કેટલીક એવી પ્રવૃત્તિઓનું પણ આયોજન થઈ શકે કે જેથી પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોનું આયોજન અને સંચાલન થઈ શકે તથા શાળાએ નહીં જઈ શકનાર બાળકોને શાળાએ જવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

નોંધ

- પલ્સ પોલિયો જેવાં અભિયાનોને સફળ બનાવવા માટે વિદ્યાલયો પર્યાપ્ત સ્થળ સુવિધા પ્રદાન કરે અને સાથે સાથે અધ્યાપકો અને શિક્ષકોની સેવાનો સહયોગ પ્રદાન કરે.
- સામાજિક તહેવારો- ઉત્સવોના આયોજનમાં સુશોભનને લગતી બાબતોમાં વિદ્યાલયો સહભાગીદારી નોંધાવી શકે.
- વિદ્યાર્થીઓને શ્રમજીવીઓના મહત્ત્વથી એવી રીતે અવગત કરાવવા જોઈએ જેથી વિદ્યાર્થીમાં માન સન્માનની ભાવના કેળવાય.
- સ્થાનિક હસ્તકલા કારીગરીનાં પ્રદર્શનોના આયોજનમાં વિદ્યાલય પોતાનો ભૂમિકાનું મહત્ત્વ જણાવી શકે.

ઉપર જણાવેલ મુદ્દાઓ ઉદાહરણ તરીકે રજૂ કર્યા છે. તમે બધા તમારા સમાજની જરૂરિયાતોને સુપેરે સમજી શકો છો તેથી તમારી પાસેથી એવી અપેક્ષા રાખી શકાય કે સમાજનાં સંસાધનોનો ઉપયોગ તો થવો જ જોઈએ પરંતુ સમાજ પ્રત્યે તમારું યોગદાન પણ આયોજનબદ્ધ રીતે રજૂ થવું જોઈએ.

## ૧૫.૩ કાર્યશિક્ષણના અમલીકરણમાં ઓળખ અને સામાજિક સંસાધનોની ઉપયોગિતા

વિદ્યાલય અને સમાજના પારસ્પરિક સંબંધમાં સૌથી અગત્યની વાત એ છે કે સમાજ અને પર્યાવરણને સંસાધનોની દૃષ્ટિએ નીરખવાં જોઈએ. ગ્રામ્ય તેમજ શહેરી પર્યાવરણ અને સમાજ, એમ બંને અભ્યાસક્રમ નિર્માણનાં મહત્ત્વપૂર્ણ સંસાધનો છે.

ગ્રામ્ય પર્યાવરણની વિશાળ અને એનો શાતાભર્યો ઉઘાડ, જેમાં રમતજગત, જંગલ, તળાવ, નદી, વૃક્ષો, ફળાઉ વૃક્ષોના બગીચા, પશુ-પક્ષી વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં જ પર્યાવરણીય સંસાધનો અભ્યાસક્રમનાં મુખ્ય ઘટકો છે. આ જ પ્રકારે વ્યસ્ત ધંધા રોજગારનાં કેન્દ્રો, ઔદ્યોગિક પરિસર, નાનાં-મોટાં રહેઠાણ સમૂહો, ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતી વસતી, અનાજ-કરિયાણાનું બજાર, શાક માર્કેટ, ઢોરના તબેલા અને હવાડા, સાંસ્કૃતિક કેન્દ્રો, નૃત્ય-સંગીત, રંગભૂમિ, કુસ્તી-વ્યાયામના અખાડા- આ બધી જગ્યાએથી અભ્યાસક્રમ નિર્માણના અનેક સંયોગો પ્રાપ્ત થઈ શકે છે.

## ૧૫.૩.૧ અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં સમાજનો સહયોગ

અભ્યાસક્રમમાં ઘણા બધા કાર્યક્રમો અને રમત-ગમતનો સમાવેશ થાય છે, જે બાળકોનાં માતા-પિતા દ્વારા અમલમાં મૂકી શકાય. ભાષા, સામાજિક અધ્યયન તથા કળા અંતર્ગત કેટલીયે વિષય-વસ્તુઓને, બધાં તો નહીં પરંતુ કેટલાંક બાળકોનાં મા-બાપ અવશ્ય પાર પાડવામાં સક્ષમ હોય છે તથા તે કારણે તેઓ કંઈક વિશેષ કર્યાનું ગૌરવ પણ અનુભવશે. મા-બાપ ભણેલાં-ગણેલાં હોય એ જરૂરી નથી. અભણ મા-બાપ પણ અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં સહયોગ આપી શકે છે. ગામના મોટેરા વૃદ્ધો બાળકોને ગામની જૂની-પુરાણી, નાની મોટી વાતો તથા તેમના અતીતથી અવગત કરી શકે છે. એવી જ રીતે ગામના સુથાર-કડિયા, કુંભાર, ચિત્રકાર, સોની, લુહાર તથા અન્ય

કારીગરો બાળકોને નાનાંથી માંડી મોટાંમાં મોટાં કાર્ય કરવા તથા સુંદર વસ્તુઓ તૈયાર કરવામાં સહાયરૂપ બની, બાળકોમાં આનંદનું વાતાવરણ ખડું કરી શકે છે. માટીનાં રમકડાં બનાવવા, સ્થાનિક પરિવેશ દ્વારા સરળ અને ઉપયોગી માહિતી પૂરી પાડવાનું કાર્ય- આ બધું વસ્તી/ગામ/શહેરના મોટેરાં અને વૃદ્ધો સિવાય બીજું કોણ પૂરું પાડી શકે?

- તમે બાળકોને ભ્રમણ કરવા લઈ જવા ઈચ્છો છો. એકલા ભ્રમણ પર જવામાં મુશ્કેલી અનુભવો છો. એવામાં શું તમે ભ્રમણે જવાનું મુલતવી રાખશો કે પછી કોઈ વાલીનો સહયોગ લેવાનું પસંદ કરશો.
- સ્થાનિક વાતાવરણમાં ઘણાં એવાં ઝાડ-છોડ હોય છે જેને તમે ઓળખી શકતા નથી. ક્યારેક શિક્ષકો પણ તેને ઓળખતા હોતા નથી. તમે એવા સમયે વર્ગમાં એવાં બાળકો કે જેમનાં મા-બાપ વનસ્પતિજગતથી જાણકાર છે એવા વાલીઓ પાસેથી જાણકારી મેળવવામાં હિચકિચાટ અનુભવશો નહીં.
- એક યા બીજા પ્રકારે તમે એ બાબતની જાણકારી પ્રાપ્ત કરી જ હશે કે અમુક બાળકોના માબાપ, ભાઈ-બહેન અથવા સગાસંબંધી સરળ યૌગિક ક્રિયાઓમાં નિપુણ છે. તમે તેઓનો સહયોગ લઈ શકો.
- મેળા-ઉત્સવો-તહેવાર વગેરેનાં આયોજનમાં તો વાલીઓની ભૂમિકા હદ બહારની હોય છે. સામાજિક પશ્ચાદ ભૂમિકા ધ્યાનમાં લઈ તમે તેઓની ભૂમિકા અને સહયોગનાં ક્ષેત્ર અને મર્યાદાઓ નક્કી કરી શકો છો.

## ૧૫.૩.૨ વિદ્યાર્થીઓ અને શાળાના મૂલ્યાંકનની પ્રક્રિયામાં સમાજનો સહયોગ

સામાન્ય રીતે મૂલ્યાંકન શબ્દ દ્વારા કોઈ પણ વસ્તુનું મૂલ્ય આંકવાની પ્રક્રિયાનો ખ્યાલ આવે છે પરંતુ શિક્ષક હોવાના નાતે આપણે એના યાંત્રિક કસબને નકારી શકીએ નહીં. બાળકોએ અભ્યાસ, લેખન, ગણિતમાં કેટલા ગુણ પ્રાપ્ત કર્યા છે એટલે કે બાળકને આ વિષયોમાં જે કાંઈ પણ ભણાવવામાં આવ્યું છે, શું બાળકોએ તેને સ્મૃતિમાં સંઘર્યુ છે? કેટલું યાદ રાખ્યું છે? માત્ર આટલું જ જાણવાનો મૂલ્યાંકન સંબંધી પ્રક્રિયાઓનો હેતુ નથી.

ખાસ કરીને જીવન જીવવાની કળા મૂલ્યાંકનના આ પારંપરિક સ્વરૂપથી કેટલુંય ભિન્ન અને વિસ્તૃત છે. મૂલ્યાંકનનો હેતુ માત્ર બાળકોના જે તે વિષયના જ્ઞાન અંગેની સૂચનાઓ એકત્રિત કરવાનો જ નથી પરંતુ તેના વ્યક્તિત્વના વિકાસનો બહુવિધ બાજુઓની જાણકારી મેળવવાનો પણ છે. આ જાણકારીના આધારે જ આપણે વ્યક્તિવિશેષની જરૂરિયાતોને લક્ષ્યમાં લઈ સામૂહિક પ્રવૃત્તિઓનું આયોજન વિચારવું જોઈએ. આ પ્રકારની મૂલ્યાંકન પ્રક્રિયામાં બાળકના પરિવારનો સહયોગ એટલો જ જરૂરી છે કારણ કે આપણે આ બાબતમાં એ પણ જોવાનું રહેશે કે બાળકોની વાણી-વ્યવહારમાં શું કોઈ પરિવર્તન આવ્યું છે કે કેમ? શું તેમનું બાળક પોતાની ચીજ-વસ્તુઓ સારી રીતે રાખે છે? શું તે

સાફ-સુથરો રહે છે? શું તે મોટેરાંઓને માન આપે છે અને શું તે પોતાના મિત્રો અને પાડોશીઓને ગામમાં ઉપલબ્ધ સુવિધાઓ વિશે જાણકારી આપે છે? આ બધી બાબતોની જાણકારી આપણને બાળકોનાં માતા-પિતા, વાલીઓ અને આડોશ-પાડોશમાંથી મળી રહે છે. આપણે આ પ્રકારની માહિતી મેળવવામાં અસમંજસતા અનુભવવી જોઈએ નહીં અને તેઓ દ્વારા મળેલ માહિતી બાબતે અવિશ્વાસ પ્રગટ કરવો જોઈએ નહીં.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. સમાજની વ્યાખ્યા આપો.

........................................................................

........................................................................

........................................................................

૨. તમારા વિદ્યાલયની પરિસ્થિતિ જોતાં વિદ્યાલયે સમાજને કરેલ યોગદાનનો ઉલ્લેખ કરો.

........................................................................

........................................................................

........................................................................

૩. શહેરી વાતાવરણમાં ઉપલબ્ધ કેટલાંક એવાં સંસાધનોનો પરિચય કરાવો, જેનો ઉપયોગ કાર્યશિક્ષણ સંદર્ભમાં થઈ શકે.

........................................................................

........................................................................

........................................................................

## ૧૫.૪ કાર્યશિક્ષણની અગત્યના સંદર્ભમાં વાલીઓ તથા સમુદાય માટે વિશિષ્ટ માર્ગદર્શક કાર્યક્રમોનું આયોજન

મોટે ભાગે એવું જોવા મળે છે કે વિદ્યાલયના સમયપત્રકમાં કાર્યશિક્ષણને યથાયોગ્ય સમય ફાળવવામાં આવે છે પરંતુ વ્યવહારમાં કાર્યશિક્ષણ માટે નિર્ધારિત સત્રસમયની ફાળવણી અન્ય અભ્યાસક્રમના વિષયો માટે કરી દેવામાં આવે છે. એવો તર્ક રજૂ કરવામાં આવે છે કે ગણિત અને વિજ્ઞાનનો અભ્યાસક્રમ ઘણો મોટો હોય છે. આ વિષયો પણ અપેક્ષાની દૃષ્ટિએ જોઈએ તો ઘણા મહત્ત્વના અને અઘરા હોય છે, પરિણામે આ વિષયો માટે વધારે સમય ફાળવવાની જરૂરિયાત પણ રહે છે.

આ તર્કથી એવું સ્પષ્ટ થાય છે કે કાર્યશિક્ષણનો અન્ય વિષયોની સરખામણીમાં ઓછું મહત્ત્વ મળે છે. શું તમે જાણો છો કે આ તર્કની પાછળ કયા પ્રકારની માનસિકતા કામ કરી રહી છે? કાર્યશિક્ષણની શું આ વિદ્યાલયના વહીવટ સાથે જોડાયેલો મુદ્દો છે? પરિસ્થિતિનું વિશ્લેષણ કરીશું તો

સ્પષ્ટ થશે કે વિદ્યાલયના અધ્યાપકોની સાથે સાથે કાર્યશિક્ષણ પ્રત્યે માતા-પિતા/વાલીઓનો દૃષ્ટિકોણ કેટલેક અંશે ઉદાસીન જણાતો હોય છે. તેઓનો તર્ક એવો હોય છે કે કાર્યશિક્ષણ અંતર્ગત કરવાની થતી પ્રવૃત્તિઓ તો બાળકો ઘરે પણ કરી શકે છે તો પછી તેના માટે વિદ્યાલયના બહુમૂલ્ય સમયને શા માટે વેડફવામાં આવે? વિદ્યાલયમાં તો માત્ર ભણતર-લેખનની વાત જ કરવી જોઈએ.

સંભવતઃ વાલીઓ અધ્યયન-અધ્યાપનના વાસ્તવિક સ્વરૂપથી અજાણ હોય છે અને તેઓ પુસ્તકિયા જ્ઞાનને જ ભણતર સમજે છે. એવામાં કાર્યશિક્ષણના અધ્યાપકોનું એ કર્તવ્ય બની રહે છે કે તેઓ વાલીઓ માટે ઔપચારિક રૂપે વિશિષ્ટ કાર્યક્રમો યોજે, જેમાં તેઓ કાર્યશિક્ષણના મહત્ત્વને સમજી વિચારી શકે.

કોઈપણ શૈક્ષણિક ક્ષેત્રમાં નીચે દર્શાવેલ પરિસ્થિતિઓ વિશિષ્ટ કાર્યક્રમના આયોજનના હેતુસર નિયત કરવામાં આવે છે.

- **શિક્ષક- વાલીમંડળની બેઠકો (PTA):** શિક્ષક-વાલીમંડળની બેઠકો ગ્રામ્ય અને શહેરી એમ બંનેની પર્યાવરણીય વ્યવસ્થામાં શાળાઓ દ્વારા શિક્ષક -વાલીઓના મંડળની રચના કરવામાં આવે છે. શાળાઓમાં આ મંડળની નિયમિત બેઠકો મળતી હોય છે. આ બેઠકોમાં અન્ય મહત્ત્વના મુદ્દાઓની સાથેસાથે કાર્યશિક્ષણના મહત્ત્વ પર પણ ચર્ચા વિચારણા કરવામાં આવે છે.

- **વાલી-અધ્યાપક બેઠક(PTM) :** વિદ્યાર્થીઓની પ્રગતિની સળંગ માહિતી વાલીઓ સુધી પહોંચાડવા માટે નિશ્ચિત સમયે વિદ્યાલયોમાં વાલીઓને નિમંત્રિત કરવામાં આવે છે. આ બેઠકોમાં ખાસ કરીને વિદ્યાર્થીના વ્યવહાર, વિશેષ પ્રદર્શન, અભ્યાસના સત્ર દરમ્યાન વિદ્યાર્થીએ મેળવેલ સિદ્ધિ તથા પ્રગતિની બાબતમાં વાલીઓની માહિતગાર કરવામાં આવતા હોય છે. અધ્યાપક આ બેઠકના માધ્યમથી કાર્યશિક્ષણનો ખ્યાલ તથા કાર્યશિક્ષણની અનિવાર્યતાનો હેતુ વાલીઓ સમક્ષ રજૂ કરે છે. તેઓને કાર્યશિક્ષણના વાસ્તવિક સ્વરૂપના પરિચય આપતાં આપતાં કાર્યશિક્ષણ પ્રત્યેની નકારાત્મક વિચારધારાને હકારાત્મક વિચારણામાં ફેરવવા સમજણ આપે છે.

- **માતાઓની ક્લબની બેઠકો :** ઘણી શાળાઓમાં માતાઓ સાથે બેઠકો યોજવામાં આવે છે. તમે જોયું હશે કે પિતાના સ્થાને માતાઓ મોટેભાગે બાળકોને શાળાએ લેવા - મૂકવા અથવા વિશ્રાંતિમાં બાળકોને નાસ્તો/ભોજન પહોંચાડવાનું કાર્ય કરે છે. ઘરે પણ બાળકનાં અભ્યાસ, ગૃહકાર્ય વગેરે પર માતા જ ધ્યાન આપતી હોય છે કારણ કે માતા સતત અને સતત બાળકના અભ્યાસ સાથે જોડાયેલી રહે છે જોકે માતાઓની ક્લબ બનાવી અને એ ક્લબમાં બાળકોની શિક્ષણ વિષયક વાતો કરવાથી શિક્ષણની ગુણવત્તામાં વૃદ્ધિ થતી હોય છે. માતા ક્લબના માધ્યમથી પણ સમાજને કાર્યશિક્ષણના મહત્ત્વથી અવગત કરી શકાય છે. જો કોઈ વિદ્યાલય વિશેષતઃ માતા ક્લબની જગ્યાએ પિતા ક્લબ/પિતા - મંડળની રચના કરે તો તેના દ્વારા પણ અધ્યાપકો પોતાનો ઉદ્દેશ પાર પાડી શકે છે.

- **ગૃહ મુલાકાત (વિદ્યાર્થીઓના ઘરે જવું) :** મોટા ભાગે નાનાં શહેરો અને એક પાળીમાં ચાલતી શાળાઓમાં અધ્યાપક બાળકોની પ્રગતિના સંદર્ભમાં બાળકોના ઘરે જઈ વિદ્યાર્થીઓની અભ્યાસવિષયક પ્રગતિથી મા-બાપ/વાલીઓને અવગત કરતા હોય છે. આ મુલાકાત

વિદ્યાલયની સંવેદનશીલતાની દ્યોતક સમાન ગણી શકાય. મહાનગરોના પર્યાવરણમાં ચાલતી શાળાઓમાં આ પ્રકારના સંપર્કો કરવા શક્ય બનતા નથી. અધ્યાપક અન્ય જરૂરી બાબતોની સાથો સાથ કાર્યશિક્ષણની મહત્તાના વિચાર પણ વાલીઓ સુધી પહોંચાડતા હોય છે.

- **અનૌપચારિક મુલાકાત/બેઠક :** જે સમાજમાં વિદ્યાલય અને સમાજનું ભૌગોલિક અંતર ઘણું ઓછું છે અને વિદ્યાલયના અધ્યાપક પણ (બધા નહીં તો કેટલાંક) સમાજ સાથે સંબંધ રાખી, ક્વચિત્ આવતાં - જતાં અનૌપચારિકપણે પણ પોતાના વિચારોથી વાલીઓને અવગત કરી શકે છે. અધ્યાપક તરફથી રજૂ થતી માહિતી એટલી અસરકારક હોવી જોઈએ કે જેથી વાલીઓ પણ એ વાત સાથે સંમત થાય કે કાર્યશિક્ષણનું મહત્ત્વ શા માટે છે.

## ૧૫.૫ ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં તમે સમાજ અને વિદ્યાલયની પારસ્પરિક નિર્ભરતા વિશે જાણકારી પ્રાપ્ત કરી. તમે સમાજની વ્યાખ્યા પ્રત્યે તમારી સમજને સંમિલિત કરી અને સમાજની શાળાકીય પ્રવૃત્તિઓમાં સહભાગિતાને મહત્ત્વની લેખી.

તમે એ પણ જાણ્યું કે ગ્રામીણ અને શહેરી વાતાવરણમાં એવાં ઘણાં સંસાધનો છે જેનો ઉપયોગ "કાર્યશિક્ષણ" ની પ્રવૃત્તિઓનાં આયોજન, સંચાલન તથા સંવર્ધનને કરી શકાય છે. તમોએ એ શિલ્પીઓ થકી માનવીય સંસાધનોની પણ ઓળખાણ કરી કે જેઓને વિદ્યાલયમાં સંદર્ભ વ્યક્તિ તરીકે આમંત્રણ આપી શકાય છે.

આ પ્રકરણના માધ્યમથી કેળવાયેલ સમજણ કાર્યશિક્ષણના સંવર્ધનનો પથ ખોલી આપશે.

## ૧૫.૬ સંદર્ભસૂચિ


- India's craft Tradition-(1980) Kamla Devi Chattopadhyay
- Craft in education (1962) Hansraj Bhatia, Asia Publishing house, Bombay.
- Totto Chan Tetsakoe Kurayanagee (Translation Purva Yagyik Kushwaha) National Book Trust, India.
- Minimum Resources, Maximum Usage (Thora Sadhan Ghana Prayog) – Viksam a. Sarabhai, Community Science Centre, Ahemedabad.
- Diva Swapn, Giju Bhai (Translation : Suraj Prakash/Prakash Sansthan, New Delhi.
- Bal Bhawan Society, Annual Report, (1985)
- Pleasures of Learning/Seekhne ka Anand) Vikram A. Sarabhar, Community Science center, Ahamadabad.
- Harijan, Mahatma Gandhi, Nanjuvan Prakashan Mandir, New Delhi.

નોંધ

## ૧૫.૭ સ્વાધ્યાય

૧. ગ્રામ્ય પર્યાવરણમાં વાલીઓ બાળકોના શિક્ષણ તરફ જાગૃત રહે અને તેમને કાર્યશિક્ષણ સંબંધી પ્રયત્નોથી જોડવા માટે એક શિક્ષકના નાતે તમે કેવા પ્રકારના ખાસ પ્રયત્નો કરશો?

૨. કાર્યશિક્ષણની પ્રગતિ માટે વાલીઓ સુધી તમારી વાત પહોંચાડવા માટે તમે કઈ પદ્ધતિ અપનાવશો.

૩. તમારા વિદ્યાર્થીઓના વાલીઓ કાર્યશિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ તરફ નકારાત્મક દૃષ્ટિકોણ રાખે છે? તેમનો દૃષ્ટિકોણ બદલવા માટે તેઓને તમે કયા મુદ્દા પર વિચાર કરવા કહેશો? કોઈ પણ ચાર મુદ્દા લખો.

૪. તમારી શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ કઠપૂતળીના જાણકાર છે.શાળાકીય શિક્ષણમાં તેમનો સહયોગ કઈ રીતે લઈ શકાય?

નોંધ

# એકમ- ૧૬ કાર્યશિક્ષણમાં મૂલ્યાંકન પ્રક્રિયા

**સંરચના**


૧૬.૦પ્રસ્તાવના

૧૬.૧ અધ્યયન હેતુઓ

૧૬.૨ મૂલ્યાંકન એટલે શું?

૧૬.૨.૧ આકલન અને મૂલ્યાંકન

૧૬.૨.૨ સતત અને સારગર્ભિત મૂલ્યાંકન

૧૬.૩મૂલ્યાંકનની સાધન સામગ્રી અને મૂલ્યાંકનની રીતો.

૧૬.૩.૧ અવલોકન

૧૬.૩.૨ મુલાકાત

૧૬.૩.૩ ચેકલિસ્ટ

૧૬.૩.૪ સંચિત દસ્તાવેજો

૧૬.૩.૫ પ્રશ્નાવલિ

૧૬.૩.૬ ફોટોગ્રાફ (છબીકલા)/પોર્ટફોલિયો

૧૬.૪આકલનમાં સહાધ્યાયીની ભૂમિકા

૧૬.૫આકલનમાં વાલીઓની ભૂમિકા

૧૬.૬પ્રગતિ અહેવાલનો સંદેશો વિદ્યાર્થીઓ અને વાલીઓને કેવી રીતે પહોંચાડી શકાય?

૧૬.૬.૧ માહિતી સંચારની પદ્ધતિ

૧૬.૨.૨ માહિતી સંચાર /સંદેશા વ્યવહારના મુદ્દાઓ

૧૬.૭ઉપસંહાર

૧૬.૮સંદર્ભસૂચિ

૧૬.૯સ્વાધ્યાય.


## ૧૬.૦ પ્રસ્તાવના :

ઔપચારિક વિદ્યાલયી શિક્ષણ વ્યવસ્થા હોય કે અનૌપચારિક, આ બંને વ્યવસ્થાઓમાં શિક્ષણ મેળવવાની પ્રક્રિયા અને અન્ય પ્રવૃત્તિઓની સાથેસાથ એક વિશેષ પ્રવૃત્તિ મહત્ત્વની બની રહે છે, જેને પરીક્ષા એટલે કે આકલન અને મૂલ્યાંકનની પ્રક્રિયાથી ઓળખવામાં આવે છે. મૂલ્યાંકનની પ્રક્રિયા વિદ્યાલયી શિક્ષણમાં કેટલી મહત્ત્વપૂર્ણ છે એનું અનુમાન એ વાત પરથી લગાવી શકાય છે કે અધ્યાપકોની અધ્યાપન પ્રક્રિયા, વિદ્યાર્થીઓની દિનચર્યા અને ત્યાં સુધી કે તેઓના વાલીઓ તરફથી શિક્ષણ કાર્ય સંબંધી મળતો અભિપ્રાય પણ 'મૂલ્યાંકન'ની તારીખો અને સ્વરૂપ અનુસાર નક્કી કરવામાં કારણભૂત બનતાં હોય છે. ખાસ કરીને દસમા અને બારમા ધોરણની પરીક્ષા સંબંધમાં આ બાબતો કેન્દ્રમાં રહેતી હોય છે. તમે મૂલ્યાંકનના આ સ્વરૂપ પર પ્રશ્ન કરવાનું પસંદ કરશો જ.

નોંધ

પ્રસ્તુત પ્રકરણમાં આકલન અને મૂલ્યાંકનના વર્ગીકરણ અને તે બંને વચ્ચેના તફાવતને ચિહ્નિત કરવામાં આવ્યો છે. વિદ્યાલયી શિક્ષણના ભિન્ન ભિન્ન તબક્કાઓમાં સતત અને સારગર્ભિત મૂલ્યાંકનની પ્રક્રિયાને વિસ્તારથી સમજાવવામાં આવી છે. આકલન અને મૂલ્યાંકનનો હેતુ સિદ્ધ કરવા કયા કયા સાધનોનો ઉપયોગ કરવો જોઈએ અને એના ઉપયોગમાં કયા પ્રકારની સાવચેતીઓ રાખવી જોઈએ, એનો પણ ઉલ્લેખ તમોને આ પ્રકરણમાંથી પ્રાપ્ત થશે.

કાર્ય શિક્ષણના સંદર્ભમાં અવલોકનના આધારે વિદ્યાર્થીઓની પ્રગતિ કેવી રીતે આંકવી જોઈએ અને કેવી રીતે ગુણ મૂકવા જોઈએ તે પણ તમે આ પ્રકરણના માધ્યમથી જાણી શકશો. તમે જાણો છો કે આકલન અને મૂલ્યાંકનના હેતુસર અધ્યાપક દ્વારા કરેલ 'અવલોકન' માત્રથી સંતોષ માનવાનો રહેશે નહીં અને એ પર્યાપ્ત પણ લેખી શકાય નહીં. આમ છતાં મૂલ્યાંકનની પ્રક્રિયામાં સહાધ્યાયી, વાલી અને સ્વયં વિદ્યાર્થીની ભૂમિકાને ચકાસવામાં આવે છે. આ પ્રકરણ આપને મૂલ્યાંકન સંબંધી બધા જ ઘટકોનો સમગ્ર પરિચય આપવાનું કાર્ય કરશે.

## ૧૬.૧ અધ્યયન હેતુઓ

આ પ્રકરણમાંથી પસાર થયા બાદ તમે -

૧. શૈક્ષણિક પ્રક્રિયાઓમાં મૂલ્યાંકનના મહત્ત્વથી જ્ઞાત થઈ શકશો.

૨. આકલન અને મૂલ્યાંકનની વચ્ચે રહેલા તફાવતને સપષ્ટ કરી શકશો.

૩. મૂલ્યાંકન કરવા માટે આવશ્યક સાધનો અને યંત્રવિદ્યાની ઓળખ પ્રાપ્ત કરી શકશો.

૪. કાર્યશિક્ષણના સંદર્ભમાં મૂલ્યાંકનની પ્રક્રિયાના સ્વરૂપ પ્રત્યે સમજણ કેળવી શકશો.

૫. 'અવલોકન' ના આધારે મૂલ્યાંકન કરવાની પ્રક્રિયાથી માહિતગાર થઈ શકશો.

૬. મૂલ્યાંકનની પ્રક્રિયા સાથે જોડાયેલ બધા જ ભાગીદારો જેમ કે સહાધ્યાયી, વાલીઓ અને તમારા ખુદની ભૂમિકાનું વર્ણન કરી શકશો.

## ૧૬.૨ મૂલ્યાંકન શું છે?

મૂલ્યાંકન એટલે કોઈ પણ વસ્તુ અથવા પ્રક્રિયાનું મૂલ્ય નક્કી કરવું તે. જો શૈક્ષણિક સંદર્ભથી તપાસીશું તો મૂલ્યાંકનનો અર્થ એવો થાય છે કે અધ્યયન તથા અધ્યાપન પ્રક્રિયાઓમાંથી ઉત્પન્ન થતા અનુભવોની ઉપયોગિતાના સંબંધમાં નિષ્કર્ષ પર આવવું. મૂલ્યાંકન એ શિક્ષણ પ્રક્રિયાનું એક અભિન્ન અંગ છે. મૂલ્યાંકનની પ્રક્રિયા શિક્ષણમાં માર્ગદર્શનની કામગીરીને સરળ બનાવે છે. વિદ્યાર્થીમાં કયા પ્રકારની વર્તન વ્યાવહારિકતા પરિવર્તન પામી છે તથા કયા પ્રકારથી વર્તન વ્યાવહારિક પરિવર્તન ઈચ્છિત શૈક્ષણિક લક્ષ્યથી અનુકૂળ બને છે - આ બંને બાબતો ઉપરથી કોઈ પણ પ્રકારના શિક્ષણનું મૂલ્ય આંકવું જોઈએ. શિક્ષણ અને આકલન (કેટલાંયે માધ્યમોથી) આ બંન્ને હાથમાં હાથ પરોવીને ચાલે છે. શિક્ષણમાં મૂલ્યાંકન એક એવી પ્રક્રિયા છે જેમાં શિક્ષક, વિદ્યાર્થી તથા શિક્ષણની અન્ય બધી જ બાજુઓની પારસ્પરિક નિર્ભરતા તથા તેની ઉત્પાદકતાની ચકાસણી થતી હોય છે. આ બધી બાબતો અન્તર્ગત વિદ્યાર્થીની પ્રાપ્યતાના આધાર પર માત્ર ને માત્ર વિદ્યાર્થીની જ ચકાસણી થતી નથી પરંતુ

શિક્ષક, શિક્ષણ પદ્ધતિ, પાઠ્યપુસ્તક, અન્ય શૈક્ષણિક સાધન સામગ્રી અને સમાજના સહયોગની પણ ચકાસણી થતી હોય છે અને શિક્ષણ પ્રક્રિયાને વિદ્યાર્થીની દૃષ્ટિએ અધિક મહત્ત્વપૂર્ણ તથા ઉપયોગી બનાવવાની કોશિશ કરવામાં આવે છે.

શિક્ષણ પ્રક્રિયાના કેન્દ્રમાં વિદ્યાર્થી રહેલો છે. તેની જરૂરિયાતો, રસ-રુચિ તથા વલણોને ધ્યાનમાં રાખીને શિક્ષણ પ્રક્રિયાના એક ભાગ રૂપે અભ્યાસક્રમ નક્કી કરવામાં આવે છે. શિક્ષક પાઠ્યપુસ્તક અને આનુષંગિક બાબતોનું વિશ્લેષણ અને રજૂઆત વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને કરે છે. શિક્ષણ એવી કળા છે જે વિદ્યાર્થીમાં કેટલાક એવા અનુભવોનું રોપણ કરે છે, જે વિદ્યાર્થીના ઈચ્છનીય વ્યવહાર અને પરિવર્તનને અનુકૂળ થાય છે. શૈક્ષણિક મૂલ્યાંકનમાં આ વાત પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. કે શિક્ષણ આ દૃષ્ટિથી કેટલા અંશે ઉપયોગી અને સફળતાને વરશે.

**કિવલેન તથા હન્નાના અભિપ્રાય અનુસાર -**

"મૂલ્યાંકન એક એવી પ્રક્રિયા છે જેમાં સુગ્રથિત સાબિતીઓ અને સમજૂતીઓ કે જે વિદ્યાર્થીના વાણી-વર્તન અને વ્યવહારમાં પરિવર્તન લાવવામાં કારણભૂત બને છે."

ઉપરોક્ત વ્યાખ્યા પર ધ્યાનથી વિચારણા કરવામાં આવે તો મૂલ્યાંકનની બાબતમાં એ વાત સ્પષ્ટ થાય છે કે મૂલ્યાંકન એક નિર્ણયાત્મક અને પરિણામલક્ષી પ્રક્રિયા છે. રોસ અને સ્ટેનલે જેવા કેળવણીકારોએ જણાવ્યું છે કે 'આ નિર્ણય શિક્ષણના પ્રત્યેક તબક્કે પરિપક્વ દિશામાં થવો જોઈએ.'

મૂલ્યાંકન પ્રક્રિયા દ્વારા નીચે દર્શાવેલ મુદાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવે છે.

- વર્ગ અને વિદ્યાલયમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે અનુભવ પ્રેરિત અને અસરકારકતા પેદા કરે તેવા હોવા જોઈએ.
- નિશ્ચિત કરેલ ઉદ્દેશોની પ્રાપ્તિ ક્યા તબક્કા સુધી લઈ જવી જોઈએ.
- ઉદ્દેશો સાર્થક કરવાની પ્રક્રિયા :-

શૈક્ષણિક ઉદ્દેશો પાર પડ્યાથી મળતા અનુભવો અને તદ્દનુસાર રોજબરોજના કાર્યમાં થતા વર્તન-વ્યવહારને કારણે આવતું પરિવર્તન-આ બંને વચ્ચે ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. વિદ્યાર્થીના જ્ઞાન પ્રાપ્તિ, કાર્યપ્રક્રિયા અને ભાવનાત્મક પરિમાણોમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે અનેક પ્રકારની અનુભવજન્ય પરિસ્થિતિઓ પેદા કરવામાં આવે છે, જે પરિસ્થિતિઓ કોઈ ખાસ ઉદ્દેશ હાંસલ કરવાની પ્રક્રિયા તરફ ઈશારો કરે છે. આ પારસ્પરિક સંબંધને નીચેના રેખાચિત્ર દ્વારા સમજી શકાય છે.

શિક્ષણનો હેતુ

ભણવાને કારણે પ્રાપ્ત થતો અનુભવ તથા ભણવાના હેતુથી ઉત્પન્ન થતી પરિસ્થિતિઓ

વ્યાવહારિક બદલાવ

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થી મનથી જોડાયો છે કે નહીં, તે બાબત તેના વ્યવહાર પરથી પામી શકાય છે. તેની વિચાર કરવાની રીત, કામ પ્રત્યેના લગાવની માત્રા, રસ-રુચિ,

નોંધ

અભિવ્યક્તિની ગુણવત્તા આ બધા ઘટકો વિદ્યાર્થીના વ્યવહારમાં પરિવર્તન લાવવા માટે ઉપકારક બને છે. આ પરિવર્તનમાં માત્ર બાહ્ય નહીં પણ વિશેષત: આંતરિકની માત્રા વધુ હોય છે. બાહ્ય પરિવર્તનમાં વિદ્યાર્થીની ટેવો, કાર્યશૈલી અને આચરણનો સમાવેશ થાય છે. જ્યારે આંતરિક પરિવર્તનમાં વિદ્યાર્થીનો જ્ઞાનપ્રાપ્તિનો વિસ્તાર સમજશક્તિનો વિકાસ, નિર્ણય લેવાની ક્ષમતા, રચનાત્મક તથા સર્જનાત્મક અને ટીકા-ટીપ્પણ તથા સમીક્ષા કરવાની વૃત્તિનો સમાવેશ થાય છે.

## ૧૬.૨.૧ આકલન અને મૂલ્યાંકન

આ પ્રકરણના પ્રારંભમાં જ, મુખ્યત્ત્વે આકલન અનેમૂલ્યાંકન-આ બે શબ્દો પ્રયોજાયા છે. શું તમોને આકલન અને મૂલ્યાંકન શબ્દો સમાનાર્થી જણાય છે? પ્રથમ તબક્કે બંને શબ્દોનો એક જ ભાવ -અર્થ નીકળતો હોવાનું અનુભવ્યા છતાં આ બંને શબ્દોમાં ઘણું મોટું અંતર રહેલું છે. મૂલ્યાંકન વ્યક્તિના વિચારો, દૃષ્ટિકોણ, વ્યવહાર, આશા-અપેક્ષાઓ-આકાંક્ષાઓ અને સમજણ સાથે સંબંધ ધરાવે છે, જ્યારે આકલન એ વર્તનમાં થતો ફેરફાર કે જે નોંધી અને માપી શકાય છે. - તેની સાથે સંબંધ ધરાવે છે. આકલનમાં આપણે એક ચોક્કસ સમયગાળામાં ચોક્કસ ઘટકોની ચકાસણી-તપાસણી કરી શકીએ છીએ, જ્યારે મૂલ્યાંકનમાં આપણે અલગ અલગ સમયે અલગ અલગ ઘટકોના કરવામાં આવેલ આકલનને આધાર બનાવીએ છીએ.

આમ તમે એ નિષ્કર્ષ પર આવશો કે મૂલ્યાંકન પ્રક્રિયા એ આકલન પ્રક્રિયા કરતાં ઘણો મોટો વ્યાપક વિસ્તાર ધરાવે છે. શૈક્ષણિક વિશ્વમાં સામાન્યત: આકલન અને મૂલ્યાંકનને લગભગ સમાન પ્રક્રિયાના સ્વરૂપમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો- ૧**

૧. રોજિંદા જીવનમાંથી એકાદ ઉદાહરણ લઈને દર્શાવો કે મૂલ્યાંકન કેવી રીતે તમારા જીવનનું અભિન્ન અંગ છે?

..........................................................................

..........................................................................

..........................................................................

૨. આકલન અને મૂલ્યાંકન વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૧૬.૨.૨ સતત અને સારગર્ભિત મૂલ્યાંકન

કાર્યશિક્ષણના કાર્યક્રમમાં મૂલ્યાંકન એ પ્રોત્સાહન પૂરું પાડનાર સશક્ત પરિબળ છે. મૂલ્યાંકન પ્રક્રિયા એવી હોવી જોઈએ જેથી બાળકોમાં કાર્ય પ્રત્યે લગાવ, જ્ઞાન પ્રાપ્ત કરવાની ધગશ અને ભણવા પ્રત્યેની ચાનક પેદા થાય, જે તેઓને કાર્ય પ્રક્રિયાઓ સાથે જોડાવામાં પ્રોત્સાહિત કરે. અહીં મૂલ્યાંકનનો હેતુ એવો પ્રદર્શિત કરવાના મતનો નથી કે અમુક વિદ્યાર્થી સફળ છે કે નિષ્ફળ , અમુક

વિદ્યાર્થી ઉત્કૃષ્ટ શ્રેણીમાં આવે છે અથવા મધ્ય કે નિમ્ન શ્રેણીમાં આવે છે. વિદ્યાર્થીઓના ધ્યાન પર એટલી જ બાબત લાવવાની રહે છે કે તેઓ કઈ રીતે શિક્ષણ લે છે, તેઓની શીખવાની પ્રક્રિયા પર કયાં વિશેષ ભાર મૂકવાની જરૂર છે. કયાં સુધારો- વધારો કરવો જરૂરી છે વગેરે. આ બધાંના કારણમાં કહી શકાય કે કાર્યશિક્ષણના કાર્યક્રમનું કેન્દ્રબિંદુ બાળકોમાં જીવન ઉપયોગી જીવન કૌશલ્ય, સામાજિક દૃષ્ટિએ આવશ્યક ગુણો-રસરુચિનો વિકાસ કરવામાં રહેલું છે. આ ગુણો કેળવવાને કારણે બાળકના જીવનમાં આવતાં-જતાં પરિવનર્તનો સામે ઝઝુમવાની શક્તિ પેદા થાય છે, રચનાત્મક અને સર્જનાત્મક જીવન જીવવાની ચેતનાનાં દ્વાર ખૂલે છે તથા માનવ હોવાની ગરિમાનો અહેસાસ પ્રાપ્ત થાય છે.

પ્રવૃત્તિઓના મૂલ્યાંકન માટે ગુણોને બદલે ગ્રેડ આપવાનું વધુ યોગ્ય માનવામાં આવે છે અને એવી પણ અપેક્ષા સેવવામાં આવે છે કે વિષયના અધ્યાપક દ્વારા આંતરિક સ્વરૂપનું જ મૂલ્યાંકન કરવામાં આવે. વિષયના અધ્યાપક/અધ્યાપિકાઓએ અન્ય અધ્યાપકો, કર્મચારીઓ અને સમાજના લીકોના દૃષ્ટિકોણને પણ મૂલ્યાકન વેળાએ લક્ષમાં લેવો જોઈએ. મૂલ્યાંકનના ખાસ મુદ્દાઓ આ મુજબ છે :-

- મૂલ્યાંકનનું પરિણામ વિદ્યાર્થીના પ્રગતિપત્રક પર દર્શાવવું જોઈએ.
- મૂલ્યાંકનની પ્રક્રિયામાં સૈદ્ધાંતિક અને પ્રક્રિયાત્મક બાજુઓનું એકત્રીકરણ કરવું જોઈએ છતાં વાસ્તવિક પ્રાયોગિક કાર્યના મૂલ્યાંકન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- જ્ઞાન અને કૌશલ્યની સમાનતા પર ભાર મૂકવો જોઈએ.
- શિક્ષણ પ્રાપ્ત કરવાની પ્રક્રિયાની જેમ જ મૂલ્યાંકનની પ્રક્રિયા પણ આનંદપ્રદ હોવી જોઈએ.
- મૂલ્યાંકન વિકાસશીલ હોવાં ઉપરાંત તેની નિરંતરતા અને વ્યાપકતા પર પર્યાપ્ત ભાર મૂકવો જોઈએ.
- બાળકોની પ્રવૃત્તિઓમાં ભાગીદારીના અવલોકનને મૂલ્યાંકનનો મુખ્ય આધાર બનાવવો જોઈએ. અવલોકનની સાથોસાથ મૌખિક પ્રશ્નોત્તરીની પદ્ધતિને ઉપયોગમાં લઈ શકાય.
- પ્રવૃત્તિ વિષયક બાબતોમાં વિદ્યાર્થીઓનું પ્રાવીણ્ય સુનિશ્ચિત કરવા માટે મૂલ્યાંકન નિદાનાત્મક તથા ઉપચારાત્મક પ્રકૃતિનું હોવુ જઈએ.
- જો કે આંતરિક સ્વરૂપે થતા મૂલ્યાંકનની જોગવાઈ હોવી જોઈએ. પરંતુ વિદ્યાર્થીઓની પરિપક્વતાનું સ્તર જોતાં બાહ્ય મૂલ્યાંકનની પદ્ધતિ પણ અપનાવી શકાય. આ તબક્કે એ ધ્યાનમાં લેવું જોઈએ કે બહારથી આવનાર મૂલ્યાંકનકાર વિદ્યાલયની પરિસ્થિતિ, વિદ્યાર્થીઓના સામાજિક-આર્થિક સ્તર અને પ્રવૃત્તિઓના નિર્ધારિત હેતુઓથી સુપેરે પરિચિત હોવો જોઈએ.
- મૂલ્યાંકનના પરિણામનું સ્તર બાળકોના ઉત્સાહનને પોષણ આપનાર તો હોવું જ જોઈએ પરંતુ એવું ન હોવું જોઈએ કે જે બાળકોમાં નિરાશાનો ભાવ પેદા કરે.
- વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે મૂલ્યાંકન પ્રક્રિયામાં જો પરિવર્તન લાવી શકાય તેમ હોય તો તે અવશ્ય કરવું જોઈએ. દયા અને સહાનુભૂતિના બદલે પ્રેરણા અને પ્રોત્સાહન જેવા ભાવો બાળકોની આધાર-શિલા બનવા જોઈએ.

- જરૂરિયાત મુજબ મૂલ્યાંકન પ્રક્રિયામાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં સહેજ પણ છોછ કે સંકોચ અનુભવવો જોઈએ નહીં.
- સ્વ-મૂલ્યાંકન, સાથીઓ તથા સમાજ દ્વારા કરવામાં આવતી મૂલ્યાંકન પ્રક્રિયાનો એક હિસ્સો બનવો જોઈએ.
- નબળું, સામાન્ય અને તેજ ગતિથી ભણનાર વિદ્યાર્થીઓ માટે જુદી-જુદી શિક્ષણ પદ્ધતિઓ અજમાવવી જોઈએ.

અંતમાં, વિદ્યાર્થીઓની ક્ષમતા, સંસાધનોની પ્રાપ્યતા, પ્રારંભિક વર્તન-વ્યવહાર, વિદ્યાલયનું વાતાવરણ, નક્કી કરેલા હેતુઓ, અભ્યાસક્રમની પ્રકૃતિ અને શિક્ષકો દ્વારા પ્રાપ્ત થતું પ્રોત્સાહન-આ બધા ઘટકો મૂલ્યાંકન સમયે લક્ષમાં લેવા જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો - ૨**

૧. કાર્યશિક્ષણ અંતર્ગત મૂલ્યાંકનની પ્રક્રિયા અન્ય વિષયોની પ્રક્રિયાથી કઈ રીતે અલગ પડે છે? ઉદાહરણ સાથે સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

## ૧૬.૩ મૂલ્યાંકનની સાધન સામગ્રી અને પદ્ધતિઓ

શું તમે ક્યારેય એ વિચાર્યું છે કે પરીક્ષા સિવાય બાળકોના સંદર્ભમાં તમે કેવા પ્રકારની સૂચનાઓ અને તેના વિકાસ વિશેની જાણકારી મેળવી છે? ભલે તમે આ પૂર્વે આ બાબતે કશું વિચાર્યું હોય નહીં પરંતુ તમારા શિક્ષક તરીકે વ્યવસાયમાં તમે અનેક ઉપાયોમાંથી કેટલાક ઉપાયોને અવશ્ય અજમાવ્યા હશે.

**આકલનની રીતો :-**

આકલન કરવા માટે મૂળભૂત ચાર રીતો છે.

- **વ્યક્તિગત આકલન :-** જ્યારે કોઈ એક બાળક પ્રવૃત્તિ કરતો હોય છે, ત્યારે તેને કેન્દ્રમાં રાખી કરવામાં આવતું આકલન.
- **સામૂહિક આકલન :-** વર્ગના બધાંજ બાળકોના અથવા તો સમૂહમાં મળેલા બાળકોના કામકાજ, વ્યવહાર, સહયોગ વગેરેનું આકલન કે જે સમૂહમાં કરવામાં આવે છે.
- **સ્વ- આકલન :-** બાળક સ્વયં જ્યારે શિક્ષણ લેતો હોય તે સંબંધિત તેના દ્વારા કરવામાં આવતું આકલન.
- **સહાધ્યાયીઓ દ્વારા આકલન :-** વર્ગમાં બાળકો એકબીજાનું-એકબીજાનાં કાર્યોનું અવલોકન કરતા હોય છે. અને સમયાંતરે તેની ટીકા ટીપ્પણ પણ કરતા હોય છે. સહાધ્યાયીઓ દ્વારા કરવામાં આવતું આકલન અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

**આકલનનાં સાધનો અને ટેકનિક**

- અવલોકન
- મુલાકાત
- ચેક લિસ્ટ
- સંચિત દસ્તાવેજો.
- પ્રશ્નાવલિ
- છબીકલા/પોર્ટ્રોલીયો.
- પ્રોજેક્ટ વર્ક-વિશિષ્ટ અભ્યાસ કાર્ય.
- પ્રવૃત્તિઓ
- સ્પર્ધા
- સમૂહ કાર્ય
- પ્રશ્નમંચ :
- વાદ-વિવાદ
- વ્યાખ્યાન
- મૂલ્યાંકનનું માપ
- સ્વાધ્યાય કાર્ય

*ઉપરોક્ત યાદી જોતાં તમે સમજી ગયા હશો કે સતત અને સારગર્ભિત મૂલ્યાંકન કેટલા બધાં જુદા જુદા પ્રકારોથી કરી શકાય છે. આવો આ બધામાંથી કેટલાંક મુખ્ય સાધનો અને ટેકનિક વિશે વિચારણા કરીએ -*

## ૧૬.૩.૧ અવલોકન

*બાળકો વિશેની માહિતી મેળવવા માટેનો સૌથી પ્રચલિત ઉપાય અવલોકન છે. બાળકોનું અવલોકન નૈસર્ગિક વાતાવરણમાં જ કરવું જોઈએ. અવલોકન દ્વારા વ્યક્તિત્વ વિકાસનાં ઘણાં બધાં અંગોનું અવલોકન કરી શકાય છે. અવલોકન વર્ગની અંદર અથવા બહાર કોઈ પણ સ્થળે અને સમયે કરી શકાય છે. આ સામૂહિક અને વ્યક્તિગત બંને રીતોથી કરી શકાય છે.*

*તમે અવલોકન દ્વારા બાળકોનો વ્યવહાર, રસરુચિ અને પડકારોનો સામનો કરવાની શક્તિ વિશે જાણકારી પ્રાપ્ત કરી શકો છો. અવલોકન દ્વારા કરવામાં આવેલ જોવા-સાંભળવામાં આવેલ મત-મંતવ્ય-અભિપ્રાયને તુરત જ નોંધી લેવાં જોઈએ અન્યથા અવલોકનની પ્રામાણિકતાનો કોઈ અર્થ સરતો નથી.*

નોંધ

**તમારી પ્રગતિ ચકાસો - ૩**

૧. તમે તમારા વિદ્યાર્થીનું કાર્ય શાળામાં 'બુક બાઈન્ડીંગ' કરતી વખતે અવલોકન કરી રહ્યા છો. આ અવલોકન વખતે તમે કયા કયા મુદ્દાઓને ધ્યાનમાં લઈ અવલોકન કરશો, તેની યાદી તૈયાર કરો.

........................................................................................

........................................................................................

........................................................................................

## ૧૬.૩.૨ મુલાકાત

તમે આજદિન સુધીમાં અનેક મહાનુભાવોની વ્યક્તિગત મુલાકાત વિષે વાંચ્યું હશે. મુલાકાત એ બાળકોનાં વાણી-વર્તન-વ્યવહાર, દૃષ્ટિકોણ, સિદ્ધિઓ, આશા-આકાંક્ષા અને સમસ્યાઓને જાણવાનો મહત્ત્વનો ઉપાય છે. મુલાકાત વ્યક્તિગત હોવી જોઈએ જેથી બાળકો નિઃસંકોચ ઉત્તર આપી શકે. મુલાકાતનો ઉદ્દેશ પહેલેથી તૈયાર કરી લેવો જોઈએ અને પ્રશ્ન તથા મુલાકાતના ઉદ્દેશોની ઓળખ પણ કરી લેવી જોઈએ. મુલાકાત બાળકોના મિત્રોની પણ કરી શકાય છે અને વાલીઓની પણ ખરી. આમ બાળકો વિશે વિશેષ જાણકારી મુલાકાતના માધ્યમથી મેળવી શકાય છે.

## ૧૬.૩.૩ ચેક લિસ્ટ

કોઈ ખાસ વ્યવહાર કે કાર્ય બાબતમાં સુવ્યવસ્થિત રીતે નોંધવામાં આવેલ ઉલ્લેખનીય મુદ્દાઓને ચેકલિસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. ચેકલિસ્ટ બાળકોના વ્યક્તિત્ત્વના કોઈ ખાસ ઘટક અથવા અંગની તરફ ધ્યાન આકર્ષિત કરવામાં સહાયરૂપ બને છે.

ચેકલિસ્ટનો ઝડપી અને સરળતાપૂર્વક ઉપયોગ કરી શકાય છે. તેના દ્વારા બાળકોની પ્રતિક્રિયાઓ અથવા ઉત્તરો વિશે કોઈ જાણકારી પ્રાપ્ત થતી નથી. જો ચેકલિસ્ટ બનાવતી વખતે તેમાં 'ટિપ્પણી'નું કોલમ મૂકવામાં આવે તો આ ઉણપ નિવારી શકાય છે.

**તમારી પ્રગતિ ચકાસો - ૪**

૧. કાર્યશિક્ષણ સંબંધી પ્રવૃત્તિઓમાં રુચિ વિશે માહિતી મેળવવા અંગેનું નાનકડું ચેકલિસ્ટ તૈયાર કરો.

........................................................................................

........................................................................................

........................................................................................

## ૧૬.૩.૪ સંચિત દસ્તાવેજો.

જો તમે સંચિત અને દસ્તાવેજો (રેકોર્ડ) શબ્દોનો અર્થ જાણતા હશો તો તમે સમજી શકશો કે સંચિત અને દસ્તાવેજો કોને કહેવામાં આવે છે. સંચિત દસ્તાવેજો બાળકોના જીવનમાં ઘટેલી કેટલીક મહત્ત્વપૂર્ણ બીનાઓનો વર્ણનાત્મક રેકોર્ડ રજૂ કરે છે. આ ઘટનાઓ અવલોકન દ્વારા જાણી શકાય છે. આમાંથી તમે બાળકોની સામાજિક, ભાવનાત્મક, પસંદગી, અણગમા અને સંબંધો વિશેની મહત્ત્વપૂર્ણ સૂચનાઓ પ્રાપ્ત કરી શકો છો. આ સૂચનાઓની મદદથી બાળકોના જીવનની ઘટનાઓને સમજવામાં અને તેના વ્યાવહારિક કારણોનો પત્તો મેળવવામાં સહાયરૂપ થઈ શકાય છે.

તમે સ્વયં અનુભવ કરી શકો છો કે સંચિત દસ્તાવેજોને આધારે મોટા પાયા પર કાર્ય પાર પાડી શકાય છે. વર્ગમાં દરરોજ થનારી ઘટનાનો રેકોર્ડ રાખવો એ અસંભવિત છે પરંતુ કેટલીક ઘટનાઓ નોંધી શકાય છે. ઘટના બન્યા બાદ તરત જ તેને નોંધી લેવી જોઈએ જેથી તેના વિશે ખરેખર સાચું વિવરણ લખી શકાય.

## ૧૬.૩.૫ પ્રશ્નાવલિ.

પ્રશ્નાવલિ પ્રશ્નોની યાદી હોય છે, જે મહદ્‌અંશે વિદ્યાર્થી પોતે અથવા અધ્યાપકના સહયોગમાં તૈયાર કરવામાં આવતી હોય છે. પ્રશ્નાવલિ દ્વારા કોઈ પણ વિષયના ખાસ ઘટકો બાબતમાં વિદ્યાર્થીના પ્રતિભાવને રેકોર્ડ કરવામાં આવે છે. તેને વ્યક્તિગત અને સામૂહિક એમ બંને ઉપાયોથી વ્યવહારમાં મૂકી શકાય છે.

આ પદ્ધતિને ઉપયોગમાં લેતાં પહેલાં ઉદ્દેશો અને પ્રશ્નોની ઓળખ કરી લેવી જોઈએ. વિદ્યાર્થીને એ ભરોસો આપવો જરૂરી છે કે તેણે આપેલા જવાબોને ગોપનીય રાખવામાં આવશે અને તેનો દુરુપયોગ થશે નહીં. પ્રશ્નોની ભાષા સાચ્ચે જ સ્પષ્ટ હોવી જોઈએ અપમાનજનક, દ્વિઅર્થી અને મુંઝવણ પેદા કરે તેવા પ્રશ્નો પૂછવા જોઈએ નહીં.

## ૧૬.૩.૬ છબીકલા/પોર્ટફોલિયો

પોર્ટફોલિયો એક નિશ્ચિચ સમયમર્યાદામાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલાં કાર્યોનો સંગ્રહ છે. એમાં રોજબરોજ કરેલ કામગીરી પણ હોઈ શકે છે તો વળી બાળકો દ્વારા કરાયેલ કાર્યોના ઉત્કૃષ્ટ નમૂનાઓ પણ હોઈ શકે છે. કોઈ સમારંભમાં યોજાયેલ પ્રદર્શન માટે બનાવવામાં આવેલ વસ્તુઓના ફોટોગ્રાફ પોર્ટફોલિયોની ઓર શોભા વધારે છે.

પોર્ટફોલિયો કોઈ તેજસ્વી વિદ્યાર્થીના તબક્કાવાર વિકાસનો પ્રાથમિક રેકોર્ડ ઉપલબ્ધ કરી આપે છે. કોઈ એકાદ વર્ષના બે મહિનાના કાર્યના નમૂના જોઈને વિદ્યાર્થીના વિકાસનું ખરું પ્રમાણપત્ર મેળવી શકાય છે. આ પોર્ટફોલિયો દ્વારા વિદ્યાર્થી પોતાની પ્રગતિનું અવલોકન કરી શકે છે.

તમારે પોર્ટફોલિયો બનાવતી વખતે કેટલીક અગત્યની બાબતો લક્ષમાં લેવાની રહેશે. પોર્ટફોલિયોમાં કેટલોક રેકોર્ડ એકઠો કરતાં પહેલાં એના ઔચિત્ય પર વિચાર કરવો જોઈએ. બધાં જ કાગળો/વસ્તુઓ પોર્ટફોલિયોમાં મૂકતા જશો તો પોર્ટફોલિયોનો કોઈ અર્થ સરશે નહીં. પોર્ટફોલિયો તૈયાર કરવામાં વિદ્યાર્થીઓને સહપ્રવાસી બનાવવા જોઈએ. આ પોર્ટફોલિયોમાં અનુક્રમણિકા, લેબલ, તારીખ-વાર વગેરે ક્રમાનુસાર વ્યવસ્થિત રાખો, જેથી ખાસ સૂચનાની જ્યારે આવશ્યકતા ઊભી થાય ત્યારે તરત જ મેળવી શકો. શક્ય બને તો પ્રત્યેક પૃષ્ઠ પર ટિપ્પણી લખો અને તારીખ-વાર નોંધવાનું રાખશો.

નોંધ

**તમારી પ્રગતિ ચકાસો - ૫**

૧. પોર્ટફોલિયોનો તમે શું અર્થ કરો છો ? પોર્ટફોલિયો આકલનની પ્રક્રિયામાં કઈ રીતે ફાયદાકારક છે?

.......................................................................

.......................................................................

.......................................................................

## ૧૬.૩.૭ પરિયોજના કાર્ય (પ્રોજેક્ટ વર્ક)

ખાસ ઉદ્દેશ પ્રાપ્તિ માટે વિદ્યાર્થીઓને વ્યક્તિગત અથવા તો સામૂહિક સ્વરૂપે જે કાર્ય સોંપવામાં આવે છે તેને પ્રોજેક્ટ વર્ક તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં એના માટે વિશિષ્ટ અભ્યાસ કાર્ય કે પરિયોજના કાર્ય એવા શબ્દો પ્રયોજવામાં આવે છે. જો કે આજે શાળા-મહાશાળા અને વિશ્વ વિદ્યાલયોમાં 'પ્રોજેક્ટ વર્ક' બહુ પ્રચલિત શબ્દ છે. પ્રોજેક્ટ વર્કના માધ્યમથી આંકડાકીય માહિતી અને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. એક શૈક્ષણિક સત્રમાં એકથી વિશેષ પ્રોજેક્ટ વર્ક તૈયાર કરાવવામાં આવે છે.

પ્રોજેક્ટ વર્ક જાતે કામ કરવાની, સંશોધનકાર્ય કરવાની, માહિતી સંગ્રહ, વિશ્લેષણ, વ્યાખ્યા અને સરળીકરણ કરવાની દુર્લભ તક પૂરી પાડે છે. તેના દ્વારા નક્કી થયેલાં ધોરણો આપણા રોજિંદા જીવન સાથે જોડવામાં અને એક બીજા પાસેથી કંઈક નવું શીખવાની પણ તક પૂરી પાડે છે.

જ્યારે તમે વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ વર્કની પસંદગી કરશો ત્યારે કેટલીક વાતોને ધ્યાનમાં રાખવી પડશે. પ્રોજેક્ટ-વર્ક બાળકોના સ્તર અનુસાર ખૂબ જ સરળ હોવું જોઈએ, બાળકો એ તૈયાર કરવામાં મુશ્કેલી ન અનુભવે તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. સામૂહિક પ્રોજેક્ટ વર્ક તૈયાર કરવાની બાબત પર ભાર મૂકવો જોઈએ અને પ્રોજેક્ટ વર્કની પસંદગીમાં વિદ્યાર્થીઓને સહભાગી બનાવવા જોઈએ. પ્રોજેક્ટ વર્ક તૈયાર કરવાની સામગ્રી ઘર અથવા તેની આસપાસથી મળી શકે અને બાળકો પર કોઈ આર્થિક બોજ ન પડે, તે બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

પ્રોજેક્ટવર્કનો વ્યવસ્થિત રેકોર્ડ પણ રાખવો જોઈએ. શક્ય બને તો વિદ્યાલયમાં એક સંસાધન કેન્દ્ર ઊભુ કરવું જોઈએ, જેમાં વિવિધ પ્રોજેક્ટનો સંગ્રહ થઈ શકે.

**તમારી પ્રગતિ ચકાસો - ૬**

૧. તમારા વિદ્યાલયની પરિસ્થિતિ તથા વિદ્યાર્થીઓના વલણને ધ્યાનમાં રાખી કાર્યશિક્ષણના હેતુ સારું ધોરણ ૬, ૭ અને ૮ માટે બે-બે પ્રોજેક્ટની યાદી બનાવો. સાથોસાથ એ પણ જણાવો કે તે પ્રોજેક્ટ કયા માસમાં કરવામાં આવશે અને તેનો ઉદ્દેશ શું હશે?

.......................................................................

.......................................................................

.......................................................................




## ૧૬.૪ આકલનમાં સહાધ્યાયીની ભૂમિકા.

સતત અને સારગર્ભિત મૂલ્યાંકન વિદ્યાર્થીની પ્રગતિને સમગ્રપણે આપણી સમક્ષ રજૂ કરે છે. જે રીતે મૂલ્યાંકન જુદી જુદી ટેકનિક તથા સાધનસામગ્રીના પ્રયોગને મહત્ત્વ આપે છે, તે જ રીતે મૂલ્યાંકન પણ મૂલ્યાંકનકર્તાઓ પાસેથી અલગ અલગ માંગની અપેક્ષા રાખે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મૂલ્યાંકન માટે અધ્યાપકની સાથે સાથે લોકો પાસેથી પણ એવી અપેક્ષા રાખે છે કે તેઓ વિદ્યાર્થીનાં આકલન અને મૂલ્યાંકનની પ્રક્રિયામાં તમારા દષ્ટિબિંદુથી જ્ઞાન કરાવે અને વિશેષ ભાથું આપવાની કોશિશ કરે.

અહીં 'અન્ય લોકો'માં વિદ્યાર્થીઓના સહાધ્યાયીઓની ભૂમિકાને નકારી શકાય નહીં. આ પ્રકરણમાં આ અગાઉ પણ સહાધ્યાયીઓની ભૂમિકા પર ચર્ચા - વિચારણ થઈ ચૂકી છે.

ખાસ કરીને તમે જોયું હશે કે શીખવાની પ્રક્રિયામાં વિદ્યાર્થી પોતાના સાથીઓનાં કાર્યથી પોતાનાં કાર્ય વિશે જાતજાતના પ્રશ્નો ઊભા કરે છે. -

- 'સુરભિ, જરા બતાવ કે મેં આ રંગ બરાબર પૂર્યો છે કે નહીં, શું બીજો કોઈ રંગ લગાવું જેથી ચિત્ર વધારે આકર્ષક લાગે?'
- 'જરા જોઈને બતાવ કે આ કઠપૂતળીના કાન યોગ્ય જગ્યાએ લાગ્યા છે કે નહીં? કાર્ડબોર્ડની જગ્યાએ શું કપડાંની કતરણથી કાન બનાવું?'
- 'મનુ, જો તો ખરા મેં માટીનો ભૂકો કરવાનો પૂરેપૂરો પ્રયત્ન તો કર્યો છે. શું હજી વધારે ભૂકો કરવો જોઈએ?'

તમે આ બધાં સવાલો ધ્યાનમાં લીધા હશે. અહીં વિદ્યાર્થી પોતાના સાથીઓ પાસેથી પોતાનાં કાર્યનું આકલન કરવાની ચેષ્ટા કરી રહ્યા છે. વર્ગમાં ક્યારેક એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે જ્યારે વિદ્યાર્થી પોતાના સાથીઓને તેઓનાં કામ વિશે પોતાની ટિપ્પણીથી અવગત કરાવે છે.

**ઉદાહરણ તરીકે -**

- 'સિદ્ધાર્થ, મહોરું તો તેં ખૂબ સુંદર બનાવ્યું છે પરંતુ એ ટકાઉ નથી. જો ચાર્ટ પેપરની જગ્યાએ કાર્ડશીટ લગાવી હોત તો તે વધારે દિવસો સુધી ઉપયોગમાં લઈ શકાયું હોત'
- 'બાંધણીનો દુપટ્ટો તો ખૂબ સુંદર લાગે છે પર તેં આટલા મોટા મોટા દાણા શા માટે બાંધ્યા છે? એનાથી દુપટ્ટામાં ક્યાંક ક્યાંક ખાલીપો વરતાય છે.'
- 'અરે, તું ખાંચામાં સીધેસીધું મીણ શા માટે નાખી રહ્યો છે? થોડાક સરસવના તેલમાં રૂ પલાળી ખાંચા પર લગાવી લઈશ તો મીણબત્તી કાઢવામાં મુશ્કેલી નહીં પડે.'

ઉપર્યુક્ત ટિપ્પણીઓના આધારે તમે કઈ અવધારણા કરી રહ્યા છો? તમારું અનુમાન સાચું છે. અહીંયા સહાધ્યાયી એકબીજાનું અનૌપચારિકપણે આકલન કરી રહ્યા છે અને હાથ ધરેલ કાર્યનું ઉત્તમ પરિણામ આવે તે અંગેનાં સૂચનો કરી રહ્યા છે. સહાધ્યાયીઓની આ સહાજિક પ્રવૃત્તિનો આકલન કરવાની પ્રક્રિયામાં પૂરેપૂરો ફાયદો ઉઠાવવો જોઈએ. આમ કરવા માટે તમારે નીચેના મુદ્દાઓને લક્ષમાં લેવા જોઈશે -



નોંધ

૧. સહાધ્યાયીએ આકલનની સંપૂર્ણ યોજના તૈયાર કરવી જોઈએ જેવી કે-

- કઈ પ્રવૃત્તિમાં સહાધ્યાયીની ટિપ્પણી મેળવવી જોઈએ?
- મળેલ ટિપ્પણીઓ કેટલી વિશ્વાસપાત્ર હશે?
- કયો સહાધ્યાયી કયા વિદ્યાર્થીના સંદર્ભમાં બહેતર અને નિષ્પક્ષ ટિપ્પણી આપી શકે છે?

૨. સહાધ્યાયીઓ દ્વારા મળેલ ટિપ્પણીઓ જેવી હોય તેવી નોંધવી જોઈએ તથા તેની સામે કોઈ પણ પ્રકારની પોતાની ટિપ્પણી રજૂ કરવી જોઈએ નહીં.

૩. જો તમને એવો આભાસ થતો હોય કે સહાધ્યાયીઓની વચ્ચે કોઈ પણ પ્રકારનો અણબનાવ છે તો તેઓના વિચારનો સમાવેશ કરતાં પહેલાં અવશ્ય વિચારણા કરવી જોઈએ. સંભવતઃ આ સંજોગોમાં એવા સહાધ્યાયી પૂર્વગ્રહપ્રેરિત ટિપ્પણી કરશે જેથી તેની નિષ્પક્ષતા પર પ્રશ્ન ચિહ્ન લાગી શકે છે.

## ૧૬.૫ આકલનમાં વાલીઓની ભૂમિકા

અભ્યાસક્રમમાં ઘણી બધી કાર્યવિધિઓ અને રમતોનો સમાવેશ થયેલ હોય છે, જે બાળકોનાં માતાપિતા દ્વારા કરાવવામાં આવતી હોય છે. આપણો અનુભવ છે કે ભાષા, સામાજિક અભ્યાસ, કલાને અંતર્ગત ઘણી બધી વિષયવસ્તુ જેવી બાબતોમાં કેટલાંક બાળકોનાં મા-બાપ પ્રત્યક્ષ ફાળો આપવાને સક્ષમ હોય છે અને તેનું તેઓ ગૌરવ પણ લે છે. બાળકોનાં માતા-પિતા ભણેલાં ગણેલાં હોય એવું જરૂરી નથી. અભણ માતાપિતા પણ શીખવા-શીખવવાની પ્રક્રિયામાં હકારાત્મક સહયોગ આપવાને સમર્થ હોય છે. ગામના મોટેરા-વૃદ્ધો ગામની ઐતિહાસિક બાબતોથી માંડી નાની-મોટી વાતો બાળકોને સમજાવવામાં સક્ષમ નીવડતા હોય છે. એવી જ રીતે ગામમાં વસવાટ કરતા સુથાર, કુંભાર, કડિયા તથા અન્ય કારીગરો બાળકોને નાનાંથી માંડી મોટાં કામ કરવામાં અને વસ્તુઓ બનાવવામાં માર્ગદર્શન પૂરું પાડી બાળકોના આનંદમાં સહભાગી થતા હોય છે. ગામમાં વસવાટ કરતી વસ્તીમાં રહેતા અને શહેરોમાં પણ વસવાટ કરતાં મોટેરા અને વૃદ્ધો સિવાય માટીનાં રમકડાં બનાવવાથી માંડી, સ્થાનિક પરિવેશની અનન્ય જાણકારી બીજું કોણ સુપેરે આપી શકે?

- તમે બાળકોને હરવા-ફરવા લઈ જવા ઈચ્છો છો. બાળકોને એકલા લઈ જવામાં તમે મુશ્કેલી અનુભવો છો. એવામાં શું તમે પ્રવાસ મુલતવી રાખશો કે પછી કોઈ વાલીને આમંત્રણ આપી તેનો સહયોગ મેળવવાનું પસંદ કરશો?
- સ્થાનિક પર્યાવરણની વચ્ચે એવાં કેટલાંય ઝાડ-છોડ છે જેની તમોને જાણકારી નથી, કહો કે કદાચ શિક્ષકોને પણ નથી. બાળકો પૈકી કોનાં મા-બાપ વનસ્પતિજગતની માહિતીથી સૌને જ્ઞાત કરી શકે એવાં છે, એ બાબતની જાણકારી બાળકો પાસેથી મેળવવામાં અસમંજસતા અનુભવશો નહીં.
- તમે એક યા બીજા પ્રકારે માહિતી મેળવેલ હોય કે અમુક બાળકોના મા-બાપ/ભાઈ-બહેન અથવા સગાસબંધી સરળ યૌગિક ક્રિયાઓમાં નિપુણ છે તો તમે તેઓનો સહયોગ પણ મેળવી શકો છો.

- મેળા-તહેવારના આયોજનમાં વાલીઓની ભૂમિકા મોટા પાયે મળી રહેતી હોય છે. સામાજિક પશ્વાદ્ ભૂમિકાને ધ્યાનમાં લેતાં તમોએ એવી વ્યક્તિઓની ભૂમિકા અને સહયોગનું ક્ષેત્ર તથા મર્યાદા નક્કી કરી, યથાયોગ્ય સહયોગ પ્રાપ્ત કરવો જ જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો - ૭**

૧. કાર્યશિક્ષણ સંબંધી પ્રવૃત્તિઓમાં સહાધ્યાયીની ભૂમિકા વિશે તમારા વિચારો દર્શાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

૨. "નિરક્ષર વાલી આકલનની ભૂમિકામાં તમને સહયોગ આપી શકે એમ નથી." આ કથન સાથે તમે ક્યાં સુધી સંમત/અસંમત છો? દાખલા-દલીલ સાથે ઉત્તર આપો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૧૬.૬ પ્રગતિ અહેવાલનો સંદેશો વિદ્યાર્થીઓ અને વાલીઓને કેવી રીતે પહોંચાડી શકાય?

વિદ્યાર્થીઓ અને વાલીઓને તેઓને પ્રગતિ વિષયક માહિતીની જાણકારી આપવી એ ખૂબ જ જરૂરી છે. જો તમોને આકલનનો હેતુ સ્મૃતિમાં હોય તો તમે સમજી શકશો કે જ્યાં સુધી આકલનનાં પરિણામોની બાળકો એ તેના વાલીઓ સુધી ખબર/માહિતી પહોંચશે નહીં, ત્યાં સુધી આકલનના ઉદ્દેશોની પૂર્તિ થયેલી કહેવાશે નહીં.

વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રગતિ વિષયક માહિતીથી માહિતગાર કરવાનાં કારણો આ મુજબ છે -

- વાલીઓને બાળકોની વ્યક્તિગત તથા વિશિષ્ટ સિદ્ધિઓ, જરૂરિયાતો, વર્તન-વ્યવહાર વગેરે બાબતોથી જ્ઞાત કરવા જોઈએ.
- શીખવા માટેની પ્રાપ્ય પરિસ્થિતિ અને ઉપાયોની યોજના બનાવવી જોઈએ.
- બાળકોની રસ-રુચિ, ક્ષમતાઓ, દૃષ્ટિકોણ વગેરેની ઓળખ થાય તે માટે બાળકો અને તેમના વાલીઓને સહાયરૂપ બનવું જોઈએ.
- વાલીઓ અને બાળકોને સ્વ-આકલન માટે પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ.
- આકલન પ્રક્રિયા તરફ સેવાતા ભયનું નિરાકરણ કરી, તેને નામશેષ કરવો જોઈએ.

નોંધ

## ૧૬.૬.૧ માહિતી સંચારની રીતો

પરંપરારૂપે બાળકો વિશે વાલીઓને જે માહિતી વિદ્યાલય તરફથી મળે છે તેને શું કહીશું? તમે સાચા છો કે તેને 'રિપોર્ટ કાર્ડ' અથવા 'પ્રગતિ દર્પણ' કહેવામાં આવે છે. પ્રગતિ દર્પણમાં વર્ષમાં ત્રણ વાર થતી પરીક્ષાઓમાં બાળકે કેટલા ગુણ મેળવ્યા છે, તેની આંકડાવિષયક માહિતી હોય છે. ક્યારેક ક્યારેક 'રિપોર્ટ કાર્ડ' માં બાળકે શાળામાં આપેલ હાજરી, તેનું વાણી-વર્તન, સ્વચ્છતા વગેરે અંગે ટિપ્પણી લખવામાં આવે છે. શું આટલું જ પર્યાપ્ત છે?

જો કે, સતત અને સારગર્ભિત મૂલ્યાંકન હંમેશા ચાલતી રહેતી પ્રક્રિયા છે. તેને વાલીઓ સુધી પહોંચાડવાની રીતો પણ નાવિન્યસભર હોવી જોઈશે. ખાસ કરીને બધા જ વાલીઓ એ બાબતથી માહિતગાર હોય છે કે તેમનાં બાળકો શાળામાં શું કરી રહ્યાં છે અને શું ભણી રહ્યા છે. બીજાં બાળકો ભણવા-ગણવામાં કેવો દેખાવ કરી રહ્યા છે અને તેમનું બાળક અન્ય બાળકોથી કેવી રીતે અલગ પડે છે - આ માહિતીથી પણ વાલીઓ માહિતગાર હોય છે. શિક્ષકો મોટે ભાગે "સારું, ઘણું સારું અને મહેનતની જરૂર છે" એવી ટિપ્પણી કરતા હોય છે. શું તમે આને પર્યાપ્ત ગણશો?

શક્ય હોય ત્યાં સુધી તમારે વાલીઓને સ્પષ્ટ ભાષામાં અને સમજણ પડે તેવા શબ્દો/વાક્યોમાં બાળકો વિશેની વિગતો જણાવવી જોઈએ.

- બાળક શું શું કરી શકે તેમ છે ? તે શું કરવા ઈચ્છે છે ? શું તેમ કરવામાં બાળક કોઈ મુશ્કેલી અનુભવે છે?
- બાળક કઈ રીતે ભણે છે - (પ્રક્રિયાનો ઉલ્લેખ)
- બાળકે કરેલાં કામના નમૂના દર્શાવવા.
- સહયોગ, જવાબદારી, કામમાં રસ દાખવવાની વૃત્તિ, સંવેદનશીલતા, રસ-રુચિ વિશે ચર્ચા કરો.
- વાલી બાળકને કેવી રીતે સહાયરૂપ બની શકે, તેનાં સૂચનો કરો.
- બાળકનાં ઘરનું વાતાવરણ, જીવનશૈલી, કાર્યો અને વ્યવહાર વિશે વાલીઓ પાસેથી માહિતી મેળવો.

## ૧૬.૬.૨ માહિતી સંચાર/ સંદેશા વ્યવહારના મુદ્દાઓ

નીચે દર્શાવેલ મુદ્દાઓ સંબંધે વાલીઓ સાથે સંદેશા વ્યવહાર કરો.

વિદ્યાર્થીનું નામ -

ધોરણ/વિભાગ -

પ્રવૃત્તિનું નામ -

- વિદ્યાર્થી દ્વારા કાર્ય પૂર્ણ કરવામાં વપરાયેલ સમય.
- કાર્યમાં ઉપયોગમાં લેવાયેલ સાધનોની ઉપયોગિતા.
- કાર્યમાં ઉપયોગમાં લેવાયેલ સામગ્રીની ઉપયોગિતા.




- અપનાવેલ ટેકનિક અથવા પદ્ધતિ
- બનાવેલ વસ્તુનો ઉપયોગ.
- આધારભૂત વૈજ્ઞાનિક સિદ્ધાંત
- સમૂહમાં સહયોગ
- કાર્ય પ્રત્યેની તત્પરતા
- સુરક્ષિત રીતે કાર્ય કરવાની પદ્ધતિ
- કાર્યસ્થળની વ્યવસ્થા
- ઉત્પાદિત વસ્તુની રજૂઆત.

જો તમારી પ્રવૃત્તિ ચીજ વસ્તુ ઉત્પાદન કરવાને બદલે સેવાના પાયા પર આધારિત હોય તો મુખ્યત્વે મૂલ્યો અને દૃષ્ટિકોણ સંબંધી મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવાનું રહેશે.

## ૧૬.૭ ઉપસંહાર

મૂલ્યાંકન પ્રક્રિયા એ અધ્યયન - અધ્યાપનની પ્રવૃત્તિનું એક અભિન્ન અંગ છે. અભ્યાસક્રમ દરમ્યાન આ પ્રક્રિયા સતત ચાલતી રહેવી જોઈએ. મૂલ્યાંકનનું પારંપરિક સ્વરૂપ સતત અને વ્યાપક પ્રવૃત્તિ તરફ પૂરતું ધ્યાન આપતું ન હતું. તમોને પણ આ બાજુનો અનુભવ મળ્યો હશે કે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાની ચકાસણી કરવા માટે વધુમાં વધુ પરીક્ષાઓ યોજવામાં આવે છે. અને તેમાંય લેખિત પરીક્ષાઓ પર મોટો આધાર રાખવામાં આવે છે. બદલાતા સમયની સાથે મૂલ્યાંકનના સ્વરૂપમાં પણ પરિવર્તન આવ્યું છે. હવે મૂલ્યાંકનનો સાતત્યપૂર્ણ પ્રક્રિયાના સ્વરૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે અને એવું પણ ધ્યાન રાખવામાં આવે છે કે વિદ્યાર્થી સાથે સંકળાયેલા સઘળાં અંગોના વિકાસ અને આકલન પર ભાર મૂકવામાં આવે એ આવશ્યક છે. શાળા, વિદ્યાર્થી અને શિક્ષકના પક્ષની સાથે સાથે તે સહુની વિદ્વતાને પણ પક્ષ ગણી મહત્ત્વ આપવામાં આવે છે. એક મહત્ત્વપૂર્ણ સત્ય અને ઉલ્લેખનીય બાબત એ છે કે એક ટેકનિક અને સાધનની જગ્યાએ ઘણી ટેકનિકોને આકલનનું માધ્યમ બનાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે એક તરફ એક જ વિદ્યાર્થીનું અવલોકનના આધારે આકલન કરવામાં આવે છે તો બીજી તરફ તે વિદ્યાર્થીએ તૈયાર કરેલી ઉત્પાદિત વસ્તુ વિષે પ્રશ્નો પૂછી, પ્રોજેક્ટમાં તેના જોડાણના આધાર પર તેના પોર્ટફોલિયાને માધ્યમ બનાવી, તેની પ્રગતિ અને સિદ્ધિના સ્તર સાથે જોડાયેલ તથ્યો રજૂ કરવામાં આવે છે. પ્રસ્તુત પ્રકરણના માધ્યમથી તમારા આકલનના વર્તમાન સ્વરૂપ પ્રત્યેની તમારી સમજને વધુ સ્પષ્ટ બનાવવામાં આવી છે. તમે એ પણ જાણી શક્યા છો કે આકલન અને મૂલ્યાંકન સમાનાર્થી શબ્દ નહીં, પરંતુ એકબીજાને પૂરક છે. વ્યાપક મૂલ્યાંકનનો ઉદ્દેશ આપણને સતત રૂપે આકલનની પ્રક્રિયા સાથે જોડાયેલા રાખે છે. તમે એ પણ જાણ્યું કે મૂલ્યાંકનની પ્રક્રિયામાં શિક્ષકની સાથોસાથ સહાધ્યાયીઓ, વાલીઓ અને સ્વયં વિદ્યાર્થીને પણ ભાગીદાર બનાવવો અનિવાર્ય છે. અંતમાં આપે એ બાબતમાં સૂઝ કેળવી હશે કે માત્ર આકલન અને મૂલ્યાંકન જ પર્યાપ્ત થતું નથી પરંતુ સમયાનુસાર વિદ્યાર્થી અને વાલીઓની પ્રગતિના મુખ્ય મુદ્દાઓ વ્યવસ્થિત સંચાર પદ્ધતિના આધારે સંબંધિતોને પહોંચતા કરવા જોઈએ.

નોંધ

## ૧૬.૮ સંદર્ભસૂચિ


1. National Curriculum Frame work 2005, National Council of Educational Research and Training, New Delhi.
2. Creation (Srijan) (2009) Sharda Kumari, District Institute of Education and Training (DIET) Keshav Puram, Delhi.
3. Source Book on Assessment for Class I-V (2000) NCERT, New Delhi.
4. Reflections on School Education Vol.I issue I SCERT, New Delhi


## ૧૬.૯ સ્વાધ્યાય

*નીચે જણાવેલ પ્રશ્નોના ઉત્તર આપો.*

*૧. મૂલ્યાંકનની વ્યાખ્યા કરીને આકલન અને મૂલ્યાંકન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.*

*૨. તમારા અનુભવના આધારે આકલન તેમજ મૂલ્યાંકનના વર્તમાન સ્વરૂપની તુલના તેના પારંપરિક સ્વરૂપ સાથે કરો. તફાવત દર્શાવતા ઓછામાં ઓછા છ મુદ્દાઓ અવશ્ય લખો.*

*૩. મૂલ્યાંકનની પ્રક્રિયામાં અધ્યાપકની સાથે સાથે બીજા કોનો સમાવેશ કરી શકાય અને શા માટે?*

*૪. સમૂહ મૂલ્યાંકન એટલે શું? કાર્યશિક્ષણના સંદર્ભમાં તેના ઉપયોગના કોઈ પાંચ મુદ્દા લખો.*

*૫. તમારા વિદ્યાર્થીઓ જૂનાં છાપામાંથી પરબીડિયાં બનાવી રહ્યા છે. તેનું આકલન કરવા માટે તમે કઈ પદ્ધતિ પસંદ કરશો અને શા માટે?*

*૬. ધોરણ-૭ ના વિદ્યાર્થીઓ શાળા પરિસરને શણગારવામાં વ્યસ્ત છે. મૂલ્યાંકન માટે તમે તેનું અવલોકન કરી રહ્યા છો, તે અવલોકન કરવા માટે તમે કયા મુદ્દાઓનું ધ્યાન રાખશો?*